॥ હરિઃૐ ॥

# મોદ



પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# મોહ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૯૭ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૦ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૮ + ૧૫૮ = ૧૭૬

❑ કિંમત : **રૂ. ૧૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(ત્રીજી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના પ્રસારમાં પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં, જેઓ સક્રિય રહી શક્યા છે અને એ પ્રકારે સાંસારિક મોહાદિના સંસ્કારોથી પર થવા જેઓ મથામણ કરી રહ્યા છે, એવા અભ્યાસુ અમદાવાદ નિવાસી

**શ્રી કાંતિભાઈ રામજીભાઈ નાવડિયાને**

અને

**શ્રીમતી મંગલાબહેન કાંતિભાઈ નાવડિયાને**

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'મોહ'** પુસ્તકની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૦

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

# શ્રી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ પટેલ
# તથા
# શ્રી રાજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલને
# સપ્રેમ સમર્પણાંજલિ
## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

રેણુકા રાજુ બંને શાં કૃપાથી મુજને મળ્યાં !
આમંત્રેલાં નથી, પોતે મેળે કેવાં પધારિયાં ! ૧

શાં એકાકાર સેવામાં, કશો સેવાની બાબતે
-સંકોચ તેમને ના છે, રાત્રીએ શાં ખડાં પગે ! ૨

શી અગવડ, મુશ્કેલી વેઠ્યાં કરેલ ભાવથી !
દર્શાવ્યો છે ન કંટાળો, એવા શા મુજ ભારથી ! ૩

બાળકો બેઉને મૂકી સુરત આશ્રમે ચહી
-મારી સેવાતણા અર્થે રેણુકા સાથમાં ચઢી ! ૪

કૃપાથી રાજુ-માતાએ સેવામાં સંમતિ દઈ
-ઉપકાર કરેલો છે કેવો મારા પરે ચહી ! ૫

અનિલાએ ખરે ટાણે સેવામાં સ્હાય કીધી છે,
જયંતીભાઈએ કેવો સહકાર દીધેલ છે ! ૬

ઉપકાર કરેલાનો બદલો શકું વાળી ના,
બદલો વાળવાની તો તાકાત મુજ પાસ ના. ૭

ખરેખરો હું આ સૌનો માનું આભાર દિલથી,
નીતર્યા ભાવથી હું તો અર્પું સમર્પણાંજલિ. ૮

તા.૫-૯-૧૯૭૩ **-મોટા**

હરિઃૐ આશ્રમ, સુરત-૫

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

સને ૧૯૭૩ના ઑગસ્ટની ૧૩મીની સાંજે દક્ષિણપ્રવાસમાંથી અમે સુરતના આશ્રમે આવ્યા. શ્રી ચંદ્રકાંતભાઈ મહેતા અમને બારડોલી તાલુકાના વાઘેચા ગામે પૂજ્યશ્રી મૌની બાપુજીના આશ્રમે લઈ ગયા હતા. મુંબઈથી છેક વાઘેચા ગામ સુધી અમે મોટરમાં જ આવ્યા હતા, અને ૧૩મીની સવારે લગભગ ૯-૩૦ વાગ્યે તે આશ્રમે પહોંચ્યા હતા. તે આશ્રમેથી બપોરે ૩ વાગ્યે અમે નીકળ્યા અને રાંદેર, કુરુક્ષેત્રના આશ્રમે તા. ૧૩-૮-૧૯૭૩ના રોજ સાંજે અમે ૪-૩૦ વાગ્યે આવી પહોંચ્યા હતા.

ત્યારે સુરત આશ્રમમાં એક બહેન ૪૯ દિવસના મૌનમાં બેસીને તે જ દિવસે બહાર નીકળ્યાં હતાં. તે બહેને મને કહ્યું, ‘મોટા, તમે જિજ્ઞાસા, શ્રદ્ધા, ભાવ, નિમિત્ત વગરે વગેરે પર બધું લખ્યું, તો હવે તમે **‘મોહ’** પર લખો તો સારું.’ મેં તે બહેનને કહ્યું, ‘બહેન, લખતાં તો વાર નહિ થાય, પરંતુ તે છપાવવા કાજે જે રકમ જોઈએ તે આપવાની ઉમકળાભેર તમારી તૈયારી હોય તો કહેજો. કલમ તૈયાર છે.’ તે બહેને તે બાબતમાં સંમતિ દર્શાવી ને છપાવવાને માટે જે ખર્ચ થાય, તે બધો જ ખર્ચ પોતે આપવાની પ્રેમથી તત્પરતા દર્શાવી. આ હકીકત બની તા. ૧૩-૮-૧૯૭૩ની સાંજે.

તા. ૧૫-૮-૧૯૭૩ના રોજ અમે વડોદરા હતા, ત્યાં બપોરના આરામ કરતી વેળા **‘મોહ’** ઉપર દસેક કડીથી શુભ શરૂઆત થઈ. તે પછીથી ધીમે ધીમે **‘મોહ’** પર લખાતું ગયું. તેમાં કેટલાક દિવસ તો મુદ્દલે લખી શકાતું ન હતું. દસબાર માસ પહેલાંનો લખવાની બાબતનો જુસ્સો આ **‘મોહ’**ના લખાણમાં પ્રગટી જ શકતો ન હતો. એટલે શ્રીહરિકૃપાથી એમ નક્કી થયું કે જ્યારે તે લખવાની

બાબતનો ભાવ જાગે ત્યારે જ **'મોહ'** ઉપર લખવું. આમ, કટકે કટકે થઈને **'મોહ'** ઉપર તા. ૪-૯-૧૯૭૩ સુધીમાં બધું લખાયું.

મોહનાં કેટકેટલાં પાસાં ! તે વિશે ઝાઝું વિચારવાનું બન્યું નથી. તે બધું આપમેળે લખાયા ગયું છે.

મોહનાં પ્રત્યક્ષ લક્ષણો, મોહ કઈ રીતે ઘટે કે મોળો પડે, ક્યારે ન હોય તે, મોહ મોળો પડે ત્યારનાં લક્ષણો, અને કઈ સ્થિતિમાં મોળો પડે, આ બધું શ્રીહરિકૃપાથી તેની તેની યોગ્યતા સાથે અને તેનાં તેનાં તે પરત્વેનાં લક્ષણો સાથે, ને તે તે બધું તેની યથાયોગ્યતામાં સમજી શકાય ને બુદ્ધિથી સ્વીકારી શકાય તેવી રીતે શ્રીહરિકૃપાથી લખાયું છે. મોહના પ્રારંભમાં જે રીતની શરૂઆત છે અને અંતમાં જે રીતે તેનું સમાવર્તન થયું છે, તે વાચકે જરા ગંભીરતાથી ને લક્ષ દઈને વાંચવાની જરૂર છે.

આમાં કેટલાક તદ્દન ઘરગથ્થુ શબ્દોનો પણ ઉપયોગ થયેલો છે. તદ્દન ગામડામાં બોલાતી ભાષાના શબ્દનો પણ ઉપયોગ આ જોડકણાંમાં થયેલો છે. વસ્તુને તદ્દન સરળ બનાવવાને કાજે, આવા હેતુના જ્ઞાનભાન સાથે તેમ થયેલું છે. એમ કરવા જતાં કદીક કાવ્યનો ગુણ ઊડી જતો હોય એવું પણ બને. જોકે આ 'મોહ'નું સર્જન જે થયેલું છે, તે તો છે માત્ર જોડકણાં. એટલે એમાં કાવ્યના ગુણદોષનો સવાલ રહેતો જ નથી.

શ્રીહરિકૃપાથી મારે શબ્દના સોદાગર થવું નથી. તેમ પંકાતી જતી હોય તેવી હરોળમાં બેસવાની દિલની ખેવના પણ નથી. શ્રીહરિની કૃપાથી લખતાં લખતાં જેમ જે આવ્યું છે તે તેમ ને તેમ રખાયું છે, ક્યાંય પણ કશું મઠારવાનું કરેલ નથી. વિદ્વત્તાભર્યા લખાણમાં કદીક કદીક બાહ્યાચારની બોલબાલા ને વાતોની વણઝાર હોય છે. આ હકીકત કોઈને અન્યાય કરવા કે થવા નથી લખી, પરંતુ કંઈ પણ કશા પરત્વે અતિશયોક્તિભર્યો ઝોક ન અપાય, તે જ યોગ્ય છે ને તે જ દૃષ્ટિબિંદુ સાચવવાનો આ જોડકણાંમાં મારો નમ્ર પ્રયાસ છે.

વળી, આ 'મોહ' પરનું લખાણ શ્રેયાર્થીને ઉદ્દેશીને પણ છે. જરાતરા, થોડીઘણી મોહની વૃત્તિથી છુટકારો થાય તેવું જેને યત્કિંચિત્ સળવળેલું છે, તેવાઓને ઉદ્દેશીને પણ આ લખાયેલું છે. શ્રેયાર્થીનો માર્ગ પણ વળી સર્વથી નોખો હોય છે.

જેમાં ને તેમાં હરેકમાં તે તે પ્રત્યેક ક્ષેત્રની સાંપ્રદાયિકતા હોય છે. એટલું જ નહિ પરંતુ તે ઘૂંઘટથી વીંટળાયેલી પણ હોય છે. એટલે શ્રેયાર્થીમાં જો સાચે જ મર્યાદાતીત એવું જ ચેતન બ્રહ્મ છે, તેને જ જો અનુભવવાની જ્વાળામુખી જેવી ભડભડતી અને ધગધગતી જિજ્ઞાસા પ્રગટેલી હશે, તો તેવા શ્રેયાર્થીએ અનેક પ્રકારની સમજણો, ટેવો, આગ્રહો ને પ્રત્યેક ક્ષેત્રની સાંપ્રદાયિકતાને પણ પ્રેમથી તેના હેતુના જ્ઞાનભાન સાથે છોડવાની તો રહેશે જ, ને આમ, શ્રેયાર્થીનો તો ચીલો જ હોતો નથી. તેણે પોતે કરીને પોતાને આગવો ચીલો પાડવાનો રહે છે. તો આવી જ કોઈ સમજણથી જે કોઈ શ્રેયાર્થી હોય, તેમણે તેમણે 'મોહ' પરનાં મારાં આ જોડકણાં તેવા હેતુથી વાંચવાં, એવી મારી નમ્ર વિનંતી છે.

જીવનનાં સઘળાં જ મૂલ્યો બદલાયા વિના-તે પણ તેની સમગ્રતાથી ને તેની સંપૂર્ણતાથી-ચેતનનો અનુભવ થવો કદાપિ શક્ય નથી. તેથી જ આવા પ્રકારનો જે ભાવનાત્મક પુરુષાર્થી છે, એ તો ક્રાંતિવીર હોય છે. જેમાં ને તેમાં એને તો નૂતન ક્રાંતિના નૂપુરઝણકાર સંભળાતા હોય છે. એની કેડી તો એણે પોતે આગવી પાડેલી છે. એવો પછી કોઈની સાથે કેવી રીતે મળતો આવી શકે ? એવાને કોઈની સાથે સરખાવી નહિ શકાય, સરખાવાય જ નહિ. એવો જે કોઈ છે તે તો સાચો જ મરજીવો છે.

બ્રહ્મ જેમ સંપૂર્ણ સમગ્રતાને સ્પર્શે છે, તેવી રીતે જ બ્રહ્મનો અનુભવી પણ કોઈ ને કોઈ રીતે સમગ્રતાને સ્પર્શતો હોવો ઘટે. તેની ભાષા પણ એવી હોય કે જે સમગ્રતાને સ્પર્શે. એટલે કે તે એવી હોય કે તદ્દન અભણ અને ગામડામાં રહેતા માણસને પણ

સમજાય. તેનાં કર્મ પણ સમગ્રતાને સ્પર્શે એવાં જ હોય. આવી મારી અંગત સમજણ હોવાથી શ્રીહરિકૃપાથી જે જે કાંઈ લખાણ લખાયાં છે, તે બધાં જ સમજવામાં સરળ છે. વળી, જે યજ્ઞકર્મ શ્રીહરિકૃપાથી લેવાયાં છે, એ પણ સમગ્રતાને સ્પર્શે એવાં છે.

અનુભવીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ અમર્યાદિત છે, તે કદાપિ સંકુચિત ન હોઈ શકે ને કદાચ હોય, તો તે યોગ્ય પરિપૂર્ણ, પરિપક્વ અનુભવી ન ગણાય, એવી મારી ગાંડીઘેલી સમજણ છે. 'મોહ'ને સમજાવવા બહુ લાંબું જવું પડે તેમ નથી. 'મોહ'ને તો બધાં જ બરાબર જાણે છે. જે તે બધાં મોહમાં પડેલાં જ છે, કિંતુ તેવું તેમને તેમને તે પરત્વેનું કશું જ ભાન જાગતું હોતું નથી. એ જ મોટામાં મોટી મોહની માયા છે. આ 'મોહ' વાંચવાથી 'મોહ'ની સંપૂર્ણ સ્પષ્ટતા, કાંઈ નહિ તો બુદ્ધિની સમજણમાં તો આવી જશે જ.

આ 'મોહ'નું સર્જન સાહિત્યરસિકો કરતાં શ્રેયાર્થીને માટે શ્રીહરિકૃપાથી લખાયેલું છે. તેથી, સાહિત્યને ન શોભે એવું પણ કેટલુંક તેમાં છે, જેમ કે :-

મોહને શો ચટાકો છે ! ચાટ્યા કરે જ ચાટને !
છતાં જાય હડાકો ના, એવો શો મોહ લટ્ટુ છે !

આ લીટીઓથી કદાચ કોઈની રસિકતાને ખૂંચે એવું લાગે, તો તેવા મને માફ કરે, પરંતુ મોહ પ્રત્યક્ષપણે તેવો જ છે. મારે તો જેવો મોહ છે, તેને તેના સ્પષ્ટ, નગ્ન સ્વરૂપમાં દર્શાવવાનો છે, કે જેથી કોઈ શ્રેયાર્થી તેને જો યોગ્ય રીતે સમજી શકે ને જો તેની શ્રીહરિ પરત્વેની ભાવનામાં અભિમુખતા જાગી શકી હોય, તો મોહનાં એવાં દર્શનથી મોહ તેને ખરેખરા અર્થમાં ઊંડો હૃદયથી હૃદયમાં ડંખવા લાગે, તો મોહ મોળો જરૂર પડી શકે છે. ખરી રીતે તો શ્રેયાર્થીનું આત્મલક્ષણ મોહથી ઊર્ધ્વક્ષેત્રનું જેમ જેમ જીવતું ને ચેતનાત્મક પ્રગટ્યા કરતું રહે છે, તેમ તેમ જીવદશાનાં કામક્રોધાદિ વલણ મોળાં પડતાં જતાં જ હોય છે, એવો શ્રીહરિકૃપાથી પ્રત્યક્ષ અનુભવ છે.

એનો એ જ મોહ અનુભવીનો વળી શ્રીહરિભાવના ક્ષેત્રમાં કોઈ અનન્ય ભાવથી તેવા તેવા જીવના ક્ષેમ-કલ્યાણના હેતુ અર્થે જ્ઞાનભક્તિપૂર્વક પ્રવર્તતો હોય છે, તેને તો કોણ પિછાની શકે ? તેવા ચેતનાનિષ્ઠ અનુભવીનું મોહનું વલણ મોહનું દેખાતું હોવા છતાં તેવા ચેતનાનિષ્ઠે પોતાના શ્રીહરિના ભાવનું પ્રત્યક્ષ દર્શન શુદ્ધ પ્રયોગાત્મક રીતે તેમને તેમને કરાવેલું જ હોય છે. એણે પોતાના દિલના ભાવને એમ જીવદશાના કામક્રોધાદિથી તદ્દન સ્વતંત્રપણે સહજ ભાવે સ્વયંસિદ્ધ શ્રીહરિકૃપાથી પ્રવર્તમાન થયેલો અનુભવ્યો હોય છે. આમ, કામ, ક્રોધ, મોહાદિ જીવદશાના જુદા હોય ને તેના તે જ ઊર્ધ્વ દિવ્ય ચેતનાના પ્રદેશના પણ જુદા હોય.

માતા, બાળકનો મળ સ્વચ્છ કરે, ને એક હરિજન ભાઈ તેમ કરે, બંનેની પ્રક્રિયા એકની એક જ, છતાં બંનેના મનોભાવમાં ફરક. તેવું તેવું કામ, ક્રોધ, મોહાદિનું સમજવાનું છે.

સામાન્ય માનવીને પણ આ 'મોહ' સમજાય તેવો છે, પરંતુ માત્ર ખાલી ખાલી સમજવાથી તે ટળી શકે તેવો પણ નથી. તે કેમ અને ક્યારે ટળે એ વિશે પણ શ્રીહરિકૃપાથી લખાયું છે જ.

'મોહ'ને મોહદશામાં રહીને, તેવી ભૂમિકામાં જીવીને, કદી પણ મોળો નહિ પાડી શકાય. મોહથી ઊર્ધ્વ પ્રકારના મનનચિંતવનમાં, અને તે પરત્વેના એકધારા ભક્તિપૂર્વકના, પુરુષાર્થવાળા જિજ્ઞાસા- પૂર્વક લાંબાગાળાના, સદ્‌ભાવથી અને હેતુપૂર્વકના અભ્યાસથી તેમાં નવચેતન અને પ્રાણ જીવતાં જાગતાં થતાં, ને તે તે બધું ચેતનાત્મકપણે પ્રગટતાં, ને પાછું તે અખંડ થતાં, 'મોહ' ટળતો હોય છે. આ હકીકત પરત્વેનું લખાણ બને તેટલું સ્પષ્ટ આ જોડકણાંમાં લખાયું છે ખરું.

આ 'મોહ'નાં જોડકણાંમાં એકની એક હકીકત કદીક ફરી ફરી આવતી લાગે, તો વાચક મને માફ કરે. જે હકીકત વાચક કે શ્રેયાર્થીના દિલમાં ખાસ દૃઢાવવાની હોય, તે હકીકત વારંવાર

દોહરાવાય, તો જ તેના મનમાં તે ઘોળાય ખરી, તેવા હેતુથી કેટલુંક પુનરાવર્તન થયું છે ખરું. ખાસ કરીને શ્રેયાર્થીને માટે તો તેવું તેવું યથાયોગ્ય જ છે, તેવો મારો પોતાનો અનુભવ છે. જીવનવિકાસના ક્ષેત્રમાં વિકાસને સાનુકૂળ હોય એવી હકીકતના પુનરાવર્તનને યોગ્ય ગણેલું છે. તેમ છતાં તેવું પુનરાવર્તન આ જોડકણાંમાં કોઈકને ડંખે કે દોષ જેવું લાગે, તો તે સર્વની હું ક્ષમા માગી લઉં છું.

આવું બધું જે લખાયું છે, તે તો ભાઈ નંદુભાઈના દિલના મળેલા સંપૂર્ણ સહકારથી. આશ્રમનું દરેક પ્રકારનું કર્મ તેમણે પ્રેમથી માથે ઉપાડી લીધેલું છે અને તેમણે મને બને તેટલો નવરો જ રહેવા દીધેલો છે. સવારે આશ્રમમાં બધાં આવે કરે તેમની સાથે હળવા-ભળવાનું, વાતો કરવાનું થાય છે, તેટલા સમય પૂરતો કદાચ રોકાયેલો લાગું, પરંતુ તેમાં પણ ભાઈ નંદુભાઈનો દિલનો સહકાર મને છે અને આ બધું તેમણે પ્રેમથી ઉપાડી લીધું છે, તેથી તો મારાથી જિવાય છે. મારા શરીરને વેદનાકારક જે દર્દો છે, તેની પીડા દિવસે દિવસે વધતી જ જાય છે. શરીર ઘરડું થતું જાય છે ને રોગ જુવાન થતા જાય છે. વેદના હવે તેની મર્યાદાની બહાર તો ક્યારનીયે ચાલી ગઈ છે. ભાઈ નંદુભાઈએ જો મને પ્રેમથી આરામ આપ્યો ન હોત, તો આ જે બે વર્ષમાં શ્રીહરિકૃપાથી સર્જન થયું છે, તે કદાપિ બની શક્યું ના હોત. આશ્રમનાં બધાં જ કામકાજમાંથી હું તો હવે નિવૃત્ત જેવો જ છું. ભાઈ નંદુભાઈ તો હવે મારા માટે શ્રીભગવાનની કૃપાપ્રસાદી છે. હવે, તેઓ જ કર્તાહર્તા છે. તેથી, મારી સાથે સંબંધમાં આવેલાંઓને પ્રાર્થના છે કે તેઓ ઓછામાં ઓછો પત્રવહેવાર કરે. તે પ્રમાણે મિત્રોમાં, આશ્રમની સાથે સંકળાયેલાં ભાઈબહેનોમાં તેવી સમજણ ફેલાવે.

જેથી, ભાઈ નંદુભાઈને થોડીઘણી રાહત રહે. રાતના ઘણા મોડા સુધી તેમને કામ કરવું પડે છે, તે ભલે તેમનું તપ હોય ને તેમાં તેમને બિલકુલ કદી કંટાળો આવતો નથી, તેનો હું સાક્ષી છું. કર્મનો પ્રેમથી સ્વીકાર કરવાથી ને કર્મમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થવાથી, જીવનમાં કેટલું મળે છે, તે તો તે પ્રકારના અનુભવી જ સમજી શકે. કેટકેટલી નવી નવી દૃષ્ટિ, સમજણો, ઉપાયો ને ઉકેલો પણ સૂઝે છે. પળેપળ કર્મમાં પરોવાયેલા જ રહેવું તે ભાઈ નંદુભાઈની પ્રસાદી છે. અને તેથી જ આટલાં બધાં દર્દની મર્યાદાતીત વેદના હોવા છતાં માત્ર તેમને જ કારણે મારાથી આનંદમાં જીવી શકાય છે. બધી જ ગડમથલો, પ્રશ્નો અને ગૂંચો જે બધી પ્રગટે છે, તેનો તેઓ સારો ઉકેલ કરે છે. તેમના શરીરની ઉંમર પણ લગભગ ૭૦ થવા આવી છે. અને શરીરની તે ઉંમરમાં સતત, એકધારું, થાક્યા વિના કર્મ કર્યા કરવું તે નાનીસૂની હકીકત નથી.

ભાઈશ્રી ઇંદ્રવદન શૅરદલાલને ત્યાં મારી બધી છપાયેલી ચોપડીઓનો મોટો ઢગલો થઈ ગયો છે. ને તેમના મકાનમાં તે બધી ચોપડીઓએ ઘણી બધી જગા રોકી લીધેલી છે. તેથી, તેમાં હળવાશ થવા, મારી સાથે જે ભાઈબહેનો સંકળાયેલાં છે ને લાગણી ધરાવે છે, તેમને મારી વિનંતી છે કે તેઓ ચોપડીઓ વેચી આપવાનું કામ કરે - કરાવે ને તેવી રીતે તેટલી મદદ તેઓ આશ્રમને આપે. લાગણી તો ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ છે. સાચેસાચ જો તેવા લોકોને લાગણી હોય, તો તે તેવું પ્રત્યક્ષ થાય, અને તો જ લાગણી છે તેવું ગણાય. કોક કોક ભાઈ થેલીમાં મારાં છપાયેલાં પુસ્તકો રાખીને જ ફરે છે, ને જ્યાં ત્યાં બધે વેચવાનું કામ કરે છે. તેવા ભાઈઓનો પણ હૃદયથી ઘણો ઘણો આભાર માનું છું.

વળી, કોઈક કોઈક જેઓએ મારી પાસે લખાવ્યું છે ને તે લખાણ પ્રકાશન પામ્યું ત્યારે તે પુસ્તક વેચી આપવાનું પણ કેટલાંકે કર્યું છે. તેથી, આશ્રમને તેટલી રોકડી રકમ પણ મળી ગઈ, ને તે કાજે પણ તેવા ભાઈઓનો હૃદયથી આભાર માનું છું.

આ કાવ્ય નથી, માત્ર જોડકણાં છે. શ્રીહરિકૃપાથી અનુષ્ટુપ છંદ મને ફાવી ગયો છે. શાસ્ત્ર પ્રકારનું કાંઈ પણ કશું હોય તો અનુષ્ટુપમાં જ લખાય છે, તેવો સામાન્યપણે ઘણાં ઘણાં વર્ષોથી રિવાજ પડી ગયેલો છે. તેથી, આ 'મોહ' ઉપરનું લખાણ અનુષ્ટુપમાં લખાયેલું છે. તેની યથાર્થતા કેટલી યોગ્ય છે તેનો તો વાચકો જ ન્યાય કરશે.

માનસશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી ઇંદુકુમાર જેવા પાસે આ 'મોહ'નાં જોડકણાંનો ઘાટ ઘડાયો છે. તેથી, હું રાજી થાઉં છું, કારણ કે છેવટે તો 'મોહ'ને મનાદિકરણ સાથે જ જીવતોજાગતો સંબંધ હોય છે. એટલે 'મોહ'નું લખાણ તેવી રીતે જોતાં બરાબર બંધબેસતું છે કે નહિ, તેનું તુલનાત્મક અન્વેષણ ને અભ્યાસ તો તેમના જેવા જ કરી શકે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ.

તા. ૧૦-૯-૧૯૭૩ **-મોટા**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ તાજેતરમાં જ 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મ-ઉપાસના', 'સ્વાર્થ', 'સદ્‌ગુરુ' વગેરે આધ્યાત્મિક વિભાવનાને સ્પષ્ટ કરતાં શાસ્ત્રો એક પછી એક લખીને પ્રગટ કર્યાં છે. તે જ શ્રેણીનું આ પુસ્તક **'મોહ'** પણ શ્રેયાર્થી અને જીવનવિકાસાર્થે મથનાર તમામ માટે ઉપકારક નીવડે એવું છે.

પૂજ્ય શ્રીમોટા એમની માત્ર ઈચ્છાથી કશું જ લખતા નથી. કોઈ શ્રેયાર્થી પોતાના મંથનના ઉકેલરૂપે કંઈક લખવાનું સૂચવે તો પ્રભુકૃપાથી લખે ખરા, પરંતુ સૂચન કરનાર એ પુસ્તક પ્રકાશન અને થોડીક વેચાણ માટેની પણ જવાબદારી ઉઠાવવાની તત્પરતા દાખવે તો જ.

**'મોહ'** ઉપર લખવા માટેનું આવું જ એક સૂચન એક બહેને સુરત આશ્રમમાં પોતાના લાંબા મૌનગાળાના અંતે કર્યું. ઉપરની શરતોને આધીન રહી કંઈક અંશે મોહ છોડવાનું અમલમાં મૂકવાનું બને એ માટે પ્રકાશનની રોકડ રકમની અવેજીમાં સુવર્ણ બંગડીઓ ફરી ન કરાવવાના નિર્ણય સાથે આપવાનું પૂજ્યશ્રીનું સૂચન એ બહેને સહર્ષ સ્વીકાર્યું. આ રીતે **'મોહ'** પ્રકાશનનું એ નિમિત્ત બન્યાં છે. એ બદલ હરિઃૐ આશ્રમ તરફથી એમનો હાર્દિક આભાર માનીએ છીએ.

'મોહ' વિશે પૂજ્ય શ્રીમોટાએ ૧૬૦૦ જેટલા શ્લોકો લખ્યા છે. એનું વિવિધ વિષયવાર વર્ગીકરણ કરીને તર્કયુક્ત રીતે ક્રમબદ્ધ કરવાનું અને જોડણીશુદ્ધિની ખંતપૂર્વકની જાળવણી સહિત પ્રેસકોપી તૈયાર કરવાનું કાર્ય પ્રેમપૂર્વક પ્રા. શ્રી ઈંદુકુમાર દેસાઈએ કર્યું એ અમારે માટે ઘણા આનંદની વાત છે અને અમે એમનો હૃદયપૂર્વક ઘણો ઘણો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાના શરીરનો જન્મદિવસ ભાદરવા વદ ચોથના રોજ આવે છે. તે નિમિત્તે એક ઉત્સવ શ્રી રમણભાઈ મથુરભાઈ

પટેલ (બંસીધર ગ્રુપ, અમદાવાદ)ના નિવાસસ્થાને ઊજવવાનું નક્કી થયું હતું, પરંતુ રેલસંકટને કારણે પૂજ્ય શ્રીમોટાના સૂચનથી એ બંધ રાખવામાં આવ્યો હતો. આ પરિસ્થિતિના સંદર્ભમાં જન્મદિનની પૂર્વસંધ્યાએ બપોર પછી શ્રી રમણભાઈના નિવાસસ્થાને **'મોહ'**નું સમૂહવાંચન પ્રા. શ્રી અનુપરામ ભટ્ટના મધુર કંઠે પૂજ્ય શ્રીમોટાના સાંનિધ્યમાં શરૂ થયું હતું. આ માટે પ્રા. શ્રી અનુપરામ ભટ્ટના અમો અત્યંત આભારી છીએ.

સમૂહશ્રવણ માટે સર્વ શ્રી રમણભાઈ મથુરભાઈ પટેલ અને એમના કુટુંબીજનો, કાંતિભાઈ કાંટાવાળા, માનવમંદિર ટ્રસ્ટવાળા કનુભાઈ દવે, ઈંદ્ર વસાવડા, રમાકાંત જોશી, અનુપરામ ભટ્ટ, રમેશ ભટ્ટ, ઈંદુકુમાર દેસાઈ, કાંતાબહેન નંદલાલ શાહ, સરોજબહેન કાંટાવાળા, ઊર્મિલાબહેન દલાલ, ઈચ્છાબહેન દેસાઈ, કલાબહેન દેસાઈ વગેરેએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. અધૂરું રહેલું વાંચન બીજે દિવસે એટલે પૂજ્ય શ્રીમોટાના જન્મદિવસે શ્રી લાલજીભાઈ ચૌહાણના ઘેર બપોર પછી આગળ ચાલ્યું હતું. તે વખતે ઉપર નિર્દેશેલ સ્વજનો ઉપરાંત, શ્રી લાલજીભાઈ અને એમના કુટુંબીજનો, શ્રી લલિતચંદ્ર દલાલ, મીનાક્ષીબહેન દલાલ, કવિ હેમંત દેસાઈ વગેરેએ હાજરી આપી શ્રવણનાં સહભાગી બન્યાં હતાં, તેની નોંધ લેતાં આનંદ થાય છે.

દર વખતની જેમ આ વખતે પણ મે. એલેમ્બિક પ્રેસ, વડોદરાએ ટૂંક સમયમાં અને સારી રીતે **'મોહ'** ને પ્રસિદ્ધ કરવામાં જે ઉત્સાહ અને કાળજી દાખવ્યાં છે, તે કેમ ભુલાય ? આ માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ.

અંતમાં, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનાં વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કાર્ય માટે જ વપરાય છે. આથી, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો સૌ કોઈ ખરીદીને જ વાંચે અને તે ખપાવવામાં સહાય કરે એવી અમારી વિનંતી છે.

હરિ:ૐ આશ્રમ, નડિયાદ. **નંદુભાઈ શાહ**
તા. ૪-૧૦-૧૯૭૩ મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિચરિત **'મોહ'**નું પ્રથમ પ્રકાશન સને ૧૯૭૩માં થયું હતું, તે પછી ચોવીસ વર્ષે એટલે કે ૧૯૯૭માં તેની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી. હાલમાં આ પુસ્તક અપ્રાપ્ય હોઈને તેર વર્ષ બાદ તેની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવપૂર્વક અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને પૂરા સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તેઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૦ **ટ્રસ્ટીમંડળ,**

હરિઃૐ આશ્રમ, સુરત.

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મોહ ઉદ્‌ભવ ........................ | ૧ |
| ૨. | મોહદશા ............................ | ૯ |
| ૩. | મોહવિસ્તાર ........................ | ૩૦ |
| ૪. | જીવદશાનો મોહ ..................... | ૭૮ |
| ૫. | મોહમુક્તિ .......................... | ૮૬ |
| ૬. | અનુભવીનો મોહ .................... | ૧૧૬ |
| ૭. | મોહમુક્તિની કથની.................. | ૧૨૪ |
| ૮. | 'મોહગાથા'નું પ્રાગટ્ય ................ | ૧૪૨ |

# મોહ

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

॥ હરિઃૐ ॥

# ખંડ ૧ લો : મોહ ઉદ્ભવ

(અનુષ્ટુપ)

જે તે-ના મૂળમાં આત્મા, શક્તિ, વા, તેજ, પાણી ને
-પૃથ્વીના તત્ત્વરૂપે છે શો છુપાયેલ ગૂઢ તે ! ૧

જેમાં તેમાં જ આત્મા છે તેમાં તેમાં જ તે રૂપે,
પોતે જ્યાં જ્યાં પૂરેપૂરો આત્મા સંપૂર્ણ તેમ છે,
આત્મા આકાશમાં પોતે સ્વયં આકાશરૂપ છે,
તેજ, વા, જળ, પૃથ્વીમાં આત્મા તે તે સ્વરૂપ છે,
આત્મા પ્રકૃતિમાં, આત્મા સંપૂર્ણ પ્રકૃતિ રીતે. ૨-૩

પ્રકૃતિમાં પૂરેપૂરો વર્તે પ્રકૃતિરૂપ તે,
પોતે પોતાનું સર્વસ્વ આત્મત્વ પ્રકૃતિ વિશે
-કેવું વિલીન સંપૂર્ણ મેળે કરી દીધેલ છે,
પોતે પોતાપણું ખોઈ નિજને શું ભૂલી જઈ,
માત્ર તદ્રૂપ સંપૂર્ણ તેમાં તેમાં થયેલ છે. ૪-૫

પોતાની જાતને આત્મા કરી દે છે વિલીન જે,
પોતે સ્વાર્પણ સંપૂર્ણ તદ્રૂપ થૈ જતો જ છે,
પ્રકૃતિમાં પૂરેપૂરો પછી પ્રકૃતિરૂપ છે,
રંગેઢંગે પછી પોતે રમે પ્રકૃતિના પટે. ૬-૭

સમર્પાતાં સમર્પાતાં, થયો સ્વાર્પણ પૂર્ણ તે,
જે જે રૂપે જ છે તેના ધરે છે ગુણધર્મ તે. ૮

પ્રકૃતિ જડ જો માત્ર એકલી હોત જીવને,
ફેરફાર જુદા જુદા તો થૈ શકે જ શી રીતે?
પ્રકૃતિમાં થતા રહેતા ફેરફાર નવા નવા.
ચેતન પ્રકૃતિ વિશે નિશ્ચે રહેલું જાણ ત્યાં. ૯-૧૦

આત્મા સ્વભાવ પોતાને જેવો જેવો પ્રદેશ છે,
આત્માનો તે પ્રમાણેનો વેશ શો પલટાય છે. ૧૧

જેવો જે રૂપ સંપૂર્ણ આત્મા પોતે બનેલ છે !
તેનાં બધાંય પાસાંમાં પાછો તદ્રૂપ ખાસ છે. ૧૨

પ્રકૃતિદેશનો આત્મા, **જીવ** તેને ગણાય છે,
દ્વંદ્વ ને ગુણમાં એની રમત ભવ્ય હોય છે. ૧૩

પ્રકૃતિમાંહી આત્માનો વેશ છે દ્વંદ્વગુણનો,
તે ત્યાં પ્રત્યક્ષ તે રૂપ, તાદૃશ્ય તે પ્રમાણ છે. ૧૪

અનેક રસ લેવાને આત્મા **જીવ**રૂપે જ છે,
અનેક જન્મ તે અર્થે ધરે નવા નવા જ તે,
રસ પ્રકૃતિના ક્ષેત્રે પીવા છતાં ધરાય ના,
તેથી તો જન્મનો છેડો આવે કેમે કદાપિ ના. ૧૫-૧૬

દ્વંદ્વગુણની માયામાં જાણીબૂજી પૂરેપૂરું
-પોતે ભૂલી જ પોતાને થયો છે **જીવ**રૂપ શું ! ૧૭

દ્વંદ્વ ને ગુણના પાછા જુદા જુદા વિભાગ છે,
એમાંનો એક તો કેવો મોહનોય વિભાગ છે. ૧૮

આત્માનો ગુણ 'તાદાત્મ્ય', મોહનું પણ તેવું છે,
આત્મા સજ્ઞાન સંપૂર્ણ, અજ્ઞાન મોહમાં જ છે. ૧૯

આત્માનો રસ જુદો છે, મોહનો રસ શો જુદો !
રસ તારવતો એક, બીજો કૈં ના સુઝાડતો. ૨૦

છે ગુણધર્મ તો મોહ પ્રકૃતિ-અંગનો ખરે,
મોહપાસ વડે જેને તેને શું આવરી જ લે ! ૨૧

ઊર્ધ્વ ને નિમ્ન એવા બે પ્રકૃતિના વિભાગ છે,
નિમ્ન પ્રકૃતિમાં મોહ, કામ, ક્રોધાદિ સર્વ છે. ૨૨

નિમ્નમાં નિમ્નથી નિમ્ન પ્રેમનું જે સ્વરૂપ છે,
નિશ્ચે પ્રકૃતિના ક્ષેત્રે તેને મોહ પ્રમાણજે. ૨૩

નિમ્ન ગતિ વિશે કેવો મોહ તાણી જ જાય છે !
નિર્ણય કરવા તેમાં સ્વતંત્ર શક્તિ કૈં ન છે !
નિર્ણય કરવા જેવી કોકમાં બુદ્ધિ ચેતતી,
તેમાં અચળ રહેનારા કોઈક બડભાગી છે. ૨૪-૨૫

જેવા જેવા જ સંસ્કાર માનવી ચિત્તને વિશે,
ભૂમિકા તે પ્રમાણેની તેનામાં શી રચાય છે ! ૨૬

મોહના વલણે જ્યારે જિવાતું હોય છે ખરે,
ત્યારે તેવા જ સંસ્કાર ચિત્તમાં પડી જાય છે,
જિવાય જે પ્રમાણેનું તે પ્રમાણેનું જીવન
-નિર્માણ કરતા છીએ, જાણી લેજો જ નિશ્ચય. ૨૭-૨૮

જે રીતે માનવી વર્તે તેના પરથી અંતરે
-તેના સંસ્કાર કેવા છે તે ઓળખી શકાય છે. ૨૯

કોકમાં મોહના કેવા સંસ્કાર હોય સજ્જડ !
કોકમાં મોહના મોળા સંસ્કાર હોય ચિત્તમાં. ૩૦

મોહ જીવનમાં ભાગ કેવો તે ભજવ્યા કરે!
મોહ પ્રકારના ઊંડા સંસ્કાર પડતા જશે,
તેવા સંસ્કાર તો જ્યારે ઉદયવર્તમાન છે,
જીવન તે પ્રમાણેનું ત્યારે તો તે જિવાય છે. ૩૧-૩૨

પડેલા મોહના ઊંડા સંસ્કાર, તે પ્રમાણનું
-નવું જીવન જન્માવે, તેવા સંસ્કાર પ્રેરતું,
મોહ ને મોહમાં તેવા ઓતપ્રોત સદા જીવે,
મોહ કાદવથી તેવા ખરડાયેલ શા રહે ! ૩૩-૩૪

મોહનો છે નશો ભારે શો રગેરગ વ્યાપતો!
વલણ, વૃત્તિ ને દૃષ્ટિ તે પ્રકાર બની જતાં. ૩૫

વલણ, વૃત્તિ ને દૃષ્ટિ સંપૂર્ણ બદલાય છે,
મોહની દુનિયા જુદી, ન્યારા કોઈ પ્રકાર છે ૩૬

શબ્દ, સ્પર્શ, રસાદિમાં લગાતાર મનાદિને
-શાં પારાવાર તે મુગ્ધ એકધારાં બનાવી દે ! ૩૭

'મોહનાં વૃત્તિ ને દૃષ્ટિ તે આરપારદર્શક
-કદી ના શક્યતા હોવા' તારવેલો અનુભવ. ૩૮

મોહમાં **પ્રાણ**ની વૃત્તિ તદાકાર થઈ જતી,
લગાતાર જ સંપૂર્ણ રમે તે વિષયે ચહી. ૩૯

આવરાઈ જતી બુદ્ધિ, બુદ્ધિ ડો'ળાઈ જાય છે,
મોહ આવરણે કેવું નિમ્ન નિમ્ન થવાય છે !
છતાં તેવું કશું ભાન **જીવ**ને તો થતું નથી,
એવો શો મહિમા એનો, પ્રભાવ મોહનો વળી. ૪૦-૪૧

કદીક બુદ્ધિ તો સાચું પૂરેપૂરું કબૂલી દે,
છતાં સ્વીકાર તો મોહ તેમ કરી શકે ન તે. ૪૨

ઊંડાં મનાદિ તો કેવાં થતાં જ્યાં મોહ, મોહમાં,
-આકર્ષાયેલ ર્‌હે ભારે મોહની એવી પ્રક્રિયા. ૪૩

મોહથી સાંકડાં કેવાં મનાદિ તો બની જતાં !
પૂરેપૂરાં ઘટી જાય ઉદારતા, વિશાળતા. ૪૪

બળજબરીથી મોહ કદી પ્રવેશતો ન છે,
વૃત્તિ સંસ્કારથી ઊઠી પછી પ્રસારતો શું તે !
અણદીઠો, અજાણ્યો ને વણઈચ્છ્યો જ અંતરે
-ઓચિંતું ડોકિયું કેવું કરી જાહેર થાય તે ! ૪૫-૪૬

છાનોમાનો છૂપો છૂપો એનો પ્રવેશ થાય છે,
અંતરે મોહ પોતાનો પંજો પ્રસારતો શું છે !
રોકટોક ન એને છે, પોતે હો બાદશાહ તે
-એ રીતે વર્તતો મોહ, એની રીત સ્વતંત્ર છે. ૪૭-૪૮

મોહ પાંગરતો જાય છે સંતોષાતી વૃત્તિ જ્યાં,
ઉત્કટ વૃત્તિથી જીવ પ્રેરાયો જાય તેમ ત્યાં,
સંતોષાતી જતાં દૃષ્ટિ મોહ શો ફાલતો જ છે !
પરાકાષ્ઠા પછી મોહ શિખરે પહોંચી જાય છે. ૪૯-૫૦

મોહ શો વકરે એને જ્યાં સંતોષ મળ્યા કર્યે,
મોહ જે વકરેલો છે, નર્યો વિવેકભ્રષ્ટ તે,
સારાસારતણું ભાન જેને હોતું ન મુદલે,
એની દુર્ગતિનો પાર, છેડો ક્યાંય ન હોય છે. ૫૧-૫૨

સંતોષાતો જતો જેમ મોહ શો તેમ તેમ તે
-અધિક ફાલતો કેવો ગાંડોતૂર અધિક જે!
કદીક થઈ મસ્તાનો નાચે કૂદે શું મોહ તે!
પાછળ પડવાકેરો મોહનો નાદ મસ્ત છે. ૫૩-૫૪

જાદુઈ શો ચમત્કાર મોહનો જીવને ખરો,
હો તેનાથી બધું કેવું દે છે ભુલાવી મૂળગું. ૫૫

મોહ કેવો ડુબાડી દે ઓતપ્રોત કરી જ દે,
જેના પરત્વ કે જેનો થયેલો મોહ, તે વિશે. ૫૬

સાચું સ્વરૂપ સંપૂર્ણ વિલીન થઈ જાય છે,
સંસારે મોહનો એવો ચમત્કાર ખસૂસ છે. ૫૭

મોહનો ફાંસલો કેવો ભારે જબ્બર સજ્જડ!
ભેરવાવી નખાવે તે પોતાની આસપાસ જ. ૫૮

હોય તેનાથીયે કેવું જુદું દેખાય મોહથી,
મોહથી ભેરવાયેલો ખરડાયેલ આપથી. ૫૯

મોહ વિના બીજું કાંઈ, મોહમાં જ્યાં પડેલ હો
-કશું કાંઈ ન સૂઝે છે, માયા શી મોહની! પ્રભો! ૬૦

મૂળમાં હોય તેનાથી શું આકર્ષક સુંદર
મોહ ઑર જ દર્શાવે ! મોહ કેવો અજાયબ ! ૬૧

મોહની ધોધધારામાં કેવા લોક તણાય છે!
સુખ માને છતાં એમાં, કેવું આશ્ચર્ય એ જ છે! ૬૨

ચોંટાડી દે જ સંપૂર્ણ શું એકરૂપ તે વિશે
-રસાત્મક પૂરેપૂરાં રસાવી દે જ જીવને ! ૬૩

ફાંકડો મોહનો રંગ ચળકાટભર્યો જ છે,
બાઝે આંખે ઊડીને શો તે ચમત્કાર ઑર છે !
મોહને યોગ્ય પોતાની કોઠાવિદ્યાની જાણ છે,
માયા અકળ શી ગૂઢ અપરંપાર મોહની! ૬૪-૬૫

નાગપાશ હજી છૂટે, મોહપાશ ન છૂટશે,
છે પ્રવેશાયું તેમાં જો, વજ્રલેપ સમાન તે. ૬૬

વલણ, વૃત્તિ ને દૃષ્ટિ મોહ પરત્વનાં બધાં,
આકર્ષણતણા મુગ્ધ કૂંડાળે ફેરવે સદા,
તેમાંથી છૂટવા વારો, છટકબારી તે થકી.
-કોઈ દી આવતી ના છે, એવી પકડ એની શી, ૬૭-૬૮

પ્રવેશાતું જવાતું છે મોહમાં જેમ જેમ તે,
ગરકાવ ઊંડા તેમાં તેમ તેમ થવાય છે,
મોહનો એકલો માત્ર સંસાર દૃષ્ટિએ તરે,
મોહમાં રાચવાકેરું એકાગ્ર ભાન, તાન છે. ૬૯-૭૦

લીલોછમ બગીચો શો હોય છે નિત્ય મોહનો!
મોહ જવાનું સુકાઈ કદી કાળ ન જાણતો. ૭૧

જીવતો જાગતો કેવો આવે છે જન્મ સાથ તે!
આખરે મોહ શો પાછો મૃત્યુની સાથ જાય છે!
**જીવ**ની સાથ સંબંધ છોડી દેતો કદી ન તે,
જીવતો જાગતો મોહ **જીવ** સાથે રહે જ છે. ૭૨-૭૩

મોહનું મૂળ સંસ્કાર, તેવા જે કૈં પડેલ છે,
તેમાંથી વૃત્તિ ઊઠીને જન્મતો મોહ તેથી છે,

સંસ્કાર મોહના કોઈ રીતે ચિત્તે પડે ન કૈં,
એવી છે ભૂમિકા જેની તેને મોહ ન ઊગશે. ૭૪-૭૫

મોહનું મૂળ સંસ્કાર, સંસ્કાર મૂળ કર્મ છે,
કર્મ આદિ અનાદિથી ચાલ્યું આવેલ નિત્ય છે,
મોહને તેથી આદિ ના, મોહને તેમ અંત ના,
-હરિના ભક્ત ને જ્ઞાની તેટલા માત્ર મુક્ત શા ! ૭૬-૭૭

સંસ્કારની પ્રમાણેનું વલણ વર્તને થતું,
છતાં સ્વતંત્રતા આત્માતણી હણાતી તેથી ના. ૭૮

ગમે તેવું ભલેને હો સંસ્કાર જોશ અંતરે,
નિશ્ચયાત્મક જો ધ્યેય તીવ્ર આતુર દિલ છે,
તો તો નિશ્ચે વટાવાને સંસ્કાર પટથી પથે
-મથાવાનું થવાનું છે, થવા મુક્ત પૂરું ખરે. ૭૯-૮૦

સંસ્કાર જોશથી ઊર્ધ્વ થવાનું જોશ જો બઢે,
સંસ્કારને ટપી ત્યારે જીવનમાં જવાય છે. ૮૧

❑

॥ હરિઃૐ ॥

# ખંડ ૨ જો : મોહદશા

## અધ્યાય ૧ : મોહનું વલણ

(અનુષ્ટુપ)

મોહમાં સંકળાયેલો વલણ મોહના વિના
-બીજા કશા વિશે ક્યાંયે એનું દિલ વહે જ ના. ૧

મોહમાં ઝંપલાવાનું ઓચિંતું જ થતું શું છે ?
ને પડાઈ જવાનું છે ક્યારે તેની ન જાણ છે. ૨

ભૂમિકા મોહની તેવી હોયા વિના કદી પણ
-કોઈથી મોહમાં ભુસ્કો ભૂલેચૂકે મરાય ના. ૩

જેના પરત્વેનું મુખ મોહથી જે વળેલ છે,
તેના તે જ પરત્વેનું એકધારું સદા રહે. ૪

મળંતાં રુખ તે પ્રત્યે શો લલચાઈ જાય તે!
શી ફરી ફરી એની એ લાલસા મોહની જ છે,
શું રામાયણ એનું એ મોહનું નિત્ય નિત્ય છે,
એમાં મોહ ન થાકે છે, મોહની ખૂબી કેવી તે ! ૫-૬

બુદ્ધિથી સાચું જે લાગે, કિંતુ જે કો પડેલ છે
-મોહના વલણે, તેવું તેનામાં ટકતું ન છે. ૭

પ્રવેશવું સહેલું છે મોહના મ્હેલ અંદરે,
લાલસાભર્યું લાગે છે તે આહ્‌લાદક જીવવે. ૮

સ્વપ્નના જેવી તો કેવી જવાબદારી મોહને !
આશા તે બતલાવે છો, કિંતુ ફળે ન કે ફળે,
મોહ કેવો પ્રવેશીને અંતરે ઘૂસવા ચહે,
કિંતુ પૂરેપૂરો એમાં મોહ તો ફાવતો ન છે. ૯-૧૦

શાં ગલગલિયાં થાય મોહ સંસાર જીવને !
અનેક વધતાં ફેલાં, ફણગા મોહનાં શું છે ! ૧૧

ઉપદેશ દીધા વિના સૌ કોઈનાય જીવને
-મોહ કેવો પ્રવેશે છે, કળા, ખૂબી શી એની છે ! ૧૨

સાબદો માત્ર કેવો છે થવા જ ગતિ મોહમાં,
મોહની ગતિ દિશામાં મોહ શો પ્રાણવાન ત્યાં ! ૧૩

નગારાં ના વગાડે છે મોહ પોતાની વાતનાં,
જે કૈં કરવું પોતાને છાનુંછાનું કરે સદા. ૧૪

જે આડે આવતું વચ્ચે એના પરત્વે મોહને,
-ઈતરાજી થતી ઈર્ષા, અણગમો શું થાય છે ! ૧૫

કેવો છે મોહ આતુર લેવા ઝડપી લાભને !
ને ઉતાવળનો જોટો જેનો ક્યાંયે મળે ન છે,
કદીક શો અધીરો છે! કદીક ધીટ* હોય છે,
ધીર ગંભીર તો મોહ કેવો કદીક હોય છે ! ૧૬-૧૭

મોહને જોઈતું હોય તેને મેળવવાપણે
-તર્ક, દલીલની કેવી પરંપરા ચલાવશે ! ૧૮

કક્કો શો નિજનો પોતે કરવાને મથે ખરો !
મોહને મોહમાં કેવી એકાગ્ર દૃષ્ટિ હોય છે ! ૧૯

---

* સહનશીલ

જેના પર થતો મોહ, મોહ ત્યાં વારી જાય છે,
પછી શો મોહ એને ને એને જોયા કરે જ તે. ૨૦

ન્યાય, અન્યાય, ક્યાંયે ના મોહના શબ્દકોશમાં,
સધાય સ્વાર્થ તે રીતે મોહની શી પરંપરા !
પ્રવેશી જે ગયેલું છે મોહના લક્ષાને વિશે,
તે તો કેમે કર્યુંયે કૈં નીકળી શકતું ન છે. ૨૧-૨૨

પોતે ભોગવવાનું જે તેમાં જ સ્વાર્થ મોહને,
ભોગવવાનું છોડી કૈં દેવાનું જાણતો ન તે,
આંધળો સ્વાર્થ છે કેવો મોહને તો પૂરેપૂરો !
એમાં કાબેલ સંપૂર્ણ મોહ પોતે ખરેખરો. ૨૩-૨૪

અનેક કૌતુકો કેવાં મોહે દીઠેલ જીવને !
થયાં સાકાર કે ના તે, સ્પૃહા કૈં મોહને ન છે.
મોહને છે સ્પૃહા માત્ર જે તે ભોગવવા વિશે,
સ્પૃહા અત્યંત એની છે મારતી લબકાર જે. ૨૫-૨૬

આડખીલી નડે જ્યારે એને ભોગવવા વિશે,
ઉધમાત કરી મૂકે મોહ કેવો બધી રીતે ! ૨૭

એકાકારપણે મોહ ચોંટી સજ્જડ જાય છે,
પોતાના વિષયે કેવો મસ્તમાં મસ્ત હોય છે ! ૨૮

સંસારે મોહ વર્તે છે કદીક ઉદ્ધતાઈથી,
જ્યાં છૂટકો જ ના થાય મરડે મુખ જૈ ફરી,
નરમઘેંશ શો મોહ કદીક બની જાય છે !
શી દોડાદોડ ને ચિંતા મોહને તો અપાર છે ! ૨૯-૩૦

મુહૂર્ત મોહને કોઈ જોવાનું હોતું ના કદી,
નિરાંત કોઈ વાતે ના મોહને અંતરે જરી,
ચંચળતા વળી કેવી મોહને દિલ હોય છે !
કેવાં છે મોહને પાછાં કૈં ધાંધળ, ઉતાવળ ! ૩૧-૩૨

જાણવા માનવાકેરી પંચાત મોહને ન છે,
એને ભોગવવામાં શો રસ માત્ર રહેલ છે !
મોહને ભાઈબંધી શી કામક્રોધાદિ સાથ છે !
એકબીજાતણી સ્હાયે તુર્ત શા દોડી જાય તે ! ૩૩-૩૪

બે વચ્ચેનું જોડાણ જો અકબંધ હોય છે,
પ્રવાહ વીજળીનો તો વહેવાનો જ નિશ્ચયે,
તેવી રીતે જ જ્યાં મોહ ત્યાં કામ, ક્રોધ, લોભ છે,
રાગદ્વેષાદિ ત્યાં સૌ તે એકબીજાની સાથ છે. ૩૫-૩૬

નિરાશા, હાર ને દુઃખ, નિરુત્સાહ કદી કદી
-મોહને પંથ આવે છે શાં અવારનવાર તે !
તોયે શો મોહ પોતાનો કદી તંત ન મૂકતો!
પકડેલું કદી પોતે સંમત છોડવા ન તો. ૩૭-૩૮

મોહ ના ભાગવું જાણે ભલે છો અટવાય તે,
કષ્ટ, આપત્તિ છો લાગે, ઠેરનો ઠેર તોય તે,
પોતાની મેળ તો મોહ પાછે તે પગલે પથે
-ખસવાનું ન જાણે છે, બેળે ભલે ખસાય છો. ૩૯-૪૦

આગળે પાછળે દ્વાર મોહને છે પ્રવેશવા,
ગમે તેમ કરી જાણે પેસી જવાની તે કળા,

પેસીને પસારો શો આમતેમ બધે કરે,
જરીક જેટલો માર્ગ એને માટે શું પૂરતો! ૪૧-૪૨

નિરાંતે સૂઈ રહેવાનું, મોહ તો જાણતો ન છે,
જાગ્રત શો સદાકાળ ! બેઠેલો ટાંપીને જ તે,
પોતાનો લાભ લેવાનું કદી કાળ ચૂકે ન તે,
અખંડાકાર છે વૃત્તિ મોહની નિજ કર્મપે ૪૩-૪૪

મોહે કૌટિલ્યનું ભાથું ભરેલું ભરપૂર છે,
આંચકો કૈં કશો એને એ માટે મોહને ન છે,
કદીક પકડાઈ તે જતાં, કાયર સાવ છે,
મધમાં માંખી ડૂબી હો દશા મોહની થાય તે. ૪૫-૪૬

મોહની સ્વચ્છ ને સ્પષ્ટ કદી દાનત હોય ના,
મોહ સરળ ના પોતે, જે તે સંદિગ્ધ એનું ત્યાં,
યદ્વાતદ્વા બધું એનું કૂડકપટ હોય છે,
ઠંડોગાર છતાં થૈ શો પ્રસંગે ગમ ખાય છે ! ૪૭-૪૮

કરવા પડતાં એને નમસ્કાર ન વાર છે,
નમી કૈં પડતાં એને શરમ આવતી ન છે,
કોઈયે જાતનો એને કશો સંકોચ ક્યાંય ના,
મર્દાનગી છતાં એની શી લજવાય છે તદા! ૪૯-૫૦

મોહને કોઈ બાજુ ના મોહને પક્ષ એક છે,
મોહને લક્ષ છે એક, મોહને એક ટેક છે,
મોહને નેમ છે એક, મોહનું ધ્યાન એક છે,
હોવા છતાં બધું આ સૌ, મોહને નાક કૈં ન છે. ૫૧-૫૨

ઇષ્ટ વસ્તુ જ સામે ને સામે મોહ ધર્યા કરે,
દૃષ્ટિ સમક્ષ જે રહે છે તેનો આનંદ ઑર છે,
પડે જેના પર મોહી તે જો પ્રત્યક્ષ હોય છે,
મોહની રાજીનો પાર, રહેતો પછી કૈં ન છે. ૫૩-૫૪

ખપે છે મોહને કેવું નર્યું રોકડિયું બધું,
કિંતુ મેળવવા તે તે મથે શો મોહ કેટલું !
કેટલી વાર તો મોહ ઘસાઈ ખૂબ જાય છે,
પરિણામ છતાં ધાર્યું એનું કૈં આવતું ન છે. ૫૫-૫૬

❑

## અધ્યાય ૨ : મોહયુક્ત દશા

(અનુષ્ટુપ)

સંસારે મોહની સૃષ્ટિ અનોખી કોઈ રીતની,
એકનું એક તે માત્ર જોયા શું કરવાતણી ! ૫૭

દીદાર મોહનો કેવો તે પરખાઈ જાય છે !
દીદાર મોહનો તેવો પોતે કળાઈ જાય છે. ૫૮

મોહ પારખવામાં તે કાબેલિયત જોઈએ,
ચહેરો, આંખ છુપાયાં મોહનાં ના છુપાય છે. ૫૯

આંચળો મોહનો ગૂઢ કોઈ ના પરખી શકે,
પરખાઈ છતાં જાય એવો શો મોહ સ્પષ્ટ છે !
સ્પષ્ટ હોવા છતાં પાછો એની તે સૂક્ષ્મ ચાલને,
પારખી ના શકાયે છે કોઈથી કોઈ રીતિએ. ૬૦-૬૧

મોહનાં બંધનોથી શો માનવી જકડાય છે !
-છતાં તેનું કશું ભાન કોઈનેયે થતું ન છે. ૬૨

સાચું જીવનમાં જે છે, સંસારી રીતથી કદી
-ફળવાનું નથી, એની થતાં ખાતરી દિલથી,
છતાં એમાંથી પાછું તો મન વળતું કૈં ન છે,
શો મોહપાશ એવો છે જબરજસ્ત જીવને ! ૬૩-૬૪

એક પછીથી શી એક મોહની છે પરંપરા !
ચાલી આવતી કેવી કતાર મોહની સદા ! ૬૫

સંસારે મોહની કેવી એકની એક જીવને
-પરંપરા જ ચાલે છે, એવી ત્યાં ઘટમાળ છે,

કેટકેટલું ઘાણીના બળદ તો ફર્યા કરે,
છતાં તે ચાલી ચાલીને ઠેકાણે એક હોય છે,
તેવું જ મોહનું ચક્ર જે સંસારનું જીવને
-ઠેરનું ઠેર તે રૂહે છે, લાગે ચાલ્યા ઘણુંય તે. ૬૬-૬૮

અનેકાનેક કેવી છે મોહની તો પરંપરા !
એક પછીથી શી એક ધારા ચાલ્યા કરે સદા,
નવો નવો જ અદ્‌ભુત સંસાર મોહનો શું છે !
ચક્રાવા, વ્યૂહ તે કેવા કેવા એના અપાર છે ! ૬૯-૭૦

માત્રા મોહની શી જુદી જુદી જરૂર હોય છે !
માત્રા પ્રત્યેકની વિશે કૈં ફેરફાર હોય છે,
છતાંયે કોલસો કાળો, કાળાશે ફેર હોય ના,
કોલસો સાવ ચેતેલો તેમાં કાળાશ હોય ના. ૭૧-૭૨

ખૂંપી જવાતું સંપૂર્ણ મોહ કાદવને વિશે,
ત્યારે નીકળવું બ્‌હાર મહામુશ્કેલ કર્મ છે. ૭૩

મોહમાં કેવી કેવીયે માથાકૂટો અનેક છે !
છે ભયંકર તોફાની, અસ્તવ્યસ્ત કરી શી દે !
ભોંઠું પડાય છે ત્યારે, છતાંયે મોહમાં બધાં
- શું ઊંધું ઘાલીને મારે ભૂસકો ત્યાં અજાણમાં ! ૭૪-૭૫

મોહની જીવને કેવી મધલાળ પ્રચંડ છે !
લાલચે લાલચે जीव કેવો તેમાં ફસાય છે,
ગમે તેમ કરો તોયે મોહ છૂટો ન થાય છે,
કેવો જન્મની સાથે ને સાથે મોહ રહેલ છે ! ૭૬-૭૭

મોહને શો ચટાકો છે ! ચાટ્યા કરે જ ચાટ ને
-છતાં જાય હડાકો ના, એવો શો મોહ લટ્ટુ છે !
ભલભલાં તણાયાં છે, ભલભલાં ડૂબેલ છે,
બડાશો કોઈની ભાગ્યે મોહ આગળ ચાલશે. ૭૮-૭૯

જાણતા હોઈએ છોને 'ખોટો છે મોહ' તે છતાં,
મોહ મૂક્યો મુકાયે ના, છૂટ્યો કેમે ન તે છૂટે. ૮૦

શી અંધાધૂંધી તો થાય મોહ જીવનમાં કદી !
આંખે આંધળિયાં ત્યારે આવી જતાં જ જોરથી,
કદીક મોહ તો કેવો થાય હાલમડોલમ!
નિશ્ચળતા શી સંપૂર્ણ એને ના કદી હોય છે. ૮૧-૮૨

આંધળી દોટ એની, ના વિચાર સમજૂતીનો,
આગળે પાછળે એને યોજના ક્યાંય હોય ના,
છતાં પાછા શું કિલ્લા તે યોજનાના ઘડ્યા કરે,
કદીક ફાવતો, પાછો વળી કદીક હારશે. ૮૩-૮૪

સંપૂર્ણ અડસટ્ટો કૈં પૂરો મોહની બાબતે
-યોગ્ય પ્રકારનો જે તે મોહને આવતો ન છે,
યદ્વાતદ્વા જ હાંક્યે શું રાખે છે ગાડું નિજ તે !
સંતોષવાપણું કિંતુ ત્યાં એનું લક્ષ હોય છે. ૮૫-૮૬

મોહને ગમતું જે હો જ્યારે બનતું હોય છે,
ત્યારે સંતોષનો પારો મોહનો કોઈ ઑર છે,
કેવા અટપટા પાટા લેતો જે મોહ હોય છે!
થવાય જોઈને તે તે આશ્ચર્યદિંગ અંતરે. ૮૭-૮૮

હૈડે અભળખા કેવા મોહને દિલ હોય છે !
મોહ નવા નવા તુક્કા ઉપાડ્યા કરતો દીસે,
કિલ્લા ચણ્યા કરે મિથ્યા આકાશે, ખાલી મોહ જે,
હવામાં બાચકા મોહ ધુમાડાના ભર્યા કરે. ૮૯-૯૦

અનેક ઘાટ તો કેવા મોહ ઘડ્યા કરે નવા !
થવા સાકાર તે તે સૌ મોહ શોચ્યા કરે તદા. ૯૧

આભડછેટ તો કોઈ રીતની મોહને ન છે,
અભડાતો કશાથી ના સંજોગે કરી કોઈ તે,
મોહમાં **પ્રાણ**ની શક્તિ નકામી વપરાય છે,
મોહમાં ત્યાં વહેવાતાં નમાલું જ થવાય છે. ૯૨-૯૩

મોહમાં જીવવાકેરાં તાણ, ખેંચ બહુ જ છે,
કિંતુ મોહ-નશા-જોશે તેવું વર્તાતું કૈં ન તે. ૯૪

મોહમાં મોહથી જે છે મોહ પ્રવાહને વિશે,
રચ્યોપચ્યો રહે પૂર્ણ એકધારો પૂરેપૂરો. ૯૫

કૈંક માથાઝીકો ભારે શી માથાતોડ કારમી
-મોહના વલણે જાગી ! પંચાત તે કરાવતી,
છતાં મોહથી કોઈ જ કદી કંટાળતું નથી,
કે ના તે ડંખતો કો'ને ! એવો મોહ મહારથી. ૯૬-૯૭

પંચાત મોહની કેવી અનેકાનેક હોય છે !
તેમાં ના બૂડવા દે છે ચાંચ તો મોહ કોઈને,
પોતાનો ફેંસલો પૂરો મોહ કાઢી શકે ન છે,
કુટાયા અધવચ્ચે શો કરે છે, મોહ જીવને ! ૯૮-૯૯

ગાબડાં મોહ કિલ્લામાં કદીક શાં પડ્યાં કરે !
સાંધી દે છે પુરાવી દૈ નિષ્ણાત કર્મમાં જ તે,
શો દગોફટકો મોહ કદીક રમી જાય છે !
કદીક મોહની દૃષ્ટિ ચોર જેવી થતી શી છે ! ૧૦૦-૧૦૧

સહેલું સુતરું જે તે મોહના માર્ગમાં ન છે,
ત્યાંયે મથામણો ભારે રહે છે જાગતી પથે,
કશાં નિવારવા એને પુરુષાર્થ, જહેમત
-બની ના શકતાં, એવો મોહ શો સાવ દુર્બળ ! ૧૦૨-૧૦૩

મોહમાં અથડાવાનું આમથી તેમ શું બને !
શો પરિશ્રમ તે માટે પાછું વાળી ન તે જુએ,
ગમે તે કષ્ટ સ્હેવાને મોહ તૈયાર હોય છે,
થવા સાધ્ય પૂરેપૂરું સ્વાર્પણ મોહ તો કરે. ૧૦૪-૧૦૫

પોતાની આપદા કેવી અકળાવ્યા કરે ઊંડી,
વ્યગ્ર કેવું રખાવે છે મોહને ખૂંચતું કરી,
આસપાસ બધે જ્યાં ત્યાં મોહની દૃષ્ટિ વ્યસ્ત છે.
તંગ, ભંગ થતી દૃષ્ટિ મોહની વાર વાર તે. ૧૦૬-૧૦૭

ઉચાટ મોહનો તીવ્ર ભયંકર કદીક છે,
વાચા તેને છતાં મોહ કદીય આપતો ન છે,
ભારેલા અગ્નિની પેઠે અંતરે ધૂંધવાય છે,
છતાં તો મોહને ભાન તેવું કદી રહે ન છે,
તેથી તો મોહને ગાંડો ડાહ્યાઓએ ગણેલ છે. ૧૦૮-૧૧૦

મોહ એકલપેટો છે પૂરેપૂરો બધી રીતે,
પડાવા ભાગ ના દે છે પોતાનામાં કશી રીતે,

કો આડખીલી વચ્ચે હો જે કૈં ભોગવવા વિશે
-સાંખી તે મોહ ના લે છે, કેવો સ્વાર્થાંધ મોહ છે ! ૧૧૧-૧૧૨

અદેખાઈ અને ઈર્ષા શી વારંવાર મોહને
પ્રગટાવ્યા કરતી રહે છે મોહના નિત્ય જીવને !
મોહને જંપવા વારો ઠરીઠામ થવાતણો,
જીવનમાં કદી પૂરો કેમે કર્યો ન આવતો. ૧૧૩-૧૧૪

મોહ ભોગવવામાં શો શૂરો પૂરેપૂરો જ છે !
ઉગ્ર શી લાલસા જ્વાળા એનામાં ભભૂક્યા કરે !
મળ્યા છતાં ન સંતોષ લાગે સંપૂર્ણ મોહને,
એને ઊણપ લાગ્યા શી કરે કંઈ ભોગવ્યા વિશે ! ૧૧૫-૧૧૬

ભોગવવા જતાં કેવાં અશાંતિ, અથડામણો
-ગૂંચવાડા વળી પ્રશ્નો જટિલ આવતા પથે,
અટવાઈ મરાતું છે ત્યારે ત્યાં કેટકેટલું !
ઉપાધિ મોહમાંયે શી આવે, ત્યાં ત્રાસ કેટલો ! ૧૧૭-૧૧૮

કેવી મૂંઝવણો, ત્રાસ, અડચણો નવી નવી
-મોહના પંથમાં ઊગી, ત્રાસ દે છે ઘણો વળી,
કિંતુ જે મોહનો ભક્ત તેને તેવું ન લાગતું,
એ જ તો મોટું આશ્ચર્ય, રાખે ડુબાડી મોહ શું !
છતાં એનુંય તે એવું જ્ઞાન કોઈ જ-ને કશું
-ભૂલેચૂકે ન જાગે છે, મોહનું એવું ઘેલું શું ! ૧૧૯-૧૨૧

ઉઘાડું સાચું જે છે તે લાગે સાચું ન મોહને,
એવાં પડળ આવે છે શાં ભયંકર મોહને ! ૧૨૨

ખત્તા તો કેટલા કેવા કેટલીવાર ખાય તે !
છતાંયે સાન આવે છે કોઈ રીતે ન મોહને. ૧૨૩

ભોંય ભારે પડે કેવી મોહને કોઈ બાબતે,
હારે મોહ છતાં મૂકી દે ના, હાથ લીધેલ જે. ૧૨૪

સંતોષાવા જ તો મોહ તત્પર છે ખડે પગે,
રાહ જોવાની તો વાટ એનાથી ના ખમાતી છે. ૧૨૫

રાહ જોવા જરાકેયે મોહને નવ ટેવ છે,
જરાકે કૈં થતાં મોડું મોહ શો બબડી ઊઠે ! ૧૨૬

મોહનિદ્રા વિશે કેવું ઘેઘૂર તો થવાય છે,
બાહ્ય બીજા બધાંકેરું સંપૂર્ણ ભાન જાય છે,
મોહમાં મોહથી તેથી મોહનું અંતરે નર્યું,
-વાતાવરણ સંપૂર્ણ મુગ્ધતાથી વણાય છે. ૧૨૭-૧૨૮

ક્યાંયનો ક્યાંય સુધીનો વ્યાપાર મોહનો બધે,
મોહ ના એકલો પોતે, લાવલશ્કર સાથ છે,
એકબીજાતણો સાથ મોહને નિત્ય હોય છે,
બધાંનીય બધી શક્તિ એકઠી તે રણાંગણે
-કરી કરાવી, શી ભેગી ! સામનો કરવા ઊભે,
તે વેળા એકલી માત્ર શ્રીહરિયાદ પાસ છે. ૧૨૯-૧૩૧

મોહની સાથ કેવો તો લોભાદિનો ખરેખરો
-સંબંધ જીવતો પૂર્ણ એકધારો શું હોય છે ! ૧૩૨

બાહ્ય બીજાં બધાં સાથે મોહ છો વળગેલ છે,
છતાં શી અંતરે એની માળા ચાલે અખંડ જે ! ૧૩૩

જીવતાં જ છતાં હોવા જીવવાનું જ લક્ષણ
-કોઈ પ્રકારનું એક્કે જેમાં જણાતું ના રજ,

મહા સામ્રાજ્ય જ્યાં એવું વ્યાપેલ મોહનું જ છે,
મોહના જ વિચારોમાં મોહ ઘૂમ્યા કરે જ તે. ૧૩૪-૧૩૫

પોતાનામાં પૂરેપૂરો છે એકતાન મોહ જે,
મોહને મોહમાં કેવું અપરંપાર સુખ છે,
છતાં ધારેલ જે હોય કૈં સાફલ્ય થતાં ન જે,
એનુંય દુઃખ તો એને અપરંપાર કેવું છે ! ૧૩૬-૧૩૭

મોહ તો મોહ ને મોહમહીં શો તે ભરાઈ રહે !
એક ને એક તે ક્ષેત્રે પુરાઈ શો સદા રહે ! ૧૩૮

શો ત્યાંનો ત્યાં જ તો મોહ સ્થગિત થઈ જાય છે !
એનો વિકાસ તો હોય જ્યાં, ત્યાંથી આગળે ન છે. ૧૩૯

જામતાં જામતાં મોહ, મોહ સાકાર થાય છે,
પાછો સાકારનો કેવો આકાર વધતો જ છે ! ૧૪૦

જટિલ મોહના કિલ્લા વિશે જે કો પ્રવેશતો,
દિલ નીકળવા તેને તેમાંથી તો થતું ન છે. ૧૪૧

મોહ લબ્ધાયલો શો રહે ! શું વળગણ મોહને !
કાઢ્યું ના નીકળે કેમે, વજ્રલેપ સમાન છે. ૧૪૨

મોહમાં મોહથી કોઈ જે જીવે, ‘જીવવું’ ન તે,
તે જીવતાં છતાં જાણે મૃત્યુમુખે પડેલ છે. ૧૪૩

મોહમાં જે ગળાબૂડ ડૂબેલો છે પૂરેપૂરો
તેવોયે કૈં ડહોળે છે વાતો જ્ઞાનની કેવી તો !
જેમાં કશુંય ના તથ્ય, પોતાની છે ન યોગ્યતા,
છતાં શરમ ના એને આવે હાંક્યે જ રાખતાં. ૧૪૪-૧૪૫

જાણે સાક્ષાત સંપૂર્ણ પચાવ્યું હોય જ્ઞાનને,
જ્ઞાનની વાત શી એવી મોહ અટપટી કરે !
મોહને આફરો પૂરો કદી પણ ન થાય છે,
કદીક અટવાતાંમાં શો થોડીવાર થંભશે ! ૧૪૬-૧૪૭

મોહ જ્યાં રસના તાને ભરપૂર ચઢેલ છે!
દિશાએ સર્વ વ્યાપેલો જેનો સુમાર કૈં ન છે,
સાન-ભાન ભૂલેલો છે, નશે જ્યાં ચકચૂર છે,
મોહની તે જુવાનીની શી ન્યારી ન્યારી વાત છે ! ૧૪૮-૧૪૯

યોગ્યાયોગ્યપણું સ્હેજે જોવા બેસે ન મોહ તે,
મોહને ફાવતું આવે વર્તે તે તેમ તે રીતે,
પંચાત કરવી ઝાઝી મોહને ગમતી ન છે,
છે મશગૂલ પોતાની વાતમાં માત્ર પૂર્ણ તે. ૧૫૦-૧૫૧

મોહસંગીતમાં જેઓ પૂર્ણ મુગ્ધ થયેલ છે,
તેવાઓ પણ શી જ્ઞાનવાતો ઑર કર્યા કરે !
જ્ઞાનનાં પૂંછડાંકેરી ના ગતાગમ જેહને,
તેવા ડંફાસ મારે છે, કેવી અવનવી ખરે !
ખંખેરી નાખવા તેવા જનો યોગ્ય બધી રીતે,
કિંતુ તેમાં અહંભાવ હોવો ઘટે ન મુદલે,
સંસારી લોક તો મોહે રંગાયેલા જ હોય છે,
સૌ ડહાપણ તેવાનું ડહોળાયેલ હોય છે. ૧૫૨-૧૫૫

મોહ ને મોહમાં કેવો ગાંડાતૂર થઈ જઈ,
ગમે તેમ કર્યું બાફ્યાં ના વેતરણ કૈં થઈ,
યદ્વાતદ્વા ભમ્યા કીધું એકીટશેય નીરખ્યું
-ના નીરખવા યોગ્ય, કમનસીબી કેવી શું ! ૧૫૬-૧૫૭

મોહમાં શાં ગળાડૂબ પૂરેપૂરાં ડૂબેલ છે,
હોશિયારીની ત્યાં વાત દુર્લભ કશી હોવી તે,
મૂઢતા કેવી સંપૂર્ણ નરી વ્યાપેલ હોય છે,
નૂતન મૂઢતામાંથી મુશ્કેલ મળવું જ તે. ૧૫૮-૧૫૯

જે કર્મ કરવાનું હો રેઢિયાળપણું કશું
-તેમાં જો કૈં રહ્યું હોય કુશળ કર્મ તે ન તો,
મૂઢ અવદશાકેરું એ તો લક્ષણ જાણવું,
મોહને કારણે મૂઢ દશાનું તે પ્રવર્તવું. ૧૬૦-૧૬૧

મોહ ટૂંકો પડે પૂરો લેવા તાગ રહસ્યનો,
શકે પહોંચી ના મોહ વસ્તુના હાર્દ સુધી તો,
ભાંગવા કેવી માંડેલી કમ્મર મોહની બધી,
રહે વળગેલ આશામાં ને આશામાં મરી મથી. ૧૬૨-૧૬૩

આરપાર જતાં મોહ વચ્ચે શો અચકાય છે !
ઉપાય શોધતો ત્યારે ઊંડો ઊતરી અંતરે,
શોધી શોધી મરે તોયે અથડાયા કરે શું તે !
ઉકેલાઈ જવા પૂર્ણ વારો કદી ન મોહને. ૧૬૪-૧૬૫

પોતાના વિષયે મોહ ચલાવે બુદ્ધિ કેવીયે,
બાકી બીજી દિશાઓમાં એને શો અંધકાર છે !
મોહના વિષયે ખૂંપે એની બુદ્ધિ ખરેખરી,
મોહકલિલ ચાતુરી નકામી મોહની નરી. ૧૬૬-૧૬૭

માનેલું કરી પોતાનું તેમાં ને તે વિશે રહે,
મનાદિ સર્વ ડૂબેલાં, એનો સંસાર એ જ છે,

ભારે મોહથી આઘાત પ્રત્યાઘાત થયા કરે,
ધક્કેલા ઑર શા ધક્કા મોહમાં વાગતા જ છે.
માનેલાં મોહથી જેને તેવાંય અણીની પળે
-તે ઉપયોગમાં સાચા આવી ના શકતાં ખરે,
ત્યારેયે મન તેમાંથી ઉપરામ થતું ન છે
-એ કેવી બલિહારી છે મોહમાયાની જીવને ! ૧૬૮-૧૭૧

એક ને એકમાં કેવો મોહ ગુલાંટ મારતો !
કેવા નવા નવા તુક્કા મોહ જ્યાં ત્યાં લગાડતો !
અનેક ચાલ શી જુદી જુદી મોહ પરત્વેની
-મોહ ધરાવતો પોતે ! કળા એવી શી મોહની ! ૧૭૨-૧૭૩

મોહમાં આંધળોભીંત માનવી થઈ જાય છે,
મોહ પરત્વે દિશાની આંખો છતાં શી ખૂલશે ! ૧૭૪

મોહથી ત્રાસદાયી શી હેરાનગતિ થાય છે !
ભારે શો મન કંટાળો મોહથી વળી ઊપજે,
તોયે છટકવાનું તો મોહથી મન થાય ના,
મોહ ને મોહની માયામહીં જીવ કરે જીવ્યા. ૧૭૫-૧૭૬

ફૂલ્યો ફાલ્યો નશે કેવો માતેલો મોહથી ફરે !
અથડાતો, કુટાતો છે, છતાં તેનું ન લક્ષ છે.
ફેરફૂદડી શી ખાલી આમથી તેમ તે ફરે !
જાણે ગઢ જીત્યો હોય ફુલાયો એમ તે ભમે ! ૧૭૭-૧૭૮

મોહતણોય અગ્નિ છે, મોહ ભભૂકતો થતો,
મર્યાદા પાર પ્હોંચીને ક્યાંનો ક્યાંય પ્હોંચતો. ૧૭૯

હુમલા મોહના ભારે શા વારંવાર ઊપજે !
ઊથલો મારી મારીને નિજ જાત છતી કરે,
જીવને વહેવડાવે છે મોહ નિજ પ્રવાહમાં,
તણાયા કરવામાં શો કરે આનંદ ભોગવ્યા ! ૧૮૦-૧૮૧

મોહનો સ્વાર્થ શો જુદો ! કામનો સ્વાર્થયે જુદો,
તેવું જ લોભનું જાણો, સ્વાર્થ પ્રત્યેકનો જુદો,
સ્વાર્થ કશાકની સાથે સંકળાયેલ છે ખરે,
મોહ શાં સ્વાર્થનાં જાળાં પ્રસરાવે જ અંતરે. ૧૮૨-૧૮૩

ચેતાવું મોહથી એ કૈં સહેલું, સુતરું ન છે,
આગ જેમ ભભૂકેલી તમન્ના માત્ર ચેતવે. ૧૮૪

❑

## અધ્યાય ૩ : મોહનો નશો-તાણ

(અનુષ્ટુપ)

મોહના વ્‌હેણનું તાન શું ભયંકર તીવ્ર છે !
તણાયા ત્યાં વિના સ્‌હેજે ર્‌હેવાય કોઈથી ન જે. ૧૮૫

મોહના વ્‌હેણનું તાણ કેવું જબ્બર હોય છે !
તણાવાતું જવાતું છે છતાં ના સમજાય તે. ૧૮૬

મોહની તાણમાં જ્યાં હો પછડાટ ખવાય છે,
છતાં માનવી તેમાં ને તેમાં કેવો રમે જ છે ! ૧૮૭

મોહની તાણમાં કેવું અપરંપાર જોશ છે !
ભલભલા તણાયા છે એવા તે જોશમાં ખરે,

ને અપવાદ તે એમાં ભાગ્યે કોઈક તો હશે,
ધન્ય તે વિરલો વીર તેને કોટિ પ્રણામ છે ! ૧૮૮-૧૮૯

ઘેન જ્યારે ચઢેલું છે, પૂર જ્યારે વિશેષ છે,
ભયંકર ગતિ કેવી જેમાં જે તે તણાય છે,
પ્રસરે છે જ સૌ દિશે, ફરી વળેલ શું બધે !
એવો જ્યાં મોહ ગાંડો છે વેગળેથી પ્રણામ છે. ૧૯૦-૧૯૧

ઉત્તેજિત થતો કેવો મોહ જ્યાં વર્તમાન છે,
ને ચકચૂર જ્યાં મોહ એનો શો કેફ હોય છે !
શી રાતીચોળ છે આંખ ! રાતું રાતું શું મુખ છે !
નસો શરીરની તંગ, માનસ તંગ હોય છે. ૧૯૨-૧૯૩

મોહના તે નશે કેવાં મનાદિ તંગ થાય છે !
તંગપણું છતાં એવું એને ના પરખાય છે. ૧૯૪

જે તે ગણતરી કેવી મોહ લેતો શું હોય છે !
વિના કૈં સાધવા સ્વાર્થ બીજો ધંધો ન મોહને,
એકલક્ષી પૂરેપૂરો, તેમાં સાવધ મોહ છે,
છતાં નામર્દ શો મોહ ! ના પરાક્રમી મોહ છે,
કદીક મોહની ધૂને તાનના તે નશા વડે
-પરાક્રમ કરી બેસે ઓચિંતું મોહ કેવુંયે ! ૧૯૫-૧૯૭

'છે લૂલો, પાંગળો મોહ' ના કે'વું તેમ યોગ્ય છે
-મોહની તાણનું વ્હેણે શું ભયંકર જોશ છે !
ભલભલા તપસ્વીઓ મોહફંદે ફસાય છે,
મોહને નબળો પોચો ગણવો તે ન યોગ્ય છે. ૧૯૮-૧૯૯

તે ઉશ્કેરાટમાં કેવો મોહને તરવરાટ છે !
માતેલા આખલા જેવો કદીક જોશયુક્ત છે,
બાંય ચઢાવીને ખાલી સામનો કરવા ઊભે,
એનો જો સામનો થાય, ત્યાં ઢીલો સાવ મોહ છે. ૨૦૦-૨૦૧

જેવો તેવો ન છે નાદ મોહનો જિંદગી વિશે,
સ્તબ્ધ શાં થાય સૌ કોઈ મોરલીનાદના સ્વરે !
શાં એકતાર, તલ્લીન મોહકીર્તનથી થતાં !
જુદા જુદા જ છે નાદ મોહના જાત જાતના ! ૨૦૨-૨૦૩

મોહનાં રંગરોગાન ભભકદાર તેજ છે,
જોઈ તે **જીવ** મોહાય, મુગ્ધ થઈ જતો શું તે !
દીવે પતંગિયું જેમ પડે છે તેમ **જીવ** જે
-મોહમાં પડતો કેવો ઊંધે માથે તણાઈને ! ૨૦૪-૨૦૫

તણાઈ કૈં ગયેલા છે મોહના વ્હેણ-તાનમાં,
તણાયાનું છતાં ભાન કોઈને જાગતું ન ત્યાં,
એવો તે મોહનો કેવો છે ચમત્કાર જીવને !
મોહને વશ સૌ, તોયે જાણે કોઈ ન તેમ તે. ૨૦૬-૨૦૭

મોહમાં, મોહથી કેવી મોહસૃષ્ટિ નિરાળી છે !
પૂરેપૂરી ગુલામી છે, સ્વતંત્રતા તહીં ન છે,
જેવાં વલણ, વૃત્તિ છે, મોહનાં બસ તે વિશે
-**જીવ** શો વર્તતો ર્‌હે છે ! તેમાં તે ગુલતાન છે. ૨૦૮-૨૦૯

પૂરેપૂરો ધરાવો તો થતો ના મોહને કદા,
સંતોષાતો નથી કેમે ભોગવાતો જતો છતાં,
હોય ભુખાળવો જાણે મોહ કૈં કોટિ કાળનો,
ધખધખ્યા કરે એવો લક્ષ્ય પરત્વ મોહ શો ! ૨૧૦-૨૧૧

મોહની પાર્શ્વભૂમિકા જેવી તે હોય, તે રીતે
-ઉઠાવ મોહનો થાય, ઉગ્ર ને ગાઢ, મંદ કૈં,
શો ભયંકર ઉછાળો કોઈક વાર મોહનો !
ભારે પ્રચંડ કે જેનો સુમાર નવ હોય છે,
કદીક મંદ કે સાવ, ધીમા પ્રવાહથી વહે,
કદીક શાંત સંપૂર્ણ કે અસ્તિત્વ ન તેનું છે. ૨૧૨-૨૧૪

જીવને મોહનું ઘેન કેવું જબરજસ્ત છે !
તે અંગેઅંગ વ્યાપેલું નશાથી ચકચૂર જે,
મોહનો પાસ લાગ્યો તે લાગ્યો ખરેખરો જ છે,
હઠવાપણું એનું તો કશાથી ના પછી બને. ૨૧૫-૨૧૬

❑

॥ હરિઃૐ ॥

# ખંડ ૩ જો : મોહ વિસ્તાર

## અધ્યાય ૧ : મોહસ્વરૂપ

(અનુષ્ટુપ)

સ્પષ્ટવક્તાપણું ક્યાંયે કશું ના મોહને વિશે,
જે અસંદિગ્ધ પૂરેપૂરું મોહનું તો સ્વરૂપ છે. ૧

સુંદર મોહ દેખાવે, કઢંગો માંહ્યલો શું તે !
મોહ દેખાવડો રૂડો કેવું રસિક દિલ છે !
કૈં ગણતરી ઝાઝી ના, રકઝક કશી ન છે,
વાદવિવાદ ના એને, એને ચર્ચા ન કૈં ખપે. ૨-૩

ઝાઝું ના મારવા માથું બેસે છે મોહ તો કદી,
વિતંડાવાદ તો કૈંયે મોહને રુચતો નથી,
શંકા અને કુશંકાનો મોહનો રાહ તે ન છે,
એ તો શો ઝંપલાવામાં માને છે એકનિષ્ઠ થૈ. ૪-૫

કદાપિ ઘરડો મોહ કદી કાળ ન થાય છે,
નિત્ય યુવાન શો મોહ ! એનું યૌવન અંતરે
-દીપ્તિમાન સદા કેવું પ્રજ્વલતું રહ્યા કરે !
પાંગરતું રહે નિત્ય નૂતન काम-સંગ તે. ૬-૭

મોહને એક ફાંટો ના, એને ફાંટા અનેક છે,
વળી શો મોહનો ફાંકો તોરભર્યો વિશેષ જે !

મોહનુંયે अहं કેવું ઊંચેરાં ડોકિયાં કરે !
કદીક મોહનો ઑર કેવો મિજાજ હોય છે ! ૮-૯

સ્વરૂપ બદલી જાણે મોહ શો ભલીપેર તે !
એને સંકોચ ના કૈં છે, ઢાંકેલો શો છતો રહે !
કદીક શરમિંદો તે, કદીક છાકટો શું તે !
તરાપ મારવી જાણે, મોહ નિશાનબાજ છે. ૧૦-૧૧

મોહમાં દંભ પાકો છે, હોય તેનાથી ઊલટું
-દર્શાવવાની કેવી છે પ્રેરણા મુગ્ધ મોહની ! ૧૨

નર્યો ઉપરછલ્લો શો તે ખરેખર મોહ છે !
ને પ્રમાણિકતા એની ના આરપારદર્શકે,
વફાદારી કદી એની સંપૂર્ણ યોગ્ય હોય ના,
પછી નિષ્ઠાતણી વાત કૈં કરવાની હોય ક્યાં ? ૧૩-૧૪

મોહની પેરવી સૂક્ષ્મ સંતાડવા, છુપાવવા,
દેવા અંજાવી બીજાને મોહનું શું પરાક્રમ! ૧૫

ખંધો તે મોહ કેવો છે ! કેવો અટપટો જ તે !
પોતાના ક્ષેત્રમાં કેવો અજોડ અણતૂટ છે !
બળે તોયે ન મૂકે છે પોતાના વળ અંતરે,
એવા તે મોહની વાત કરું હું કેટલીક તે ! ૧૬-૧૭

પોતાના મનની છૂપી દાનત, વાત, હોય જે,
ઉઘાડું કરી સંપૂર્ણ કહેતો મોહ ના જ તે,
મોહનો તેથી વિશ્વાસ સંપૂર્ણતાથી થાય ના,
સૌનો વિશ્વાસ લેવામાં વ્યવસ્થા મોહની છતાં. ૧૮-૧૯

પોતાની ચાલ તો મોહ જણાવા દે ન કોઈને,
છતાં શી પરખાઈ તે આવે છે ભલીપેર જે,
જવું પડે ન એને તો ખોળવા ઝાઝું દૂર કૈં,
છતાં સંપૂર્ણ તો મોહ જવો જણાઈ દુર્લભે. ૨૦-૨૧

પોતાનું સાધી લેવામાં શકરોબાજ મોહ છે,
સીધે સીધી જ શી ચોટ મોહની લક્ષ્યની પરે !
દૃષ્ટિ શી લક્ષવેધી છે ! દાઢ જે સળકેલી છે
-મોહની કંઈ કેમે ના મેળે જતી રહેતી છે. ૨૨-૨૩

પોતાને સાધવાનું જે કર્મ છે, મોહ તે વિશે
-એકલો એકલો કેવો છાનોમાનો રમ્યા કરે !
ખુલ્લેખુલ્લું જ સંપૂર્ણ પાનાં બાજીતણાં બધાં
-કરી તે નાખવાનું તો તેને ના ફાવતું કદા. ૨૪-૨૫

ભરેલો દંભ સંપૂર્ણ મોહના જીવને સદા,
દેખાય સ્પષ્ટ જે, તોયે સ્વીકારતું ન તે કદા. ૨૬
દલીલ, તર્ક તો કેવાં બચાવ કરવા કરે,
શો પારંગત છે મોહ એવી નિજ કળા વિશે ! ૨૭

ચાલાકી મોહમાં કેવી અપરંપાર હોય છે !
છતાં તેવો ન પોતે હો એવો એનો દીદાર છે. ૨૮

અજ્ઞાન ઢાંકવા માટે કેવો નિષ્ણાત મોહ છે !
છૂપી શી રીતની ગૂઢ મોહની ચાલબાજી છે ! ૨૯

મૂઢતા શી પૂરેપૂરી મોહમાં નરી હોય છે !
છતાં તે દે ન દેખાવા એવો કાબેલ મોહ છે. ૩૦

મોહને લાલસાઓ છે જુદા જુદા પ્રકારની,
એને સંતોષવામાં તો મોહ કેવો રમે ચહી ! ૩૧

હવાતિયાં શું મારે છે વારંવાર જ મોહ જે !
મારવાં ડાફરિયાં તે મોહનો શો સ્વભાવ છે !
ફાંફાં જે આમથી તેમ મોઢું ફેરવ્યા કરી
-શિકાર મુખમાં લેવા મોહની છે તરાપ શી ! ૩૨-૩૩

સોહામણી રસીલી શી ઈન્દ્રજાળ ખરેખરી !
ફાંકડી મોહની એવી સંસારે રસ-રંગીલી. ૩૪

મોહનું કેવું વાજિંત્ર સૂર-બેસૂરવાળું જે !
છતાં વગાડવામાં શો તાન, ઉસ્તાદ મોહ છે !
પછી મોહતણા તાન-આલાપ શા વિચિત્ર છે !
સુરીલા મોહને લાગે, કિંતુ ના વાસ્તવિક તે. ૩૫-૩૬

મોહને કેવું પોતાના વિશે છે ભાન-જ્ઞાનયે,
મોહને કેવી પોતાની ધારણા દિલ હોય છે,
પાર શી પાડવા નેમ મોહને કેવી હોય છે !
સંતોષાવા પૂરી તે શો મોહ ત્યાં દૃઢ નિશ્ચલ ! ૩૭-૩૮

હાડકાંપાંસળાં સર્વ મોહનાં દોદળાં ન છે,
હૃષ્ટપુષ્ટ શું દેખાવ ! મોહ જાજવલ્યમાન છે,
છતાં કદીક દેવાળું નર્યું શો મોહ કાઢતો !
પકડાઈ જતાં લજ્જા એને આવે ન કૈં જ તો. ૩૯-૪૦

પૂર્ણ સંતોષ લેવામાં મોહ શો એકરાગ છે !
વચ્ચે કૈં નડતાં એને પ્રાણ નીકળી જાય છે. ૪૧

એકના એક કૂંડાળે પડી રહેતો જ મોહ જે,
એકનું એક તો માત્ર સૂઝયા તે મોહને કરે. ૪૨

ઊઠતાં, બેસતાં એને એકનું એક નિત્ય છે
-રટણ એકધારું ને તે વિષય પરત્વ છે. ૪૩

એકની એક તો વાત વાગોળ્યા મોહ શો કરે !
ના'વે છે દિલ કંટાળો તેનો કશો જ મોહને !
એને તો ચાટનું ખાવા શો ભસકો બહુ જ છે,
'પોતે શો લાગશે ભૂંડો' ભાન ના એટલુંય છે. ૪૪-૪૫

મોહને મોહમાં કેવી એકનિષ્ઠા ખરેખરી,
ચલિત મોહ ના થાય કશામાં કોઈ તે રીતે,
થતો શિથિલ લાગે છે, છતાં તે તેમ કૈં ન છે,
એકધારો ગતિશીલ તે ક્રિયાશીલ મોહ છે. ૪૬-૪૭

પોતાના વિષયે ગાઢ એને અંતરમુખતા,
રહે તલ્લીન સંપૂર્ણ જેમાં પોતે ડૂબેલ જયાં. ૪૮

એક રીતે ભલે મોહ આંધળો હો બધી રીતે,
છતાં જે એની આંખો તે મોહ પ્રકારની જ છે,
તેથી તેને બધું જે તે મોહની રીતનું દીસે,
મોહ વિના કશું એને બીજું કૈં સૂઝતું ન છે. ૪૯-૫૦

મોહમાં મોહથી કેવો મોહ લપાઈ જાય છે !
મોહમાં લપટાયેલો મોહ ખંધો ખસૂસ છે. ૫૧

મોહ કળણ છે ભારે છતાં કળણ મોહનું
-છે ભયંકર એવું કૈં જાણી શકાતું છે ન તે. ૫૨

માપવું મોહનું પાણી સર્વ કોઈથી ના બને,
છતાં મપાઈ તે જાય તેવા એનાં જ દર્શને. ૫૩

પોતાની ચાલબાજીની મોહને જાણકારી છે,
જાણે છે મોહ તો કેમ ખેલવી શેતરંજ તે. ૫૪

મોહને નિજ બાજીમાં ફસાવતાં જ આવડે,
નિષ્ફળતા મળે તોયે છાલ તે છોડતો ન છે,
શો મજબૂત રાખે છે તંત જે પકડેલ છે,
આમળો વળ ના છોડે એવો અક્કડ મોહ છે,
છતાં પાછો સમો આવે કેવો પૂરો નમી પડે !
નરમઘેંશ સંપૂર્ણ એને થતાં જ આવડે,
અનેક રીતની એની એવી શી ચાલબાજી છે !
ઉસ્તાદી મોહની કેવી સીધી સાદી કદી ન છે !
છાનીમાની છૂપી છૂપી મોહની ચાલ ગૂઢ છે,
પોતાની નેમનો ખ્યાલ એને જીવંત હોય છે. ૫૫-૫૯

પોતાની ચાલબાજીની સંપૂર્ણ જાણકારી છે,
તે અભિપ્રાય પોતાનો બદલી કૈં શકે ન છે,
પોતાને ચાલવું જેમ તેમ તે ચાલતો શું છે !
બંધાયેલો જ પોતાથી પોતે શો એકલો જ છે ! ૬૦-૬૧

પહોંચ મોહને પૂરી પહોંચી વળવા શી છે !
મોહ સ્વતંત્ર સંપૂર્ણ મોહની નિજ બાબતે,
જ્યાં જ્યાં નિસ્બત, સંબંધ, ત્યાં ત્યાં શો મોહ તે રીતે
-વર્તવાની કળા યોગ્ય જાણતો છે પૂરી રીતે. ૬૨-૬૩

સુંદર મોહ દેખાવે, માંહ્યલું કિંતુ ભ્રષ્ટ છે,
નીતિ અનીતિનો ખ્યાલ મોહને તો કશો ન છે. ૬૪

પ્રચંડ ભડકા જેવી લોલુપતા શી મોહને !
મોહની જીભ તો મારે લબકારા અખંડ જે. ૬૫

મોહ અકરાંતિયો ભારે એને અજીર્ણ થાય ના,
ખાધું પેટ ભરી હોય, તેનું તે માગતો છતાં,
એવો ભુખાળવો મોહ, તાન ભોગવવાનું છે,
લગ્ને લગ્ને કુંવારો છે, તેનું કૂંડાળું એક છે. ૬૬-૬૭

મોહની ભૂખનો અંત મેળે કદી ન આવતો,
બઢ્યાં તે કરતી લાગે, ઘૂમતો ગગને ચગે. ૬૮

મોહનું પેટ હંમેશાં કેવું ભુખાળવું જ છે !
એને સંતોષ સંપૂર્ણ ભરાતાંય થતો ન છે. ૬૯

એકની એક શો મોહ અનેક વાર તો વળી
-દિલની ઝંખના ને તે ચાહતો ચાખવા ફરી !
શો વારંવાર ચાખે છે છતાં ધરાય તે નહિ !
એવો ખાઉધરો મોહ જેનો જોટો મળે નહિ. ૭૦-૭૧

પળેલો આગળે મોહ, પાછળે શો પળેલ છે !
એ સંતોષાય જ્યાં જ્યાં, ત્યાં મોહ શો ભાગતો ફરે !
મોહની ભૂખ કેમેયે સંતોષાતી નથી કશે,
ભુખાળવો સદાનો શો છે ખરેખર મોહ તે ! ૭૨-૭૩

નબળો, દોદળો મોહ મોહ તો કદીયે ન છે,
પોતાના વિષયે મોહ શો પરાક્રમી મર્દ છે ! ૭૪

મોહ પરાક્રમી વેશ પ્હેરી શો ભભકો ધરે !
ભાગ ભજવવા એવો તૈયારી મોહની શી જે !

કદીક એનું ભોપાળું છતાં બ્હાર પડી જતું,
ત્યારે શો મોહ છોભીલો ખરેખરો પડી જતો. ૭૫-૭૬

મોહ તાકાતવાળો છે છતાં શો નબળોય છે !
હોય જે ઊલટું તેથી દર્શાવવાની ચાલ છે,
સંતાડી રાખવું મોહ તે ભલીપેર જાણતો,
કદીક સ્પષ્ટ ને ખુલ્લો લાભ માટે થતો શું તે ! ૭૭-૭૮

જેવો તેવો ન છે મોહ, કાચોપોચો ન મોહ છે,
રીઢો થઈ ગયેલો છે ટપલા ખાઈ મોહ જે,
દુણાયેલો રહે મોહ કેવો કદીક અંતરે !
આસાએશ વળી એને મળે કોઈક વાર તે. ૭૯-૮૦

અભિગમ, અભિરુચિ મોહને નિજ વિષયે
-ટકોરાબંધ હંમેશાં જીવતી જાગતી જ છે. ૮૧

મોહને વિષયે એના કેવું યોગ્ય પટુત્વ છે,
કાબેલિયત ત્યાં એની કેવી કામણગારી છે ! ૮૨

મોહને શું રખોપું છે, મોહની દેખભાળ જે
-પૂરેપૂરી શી રાખે છે ચોતરફની નિત્ય તે !
કશું એળે જવા ના દે, મિથ્યા એને કશું ન છે,
ઉદ્યત હોંશથી કેવો ! ભર્યો ઉમંગથી શું છે ! ૮૩-૮૪

ચારેયે બાજુએ આંખ મોહને કેવી હોય છે !
શો ચોકીદાર પોતાનો પોતે શો યોગ્ય નિત્ય છે ! ૮૫

મોહની યોગ્ય સંપૂર્ણ નેમધારી ચકોરતા,
નિશાનબાજ છે મોહ ચૂકે છે તે નિશાન ના. ૮૬

મોહના લક્ષ્યના કેંદ્રતણું નિશાન હોય જે,
તેમાંય ના ચસે પોતે કોઈ પણ કશી રીતે. ૮૭

આડરસ્તે કદી મોહ કેમે કર્યો જતો ન છે,
પોતાને કરવાનું જે મોહ તે ભૂલતો ન છે. ૮૮

બંધાયેલો પૂરેપૂરો મોહ કેવો રહે સદા !
જેમાં બંધાયેલો તેથી વિખૂટો ના પડે કદા. ૮૯

મોહને જન્મતાં વાર કશીયે લાગતી ન છે,
જાણે સ્વયંભૂ પોતે હો એમ શી એની ચાલ છે ! ૯૦

યોગ્યાયોગ્યતણી સાચી તુલના મોહથી કદી
-જીવને થાય છે ના કૈં, શો અર્ધદગ્ધ મોહ જે ! ૯૧

આકાશગામી તો પાંખો મોહને ના કશીય છે,
પાંખો તો મોહની સ્હેજે ના ઉડ્ડયનશીલ છે. ૯૨

મોહનાં બારણાં કેવાં બંધ સજ્જડ હોય છે,
પેસી કે નીકળી કોઈ જેમાંથી ના જ તે શકે. ૯૩

પોતાનામાં પૂરેપૂરું જેનું લક્ષ રહેલ છે,
જીવને મોહ શો પોતે એવો એકલપંથી છે ! ૯૪

મોહ જીવનમાં યોગ્ય ગુણો છોને ભલે હશે,
પ્રકાશ તેમનો કિંતુ પ્રસરાતો ન જીવને,
મોહના જીવને ગુણો, કદીક અવગુણના
-સ્વરૂપમાં પ્રવર્તીને, આડફંટે જ પ્રેરતા. ૯૫-૯૬

મોહના પ્રાણ તેજસ્વી, શક્તિ એની અપાર છે,
ઊડીને વળગે એવો છાનો એનો પ્રસાર છે. ૯૭

અનેક મોહને પાંખ, ક્યાંથી ક્યાં તે ઊડી શકે,
અટક મોહને ક્યાંયે જીવને ના કશાથી છે. ૯૮

અશરીરી છતાં મોહ ધારે સ્વરૂપ કેટલાં !
ફાંટા એના જુદા જુદા છતાં એક પ્રકારના. ૯૯

રજસ ગુણ પ્રાધાન્ય મોહ-અંતર-જીવને,
'કદી તેમાં ન છે 'સત્ત્વ' તે હકીકત સત્ય છે,
કદીક મોહમાં કૈંક નર્યો પ્રમાદ હોય છે,
તેથી તમસનો ગુણ મોહમાં તો ભરેલ છે. ૧૦૦-૧૦૧

શો ભયંકર ભારે છે મોહનો જ્વર જીવને !
શેકાયો જીવ છે કેવો ! છતાં આનંદ જીવને,
વિટંબણા પડે છે ત્યાં છતાં મનાદિ તે સહે,
મોહમાં દુઃખ છે તોયે મન ના ગણકારશે. ૧૦૨-૧૦૩

મોહમાં ભ્રમણાઓ છે, અજ્ઞાન મોહમાં જ છે,
સ્પષ્ટતા સર્વ બાજુની મોહના જીવને ન છે,
વ્યવસ્થા યોગ્ય સંપૂર્ણ મોહ જીવનમાં ન છે,
યદ્વાતદ્વાપણું કેવું મોહમાં વરતાય છે ! ૧૦૪-૧૦૫

મોહને સર્વ બાજુની સમગ્ર દૃષ્ટિ કૈં ન છે,
કેવું સમગ્રતાને ને મોહને છેટું છેટું છે !
વળી સળંગતા મોહ જાળવી શકતો ન છે,
મોહને પાલવે એવું તો સૌ કંઈ કદી ન જે. ૧૦૬-૧૦૭

'મોહનું પેટ તે છે કે પાતાળ' ના જણાય છે,
સ્વાહા કરી જવા પોતે મોહ તત્પર હોય છે,
લાભ તે શોધતો ર્હે છે મળ્યે ઝડપી તુર્ત લે.
ટાંપીને દક્ષ બેઠેલો મોહ શો નિત્ય હોય છે, ૧૦૮-૧૦૯

ભોગવે એકનું એક ધરાવો તે છતાં ન છે,
છે અકરાંતિયો કેવો મોહનો તો સ્વભાવ જે !
હોવા છતાં પૂરેપૂરો મોહ પોતે વિચિત્ર તે,
છતાં તેવો ન તે માને હૈયે પોતાની જાતને. ૧૧૦-૧૧૧

સંસારે મોહનો કેવો આડંબર વિચિત્ર છે !
કદીક ભભકો એનો અપરંપાર હોય છે,
ગરીબ હોય ભિખારી તેવી ખરેખરી રીતે
-તેવા તેવા પ્રસંગે તો મોહ શો વર્તી જાણતો ! ૧૧૨-૧૧૩

તે શેખચલ્લીના જેવી, વાતો કઢંગી શી કરે !
છતાં તે માની લેવાનું મોહ તો મન શું કરે !
પાકો પાયો ન જેનો છે, જેનું મંડાણ ના કશું,
એવુંયે મોહ તો કેવું માની લેતો જ હોય શું ! ૧૧૪-૧૧૫

શો અડબંગ પૂરો છે મોહ પોતે બધી રીતે !
પોતે છતાંય ના તેવો દેખાવા ડોળ શો કરે !
જેવો તે હોય, તેવો ને તેવોય વ્યવહારમાં
-જણાઈ તેમ દેવાને મોહ તૈયાર ના કદા. ૧૧૬-૧૧૭

શી સ્થિતિચુસ્તતા પૂરી તે જડબેસલાક છે,
બંધારણ પૂરેપૂરું મોહનું તેવું હોય છે,
'છતાં જાણે ખરો પોતે પૂરેપૂરો સ્વતંત્ર છે',
એવું તો મોહ માનીને વ્યવહાર કર્યા કરે. ૧૧૮-૧૧૯

મોહની પગદંડીની નિશ્ચિત જાણ કોઈને
-યોગ્ય પ્રકારની પૂર્ણ બીજાને નવ હોય છે,

‘કેમ, ક્યાં, કેવું, શી રીતે ચાલશે નિજપંથ તે’
સંપૂર્ણ રીતથી કોઈ તેવું કહી ન કો શકે. ૧૨૦-૧૨૧

છે રાહબર પોતાનો મોહને મોહનો જ તે,
લેવા સલાહ કોઈની પાસ મોહ જતો ન છે,
અંગત વાત પોતાની તે છુપાયેલી રાખશે.
અણસારો કશો એના વિશે ના આવવા જ દે. ૧૨૨-૧૨૩

મોહમાં ખોટી વૃત્તિઓ રહે પોતાની કેવી તે !
વાતો મોહની મેલી છે, ચોંટે છે વજ્રલેપ જે,
પ્રાયશ્ચિત્તની એને તો પ્રેરણા થતી ના કદી,
રમ્યા કરે જ મેલા ને મેલામાં મોહ શો ચહી ! ૧૨૪-૧૨૫

ઘણાખરાં જ એનાં એ આવે છે રમખાણ ત્યાં,
મોહના રસ મેદાને આવે ફરી ફરી ત્યહાં.
ફરી ફરીને એના એ એના એ જ પ્રસંગ છે,
છતાં નવીનતા તેમાં લાગે, એવો જ મોહ છે. ૧૨૬-૧૨૭

દોરદમામ શા ભારે મોહને નિજ અંતરે !
દાવો મોટો, છતાં પાછું તેવું જોશ કશું ન છે,
પડે પાછો છતાં કેવો ચસ્કો નિજ મૂકે ન તે,
વલણ આગ્રહી એનું, છતાં ના બળવાન તે. ૧૨૮-૧૨૯

મોહે જે પકડેલું છે તે તે કદી ન મૂકશે,
મરીને કટકા થાય છતાંય તે ન છોડશે,
મોહને અંત તો માત્ર ધુમાડાના જ બાચકા,
એના જેવું પરિણામ મોહના કર્મનું સદા. ૧૩૦-૧૩૧

મોહને શોધવા માટે ક્યાંય જવું પડે ન છે,
હોય છે પથરાયેલી જ્યાં ત્યાં શી તક મોહને !
મોહ પોતાની મેળે શો પોતાની જાળમાં સદા
-કેવો પૂર્ણ ભરાયેલો પડેલો છે અજાણમાં ! ૧૩૨-૧૩૩

સમાધાનતણી એવી કશી વૃત્તિ ન મોહમાં,
બળતી તાવણી જેવું બળે છે દિલ મોહમાં,
લાચારી મોહમાં કેવી ત્યાં જડબેસલાક છે !
છતાં ખાલી ફૂલેલો ર્‌હે મોહ ફુગ્ગાની જેમ તે. ૧૩૪-૧૩૫

કેવી નિષ્ફળતા પાકી જીવને મોહને મળે !
સાનભાન છતાં સ્‌હેજે મોહને પ્રગટે ન છે,
બોથડ શો વિચાર્યા કૈં વિના મોહ પથે ધપે !
વળી મોહની આશા ને કલ્પના ખાલી ખાલી છે. ૧૩૬-૧૩૭

વારંવાર પડે તોયે શો અડીખમ મોહ છે !
હારની પરવા ઝાઝી મોહને નવ હોય છે,
પડે, તૂટે અને ભાંગે છતાંયે મોહ તે જ છે,
ગમે તે થાય, તેવો ને તેવો મોહ સદા શું છે ! ૧૩૮-૧૩૯

આડખીલી કશી જયારે પ્રવર્તે મોહપંથ જો,
ઊંચોનીચો થતો કેવો મોહ ત્યારે ખરેખરો !
આમ તો મોહ પોતે છે સંપૂર્ણ યોગ્ય મર્દ ના,
પ્રસંગ પડતાં એવો પડતાં નમી, વાર ના. ૧૪૦-૧૪૧

દૂરંદેશીપણું ઝાઝું મોહનામાં કશું ન છે,
મોહની ધૂંધળી દૃષ્ટિ જોઈ આઘેનું ના શકે,
એકલું માત્ર પોતામાં પૂરેપૂરું જ રાચીને,
-મોહ પ્રવર્તતો ઊંધું ઘાલીને નિજ પંથ તે. ૧૪૨-૧૪૩

મોહ એકલપેટો છે, સ્વાર્થી મોહ ખરેખરો,
મોહની ટૂંકી દૃષ્ટિ છે, આપમતલબી જ શો !
સધાવા સ્વાર્થમાંયે કૈં એને ઉદારતા ન છે.
સધાતો સ્વાર્થ જો હો તો ગમે તે કરવા શૂરો. ૧૪૪-૧૪૫

પોતાનું સાધવામાં કૈં થડકારો થતો ન છે,
મોહ શો ટકી ર્‌હેવામાં દૃઢ નિશ્ચળ ખૂબ છે. ૧૪૬

મારવા માથું તો મોહ બીજાનામાં ન તત્પર,
કિંતુ જ્યાં સ્વાર્થ એનો હો ત્યાં શૂરો તે ખરેખર,
પોતાનું સાચવી પૂરું મોહ જે તે બધું કરે,
પોતાનું કૈં જ ખોવાને તૈયાર મોહ તો ન છે. ૧૪૭-૧૪૮

હાથ ના મોહના ચોખ્ખા, સાફ ના દિલ મોહનું,
પેરવીમાં જ પોતાની આઠે પો'ર રમે નર્યું,
એક ને એકનું માત્ર મોહને તાન છે રૂડું,
એના વિના હ્દે એને પડે ચેન ન કૈં કશું. ૧૪૯-૧૫૦

મોહની છાલકો ભારે ઊછળી, છલકાઈને
-ચારેબાજુ વહેવા તે લાગે છે ઊભરાઈને,
ઘોર અંધેર સંપૂર્ણ, અવ્યવસ્થા ઊભી કરે,
છતાં શો जीव તેમાં ને તેમાં બાથોડિયાં ભરે ! ૧૫૧-૧૫૨

સ્વચ્છંદે મ્‌હાલવું, શું ને ભોગવ્યા કરવું ગમે,
ને ખચકાટ વચ્ચે કૈં નડતાં, ભભૂક્યા કરે,
હવામાં બાચકા જેવો મોહનો ક્રોધ હોય છે,
કશું એનું વળે છે ના, કૂંડાળે તે છતાં રમે. ૧૫૩-૧૫૪

બાજી મોહ બિછાવે છે વિચારીને, વિચારીને,
છતાં ફતેહ સંપૂર્ણ મોહ ત્યાં પામતો ન છે,
નાસીપાસ થતાં પાછો મોહ તો પડતો ન છે,
લીધેલાં કામમાં કેવો મોહ ગૂંથાયેલો રહે ! ૧૫૫-૧૫૬

લાગે છે એકલો મોહ એની સાથે ન કોઈ છે,
છતાંય એની સંગાથે સાથીદાર અનેક છે. ૧૫૭

મોહને જીવને કેવાં સગાં છે કેટકેટલાં,
તેમની ભાઈબંધી છે મોહની સાથ સર્વદા. ૧૫૮

મોહ ના એકલો પોતે, એની સાથ ઘણાંય છે,
મજબૂત બનાવે છે મોહને તે બધાં પથે,
કમજોર વળી મોહ કોઈ પ્રકારથી ન છે,
મોહદશા વિશે મોહ જિતાવો સાવ દુર્લભે. ૧૫૯-૧૬૦

જીવને મોહને રૂડા માડીજાયા જ મિત્ર છે,
પંગતે એકબીજાની હોડ કેવી બક્યા કરે !
તે સૌને ઓથ ને હૂંફ, સહાનુભૂતિ, સાથ ને
-સોબત, વિઘ્ન, મુશ્કેલી સમે સૌની મળ્યા કરે. ૧૬૧-૧૬૨

મોહની પાછળે, સાથે મહારથી અનેક છે,
એકથી એક તે કેવા ચઢિયાતા જ શ્રેષ્ઠ છે,
કામક્રોધાદિ ને મોહ માડીજાયા જ ભાઈ છે,
એકબીજાની સંગાથે શા વણાયેલ સર્વ છે ! ૧૬૩-૧૬૪

કામક્રોધાદિ શા માડીજાયા જ ભાઈ ભાઈ છે,
વિખૂટા એકબીજાથી કદીયે પડતા ન છે,
જીવને સંકળાયેલા તે પરસ્પર અંતરે,
કદીક જોશવાળો છે એક, બીજો કદીક છે. ૧૬૫-૧૬૬

પોતાના જાતભાઈની લેવા સંભાળ મોહને
-નવરાશ નથી હોતી, ને દરકાર કશી ન છે,
ઊલટો જો સધાતો હો નિજનો સ્વાર્થ તે સમે,
મોહ છેતરી લેવાને શૂરો તત્પર દિલ છે. ૧૬૭-૧૬૮

ગુણના કરતાં એના અવગુણો વિશેષ છે,
છતાંયે લોક તો એની હદે પસંદગી કરે,
કેટલો કેટલો વ્હાલો, લાગે સંસારીને જ તે,
'છે ફસાયેલ ત્યાં પોતે' એવું કદી ન માનશે. ૧૬૯-૧૭૦

ઉકેલવા જતાં એના પોપડા જે અનેક છે,
પહોંચી ના વળાતું છે ગમેયે તેટલું કર્યે,
વિચારીને વિચારીને અંતે થાકી જતા જ છે,
મોહના મેલની એવી જુદી જુદી કથા શી છે ! ૧૭૧-૧૭૨

મોહને સર્વ પાસાંથી જાણી લેવો ન સ્હેલ છે,
મોહ અટપટો કેવો જેમાં સરળતા ન છે,
મોહનું સ્વચ્છમાં સ્વચ્છ કદી દર્શન થાય ના,
દક્ષતામાં પૂરો, તોયે સંપૂર્ણ દક્ષ મોહ ના. ૧૭૩-૧૭૪

મોહને આળપંપાળ જોઈએ આમ તો ન છે,
છતાંયે આળપંપાળ પાછી તો મોહને શી છે !
એક એકથી શા જુદા રાચે છે વિષયો વિશે !
એવો શો મોહનો ભારે નાટારંગ અપાર છે ! ૧૭૫-૧૭૬

કેટલા કેટલા પ્રશ્નો મોહને મન ઉદ્ભવે,
પૂર્ણ ઉકેલ તે સૌનો મોહ લાવી શકે ન છે,
દિલમાં ગૂંચવાયેલા રહેવું મોહને પડે,
સંપૂર્ણ શાંત તો મોહ કોઈ દી નવ હોય છે. ૧૭૭-૧૭૮

નબાપો, નધણિયાતો મોહ કેવો ખરેખરો !
ધણીધોરીય સંસારે મોહનું કોઈયે ન છે,
છતાં અનાથના જેવો મોહ પોતે ન છે કદી.
પ્રાબલ્ય, પાણી તો કેવાં મોહનાં હોય છે વળી. ૧૭૯-૧૮૦

બ્રહ્મની ભૂમિકા જાણે મોહની હોય, તે રીતે
- સત્ અસત્ મોહને ના છે, પોતાના કર્મને વિશે,
ગુણાતીત છતાં ના તે, દ્વંદ્વાતીત વળી ન તે,
વિરોધાભાસ ના એને કશી વાતેય ક્યાંય છે. ૧૮૧-૧૮૨

હૃદયંગમ ગાથા છે રસિક મોહનીય શી !
મળી શકેય તેમાંથી પ્રેરણા એવું કૈં નથી,
છતાં મોહનીયે ગાથા શા ઈતિહાસની જગે !
લેવા જેવો કશો ઊંડો તેમાંથી પાઠ કૈં ન છે. ૧૮૩-૧૮૪

❑

## અધ્યાય ૨ : મોહવર્તન

(અનુષ્ટુપ)

'ઢંકાયેલું છૂપા ર્‌હેવું' મોહનો શો સ્વભાવ તે !
ભ્રમણામાં ઊંધી રીતે નાખવા મોહચાલ છે. ૧૮૫

પોતાનું છોડવા કેમે તત્પર મોહ થાય ના,
સજ્જડ ઝોડની જેમ વળગે મોહ સર્વદા. ૧૮૬

મોહ તો પડળો કેવાં મૂળથી ફેરવાવી દે,
પાછું તે વળી છે સાચું નિશ્ચે દઢ કરાવી દે. ૧૮૭

વિસ્તાર મોહનો કેવો જીવને તે થયા કરે !
પોતાનું મોહ વર્ચસ્વ વધાર્યા કરતો જ છે. ૧૮૮

યોગ્યાયોગ્ય બધાં કર્મે બુદ્ધિથી તે કળાય છે,
છતાં ત્યાં મોહને લીધે વર્તવું તેમ ના બને. ૧૮૯

સ્પષ્ટ જીવનમાં જોતાં શી કેટલીક વાર તે
-મોહ ગાંડાંય કાઢે છે ! મોહમાં ઘેલછાય છે.
મોહનો સ્વાર્થ જ્યાં કૈંક સધાતો હોય તે પળે
-મોહ નિરાગ્રહી પૂર્ણ ત્યારે ર્‌હેતો શું હોય છે ! ૧૯૦-૧૯૧

મોહનું મરડાયે છે મુખ કોઈ પ્રસંગથી,
નારાજ મોહ શો થાય કોઈની વર્તણૂકથી !
સંતોષાવા બધું મોહ છોડી દેવા જ તત્પર,
છતાં ના હાથમાં આવે મોહને જોઈતું સુખ. ૧૯૨-૧૯૩

ન્યાય, અન્યાયનું માપ મોહને ખપતું ન છે,
મૂલ્યાંકન બધાં એનાં મોહને મોહની રીતે,
સધાતું હોય જે રીતે મોહનું મોહને રૂડું,
પોતાની વાતનું ધ્યાન રાખે સૌ કોઈ તો ખરું. ૧૯૪-૧૯૫

મોહને માત્ર છે એકબાજુતણું જ ચોકઠું,
મોહનું તેથી જોવાનું એકબાજુનું શું થતું ! ૧૯૬

મોહ વિશ્વાસનો ભંગ બેધડક કરી શકે,
એને ના આંચકો લાગે બેવફાદાર કૈં થતે. ૧૯૭

ફરી કૈં બેસતાં વાર મોહને લાગતી ન છે,
ભરોસો પૂર્ણ ને પાકો તેથી તો મોહનો ન છે,

પાઘડી ફેરવી તોળે એકબોલી ન મોહ છે,
છતાંયે મોહથી જે તે સંસારે વર્તવું શું છે ! ૧૯૮-૧૯૯

એકનું એક પોતાનું મોહ ઝૂડ્યા કરે બધું,
મોહની લાલસા વિશે લપેટાયેલ મોહ શું ! ૨૦૦

ભોગવવા વિશે શૂરો મોહ તત્પર નિત્ય છે,
'અંજાઈ જાય' તોયે કૈં એનું ભાન ન મોહને. ૨૦૧

ઈશારા મોહના કેવા લોભામણા, ફસામણા,
તે લલચાવનારા છે, કેવી તે નિમ્ન ભૂમિકા ! ૨૦૨

પ્રપંચ, દંભ, લુચ્ચાઈ, ખંધાઈ, બેવફાઈ કૈં
-છળકપટ શાં છાનાં ! ખટપટો શી મોહને !
મોહ ફળાવવા ચાહે પોતાનું જે નિશાન છે,
કિંતુ અંતે જીતે છે તે જેને હજાર હાથ છે. ૨૦૩-૨૦૪

સામું માનવી તે જ્યારે આપણા તે પરત્વના
-મોહમાં તે ફસાયેલું પૂરેપૂરું જ લાગતાં,
તેનો તો લાભ લૈ લેવા શાં તે ઉધત થાય છે,
પોતાનાંને કશો ત્યારે આંચકો આવતો ન છે. ૨૦૫-૨૦૬

માનેલાં નિજનાં તેવાં મોહમાં શાં ફસાઈને !
ખેંચાઈ મોહથી કેવાં આકર્ષણે ડૂબેલ જે,
આત્મવિશ્વાસનો ભંગ, તેમાંનાં કેટલાંક તે
-કોઈક વાર લેવાને લાભ, શા કરી બેસતાં ! ૨૦૭-૨૦૮

કૈં પાજીપણું ઉઘાડું મોહમાં મોહનું શું છે !
છૂપો પ્રપંચ, લુચ્ચાઈ મોહનાં અંતરંગ તે,

ઉઘાડી બાજી ખુલ્લી સૌ કરી દેતો ન મોહ છે,
મોહની વાસનાકેરા ભર્યા ભભક રંગ છે. ૨૦૯-૨૧૦

તકેદારી પૂરી રીતે રાખે છે મોહ કેવી તે,
'પકડાઈ ન તે જાય' જોતો ર્‌હે છે જ તેવું તે,
સપડાઈ જતાં કેવો છટકબારી જાણતો,
ખોડીબારાંતણા રસ્તે તેવો નીકળી જાય શો ! ૨૧૧-૨૧૨

શો પકડાઈ તો જાય ઓચિંતો મોહ આપથી !
આંટીઘૂંટી રમી જાણે મોહ કેવી કુનેહથી !
સીધો સાદો છતાં પાછો મોહ એવો જણાય છે,
સરળ લાગતો, તોયે તેવો અંતરમાં ન તે. ૨૧૩-૨૧૪

ક્યાંય તે મોહને મોઢે સરખું ગળણું ન છે,
કોઈયે રીતનું ક્યાંયે મોહને ઢાંકણું ન છે,
તો શો કદીક ઉઘાડો મોહ તો પડી જાય છે !
છોગું તો મોહને માથે કોઈ પ્રકારનું ન છે. ૨૧૫-૨૧૬

સંતોષાવા ઊંડી ભૂખ શો તલસાટ મોહને !
નડતર થતાં વચ્ચે શો ઉશ્કેરાટ એહને ! ૨૧૭

સંતોષાતાં ન જ્યાં એક, બીજામાં તે પ્રવેશવા,
શેખચલ્લીતણા કેવા ઘાટ ઘડ્યા કરે તદા. ૨૧૮

તટસ્થતા ન સૂ્‌હેજે છે દશામાં એવી મોહને,
-એકબાજુનું તે માત્ર મોહ વિચારી તો શકે. ૨૧૯

મોહને અંતરાયો છે તેને ખસેડી નાખવા,
મોહ કેવો મથે ખંતે અણદીઠ રીતે તદા. ૨૨૦

ટકોરાબંધ પ્રવૃત્તિ મોહની અકબંધ છે,
અખંડાકાર ચાલે છે તેમાં ના મીનમેખ છે. ૨૨૧

શૂરી તત્પરતા કેવી સજીવન પૂરેપૂરી
-મોહની વર્તવા ટાણે ! ત્યાં શી બાહોશી મોહની !
પોતાનામાં પૂરેપૂરો મોહ એકાગ્ર હોય છે,
તે શો બીજાં બધાંનામાં આંધળોભીંત હોય છે ! ૨૨૨-૨૨૩

આડુંઅવળું કૈં મોહ જોતો નથી કશુંય તે,
એને છે પડી પોતાની, પોતાનામાં જ મગ્ન છે. ૨૨૪

સૌ જે કૈં કરતાં હોવા છતાં, શો મોહ તે વિશે
-એકધારો રમે, પાછું જે તે ચાલ્યા કરે બધું,
સૌ કૈં વચ્ચે છતાં મોહ કેડો શો નિજ, જીવતો
-સતત કરતો ધાર્યા, એવો એનો સ્વભાવ છે. ૨૨૫-૨૨૬

મોઢે તો મોહને તાળું કેવું મારેલ સજ્જડ,
કૈં ચોખવટ તો મોહ કરી ના શકતો ઠીક,
આંધળે બ્હેરું કુટાય કેટલી વાર મોહનું,
છાનુંમાનું સહી લેવા વિના કશો ન છૂટકો ! ૨૨૭-૨૨૮

મોહ ગાજી વગાડીને પ્રવેશે છે કદી ન તે,
કોઈ જાણે ન તે રીતે પ્રવેશી, પ્રસરે બધે. ૨૨૯

મોહ તો મોખ જોઈને ઉપભોગ કરી જ લે,
કદી તે મોખને એળે ભૂલેચૂકે જવા ન દે.
પેરવી મોહ જાણે છે સંતોષાવાની નિજને,
મોહને મોહમાં બુદ્ધિ ચાલે કેવી સદંતરે ! ૨૧૩-૨૩૧

દાવ તો ખેલી જાણે છે મોહ યુક્તિ પ્રયુક્તિથી,
ધારેલી ચોટનું કેમે નિશાન ચૂકતો નથી,
કેવું પડી પડીને તો પાછળ મોહ દોડતો !
બાચકા તે ધુમાડાના ભરતો છે કદીક શો ! ૨૩૨-૨૩૩

અરે ! અભરખા કેવા કેવા થતા જ મોહને,
ક્યાંયનો ક્યાંય શો ઊડે આકાશગામી મોહ જે ! ૨૩૪

નાચે કૂદે બહુ રીતે મારે છે ઠેકડા શું તે !
લૂલો ને લંગડો થાય કદીક મોહ શો પથે !
ખોડંગાતો ભલે હોય છતાં શો મોહ ચાલતો !
કોઈનાથી ન રોકાતો શો અડિયલ મોહ તો !
મોહ છો હારતો હોય છતાં તે નેમના ભણી
-દૃષ્ટિ એકીટશે રાખી નેમ તે ચૂકતો નથી.
ટેકીલો, ખંતીલો, પાકો જે લેવાયું, મૂકે ન તે,
મરણાંતેય ના છોડે, એવો શો મોહ અંતરે ! ૨૩૫-૨૩૮

સંસારમાંહી માનેલું જે કૈં પોતાનું હોય છે,
છોડી દેવા સમો આવ્યે તૈયારી મોહની ન છે,
બેળે બેળે ત્યજાતાં તે ત્રાસ શો મોહને પડે !
ક્લેશની ચિનગારી તે એને દિલ બળ્યા કરે. ૨૩૯-૨૪૦

ક્યાં ક્યાં શાં ડોકિયાં એણે કહીં કહીં કરેલ છે !
ઉત્તમ શરૂમાં દીઠું, ચાખ્યે લાગ્યું ન મિષ્ટ તે,
છતાં છોડી ન દીધું છે જે એવું એવું કૈં મળ્યું,
એ સૌ પાછળ દોડીને મોહે રચેલ જાળ શું ! ૨૪૧-૨૪૨

મોહ તો બોધ આપે છે, દે શિખામણ ઑર શી !
મોહ શો મોકલાવે છે સંદેશ અણસારથી,

મોહનો રણકો કેવો ! લોભામણો ઘણો ઘણો,
પાડી ભલભલાને તે બનાવે દાસ નિજનો. ૨૪૩-૨૪૪

કૂથલી, જૂઠ ને નિંદા એવા અનેક મેલ જે
-મોહ-શરીરમાં કેવા છૂપા-છાના રહેલ છે,
સાધવા સ્વાર્થ પોતાનો વધેરી નાખવા પૂરો
-બીજાને મોહ તૈયાર તે કેટલો બધો જ છે ? ૨૪૫-૨૪૬

મોહ લંપટતા જાણે, મોહ ના ભોટ હોય છે,
ચાતુર્ય વાપરી જાણે છતાં અક્કલમંદ તે,
જોયું ન જોયું તો મોહ સંસારમાં શું તે કરે !
પોતે સાચી રીતે જે ના, દેખાવા તેમ વર્તશે. ૨૪૭-૨૪૮

આડીઅવળી વાતો તો મોહ કેવો કર્યા કરે,
પોતાનું સાધી લેવામાં નિશાનબાજ મોહ છે,
હીચકારું ભલેને હો તે કર્મ કરવા કશો
-મોહને ખટકો સ્હેજે દિલમાં કૈં ન લાગતો. ૨૪૯-૨૫૦

ધડ માથા વિનાનું તો કદીક મોહ વર્તતો,
કદીક તાળવે જીવ મોહને વળી ચોંટતો,
કૈંક આશા, અપેક્ષાઓ મોહને કેવી હોય છે !
જેનો જોટો ન ક્યાંયે છે એવી અજોડ હોય જે. ૨૫૧-૨૫૨

મોહ અવળચંડો છે, છતાં તેવો ન લાગતો,
એ જ છે ખૂબી એની શી ! કદીક તે પડે ભૂલો,
કદીક મોહ સંસારે છેતરાઈ જ જાય છે,
કદીક સાણસામાં શો તે ઝડપાઈ જાય છે ! ૨૫૩-૨૫૪

મોહને ટપલા ખાવા કેવા કેવા પડેલ છે !
મોહને પરવા એવું થતાં, કશી ન હોય છે,
મોહને કાં લજાવાની સૂહેજે પડી ન હોય છે,
લાજ, શરમને નેવે મોહે મૂકેલ હોય છે. ૨૫૫-૨૫૬

કિલ્લેબંધી ન એને છે, દીવાલો મોહને ન છે,
મોહને ચરવા માટે ચારેબાજુય ખુલ્લી છે,
રોકટોક ન એને છે કોઈનીયે કશી કશે
-વિવેક કેમ કે પૂરો મૃત્યુ પામેલ એથી છે. ૨૫૭-૨૫૮

મોહ સંતાપતો કેવો ! વળી મોહ રડાવતો,
દુઃખ વર્ષાવતો મોહ, હર્ષાદિ મોહ પ્રેરતો,
સુખ આદિ શી વૃત્તિઓ જે પ્રેરાયેલ મોહથી,
ઝાઝી વાર ટકે છે ના, આપમેળે શમી જતી. ૨૫૯-૨૬૦

મોહની કેવી ગોદાટી અંતરથી થયા કરે,
ધક્કેલાયા જતો કેવો પંથ માનવી હોય છે !
ગયા વિના ન ચાલે છે, ડચકાં મોહ ખાય છો,
અધવચ્ચે ઊભો રૂહેતાં આવે શો દિલ આંચકો ૨૬૧-૨૬૨

અધૂરું મૂકી દેવાને એનો જીવ ન ચાલતો,
મૂકી દેવું પડે એવા સંજોગોમાં મુકાય શું !
ભસકા, ચસકા કેવા મોહના ચટકા નર્યા,
કાચીંડા જેમ તો રંગ મોહ શો બદલ્યા કરે ! ૨૬૩-૨૬૪

કરી સાહસ જાણે છે મોહ પોતે ખરેખરું,
પરવા પ્રાણનીયે ના કરે છે કદી મોહ તો,
પોતાનું સાધી લેવાને હોમી દે જાતને પૂરી,
ક્યાંયે તે ખચકાતો ના, મૃત્યુને હાથ શો ધરી ! ૨૬૫-૨૬૬

મોહ તો અફળાયો છે આમથી તેમ જીવને,
ખાલી ખાલી નકામો તે રૂંધાયા શો કરેલ છે !
કોઈ વાતે કશો છેડો આવેલ મોહનો ન છે,
છતાં મોહ મૂકે છે ના લીધેલો તંત કો રીતે. ૨૬૭-૨૬૮

હોય છે સ્વાદ ચાખેલો શેં ફરી ફરી તોય તે
-ઝાવાં માર્યાં કરે મોહ ! એની લોલુપતા શી તે !
ઝંખેલું મેળવી પોતે તેને તો ભોગવેલ છે,
ઝંખી ઝંખી છતાં પાછું ઈચ્છે ભોગવવા શું તે ! ૨૬૯-૨૭૦

ગણ ગણ કરે માત્ર પોતાનું એકલું જ તે,
બીજાનું લક્ષમાં લેવા મોહને કૈં પડી ન છે,
બીજાથી જો સધાતો હોય પોતાનો સ્વાર્થ તે સમે
-સામેથી મોહ દોડીને આવકારે પ્રણામીને. ૨૭૧-૨૭૨

મોહમાં ભળવાનું જ્યાં આવતું હોય મોહને,
મોહ સોંસરવો કેવો તે આરપાર નીકળે !
તે નડતરને યુક્તિ પ્રયુક્તિથી કરી ખરી
-થઈ મુક્ત, પછી કેવો વિહરે માર્ગ મસ્તીથી ! ૨૭૩-૨૭૪

મોહસમુદ્રનાં મોજાં ઊછળી ઊછળી ઘણાં,
ઉછાળો મારી મારીને પછાડો ખાય શી તદા !
જોર મોજાંતણું ભારે, ચાલે ત્યાં નવ કોઈનું,
પ્રચંડ બળવંતું છે જોશ ત્યાં કેવું મોહનું ! ૨૭૫-૨૭૬

બહેકાઈ જતો મોહ નીરખી ઈષ્ટ વસ્તુને,
-ખરેખરો જ તેમાં ને તેમાં પુરાઈ શો રહે !
વારંવાર શી તે મુગ્ધ, દૃષ્ટિ ત્યાં ફરક્યા કરે !
સમગ્રતાથી તો મોહ એને જ માત્ર ઝંખશે. ૨૭૭-૨૭૮

મોહની તે જુવાનીનો તૉર અદ્‌ભુત હોય છે,
ફાટું ફાટું થતો હોય એવી રીતે પ્રવર્તશે,
લેશે અડફટે ત્યારે તે કેટલાંયને પથે,
ક્યાંતો ગબડશે પોતે, ક્યાંતો તે ગબડાવશે. ૨૭૯-૨૮૦

મોહ કૂદી કૂદી કેવો તે કેટલીક વાર તો
-ક્યાંયનો ક્યાંય ઊડીને જીવને તે ઉરાડતો,
આરોગાવે ન-ખાવાનું મોહની પ્રકૃતિ શી તે !
મોહ તો વર્તવાનું તે મેળે દેતો ન ચૂકી જે. ૨૮૧-૨૮૨

બારેય મેઘ ગજર્યા છે, વર્ષ્યા મોહ-જીવને,
શો આડો દાટ વાળ્યો છે છતાં મોહ ડગ્યો ન છે,
જરૂર ભય પામ્યો છે, નિરાંતે તે સૂતો ન છે,
છતાં મોહની ગાદી તે શી અમરપટાની છે ! ૨૮૩-૨૮૪

જ્યારે તે ચાલમાં છે ત્યાં એની રવાલ ઑર છે,
જેનો તેનો થઈ પોતે સંબંધ જીવતો કરે,
પેટમાં પેસીને કેવો મોહ તો છરી ખોસશે !
ખુલ્લેખુલ્લો જ સંપૂર્ણ મોહ કદી ન થાય છે,
એને છાના રહેવામાં ફાવટ આવતી શી છે !
શો હોશિયાર ને દક્ષ પોતાની ચાલમાં જ છે ! ૨૮૫-૨૮૭

સાધવા કર્મ પોતાનું પૂરું પરાવલંબન
-મોહના જીવને કેવું ! જેનું થતું ન અંકન,
આધાર સૌ પડે લેવો એને બીજાની ઉપરે,
'છતાં સ્વતંત્ર તે વિશે પોતે હો,' એમ વર્તશે. ૨૮૮-૨૮૯

બાજી પાથરીને ખુલ્લી મોહ કદી કરે ન તે,
જે ચાલવાની છે ચાલ રાખે અંતર તે ઊંડે,

તેમ ફળાવવા નિત્ય એના તુક્કા અનેક છે,
વાળેલો વળ શો એવો ચડસીલો જ મોહ છે. ૨૯૦-૨૯૧

મોહની ચાલબાજીની ચાતુરી કોઈ ઑર છે,
તેને પારખવા શક્તિ ભાગ્યે કોઈકની જ છે,
શો ઇંતેજાર તો મોહ કદીક દિલ હોય છે !
મોહ તલપ પોતાની સંતોષાવા શું તત્પરે ! ૨૯૨-૨૯૩

ચોખ્ખે ચોખ્ખો ભરેલો છે સંપૂર્ણ મોહ સ્વાર્થથી,
છુપાવવાનું તો મોહ કરે છે તરકીબથી.
છતાં કોઈક વેળા તો છતો શો થઈ જાય છે !
એને નાનમ કો રીતે ત્યારે કૈં આવતી ન છે.
છતાં ત્યારે પડી જાય છોભીલો કૈંક મોહ તે,
બેઠો થઈ જતાં પાછો લાગે ના વાર મોહને. ૨૯૪-૨૯૬

મોહ પાવરધો પૂરો એના તે કર્મને વિશે,
ભૂલ થાય છતાં પાછી મોહથી ન શિખાય છે,
એકની એક તો ભૂલ મોહ કેવો કર્યા કરે !
છતાં તેમાંથી તો મોહ કશું યોગ્ય શીખે ન છે. ૨૯૭-૨૯૮

બાતમી મેળવી લે છે મોહ કેવો છૂપી રીતે !
એની ખબર કોઈને મોહ તો પડવા ન દે,
પોતે ખુલ્લો, છતાં પાછો ગૂઢમાં ગૂઢ સૂક્ષ્મ છે,
છતાં પાછો પરિણામે વ્યક્ત સંપૂર્ણ મોહ છે. ૨૯૯-૩૦૦

પોતે જ્યાં મૂળ આધાર પોતે જ્યાં મૂળ સ્તંભ છે,
કોઈક તે પ્રસંગે શું અપમાનિત તે બને !

છતાં તેવા પરત્વેનો મોહ કેમે ટળે ન છે,
મોહબંધન કેવું જે લોહચોકઠું મોહ છે, ૩૦૧-૩૦૨

શો લાગ જોઈને મોહ વર્તે સભાનતાથી તે !
હિમાલય સમી ભૂલ કરી બેસે કદીક જે,
સુધાર્યું તે સુધારાતું હોતું નથી કદીય તે,
'ભોગવ્યે છૂટકો એ તો' જાણે ના કિંતુ મોહ જે. ૩૦૩-૩૦૪

સૌ રીતે પૂર્ણ સંસારે કોઈયે ફાવતું ન છે,
છતાં કેવાં તણાયાં સૌ આમથી તેમ જાય છે,
નાડું જે પકડેલું છે તેને શો મોહ સજ્જડ
-રાખે છે પકડી કેવું ! શો બરાબર અક્કડ ! ૩૦૫-૩૦૬

સમર્પે દિલ તો મોહ, ત્યાગ ને તપ મોહમાં,
પરંપરા બલિદાનોતણી કેવી જ મોહમાં,
મોહમાં મોહથી કેવાં કેટલાંક થયા ફના,
જ્ઞાનનો ભાવ ના તેમાં માત્ર શાં ઢસડાયેલાં !
વળી ના મોહમાં ક્યાંયે હેતુકેરી સભાનતા,
હોય સભાનતા કિંતુ સાવ મોહ પ્રકાર ત્યાં.
મોહથી ત્યાગ જે થાય, જે સમર્પણ થાય છે,
દેવાય બલિદાનો જે, કિંતુ તેનો ન અર્થ છે,
તે તે સૌ પાછળે હીન શો નરદમ સ્વાર્થ છે !
ત્યાગાદિ તેથી તેવાં સૌ ઊર્ધ્વે ના લઈ જાય છે. ૩૦૭-૩૧૧

❑

# અધ્યાય ૩ : મોહની વિવિધ ભાત

(અનુષ્ટુપ)

સ્વરૂપ એક તે માત્ર મોહનું તો કદી ન છે,
અનેક રૂપવાળો તે, છતાં પાછો શું એક છે ! ૩૧૨

મોહનું નામ તો એક છતાં તેના પ્રકારમાં
-વિવિધતા શી અનેરી છે ! જાણી જણાય ના કદા. ૩૧૩

મોહ અંતરમાં જુદો, બાહ્યાચરણમાં જુદો,
એકસરખી સંસારે મોહની દૃષ્ટિ કૈં ન છે. ૩૧૪

શા ભભકભર્યા રંગ ઢંગ છે મોહના પટે !
કોઈયે માનવીથી તે કળ્યામાં આવતા ન છે. ૩૧૫

કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ મોહના તે પ્રકાર છે,
કારણ, સૂક્ષ્મ એ કિલ્લા જિતાવા દોહ્યલા જ છે. ૩૧૬

કેવાયે પલટા જુદા પ્રગટે મોહના પટે !
એક એકથીયે નોખા, એક એકથીયે ટપે. ૩૧૭

ચટકા, ચસકા કેવા મોહના તો જુદા જુદા !
ને કેટકેટલા એના પ્રકાર ભાત ભાતના,
ભસકો એક પૂરો જ્યાં થયો ના હોય, ત્યાં બીજો
-ભસકો વળી શો જાગી ડોકિયું કરતો છતો,
મસ્તાન જે રસાસ્વાદે ગુલતાન પૂરેપૂરો
-ને મશગૂલ છે મોહ ભરેલો ભરપૂર શો ! ૩૧૮-૩૨૦

મોહને સુખ સંપૂર્ણ કોઈ વાતે કશું ન છે,
ઝાંઝવા જળની પેરે જ્યાં ત્યાં તે ખાલી શો દડે !

શો રાજ દરબારી છે કદીક ઠાઠ મોહનો !
કદીક સાવ કંગાળ, કદીક શાહુકાર શો ! ૩૨૧-૩૨૨

પ્રસંગની પ્રમાણેનું મોહ વર્તવું જાણતો,
કદી તે શેહ કોઈથી ખાતો હોય નથી દીઠો.
કદીક શો છતાં પાછો શે' તે ખાઈ જતો શું છે !
બિડાઈ જવું સંપૂર્ણ જાણે છે મોહ યોગ્ય જે. ૩૨૩-૩૨૪

ખેલવું, કૂદવું મોહ રમવું, માત્ર જાણતો,
જોખમો, સાહસો ભારે વ્હોરે મોહ અજાણતા,
ભયંકર ભૂલો મોહ કદીક કરી બેસતો,
છતાં એમાંથી ના શીખે તે કંઈ બોધપાઠ તો. ૩૨૫-૩૨૬

આડોતેડો ઊંધો કેવો મોહનો પંથ હોય છે !
મુશ્કેલી મોહને કેવી કેવી પંથ નડે જ છે.
કદીક હારી તે જાય, કદીક ભય પામીને
-ઊભી પૂંછડીએ મોહ નાસી આંખો મીંચી છૂટે. ૩૨૭-૩૨૮

કોઈ મોહ છુપાવે છે શા કેટલીક વાર તે,
કોઈક રીતનો મોહ છુપાવ્યો ના છુપાય છે,
કોઈક મોહ તો કેવો ચોખ્ખો દેખાય સ્પષ્ટ તે,
અગડંબગડં મોહ પરખાયા વિના ન રહે ૩૨૯-૩૩૦

અન્યાય, ગેરરીતિઓ, છેતરપિંડી, જૂજવી
-રમ્યા કરવી શી જાણે અંતરંગપણે વળી,
એક જ જાતની ચાલ મોહને કૈં ન હોય છે,
ખેલાડી મોહ કેવો છે ! નવા નવા શું રંગ છે ! ૩૩૧-૩૩૨

કદીક ગાંડીઘેલી શી મોહ વાતો કરે નરી,
જેમાં કશોય તથ્યાંશ ત્યાં લાગે છે કંઈ નહીં,

પોતાનો સાધવા સ્વાર્થ મોહ પાછો પડે ન છે,
ભલે ભાંગી થતો ભૂક્કો છતાં છોડે ન દોર જે. ૩૩૩-૩૩૪

છેતરાઈ કદી જાય કદી છેતરવા મથે,
પેંતરાયે ઘડે મોહ, એમાં એની શી બુદ્ધિ છે ! ૩૩૫

કદીક જો ગૂંચાયે છે ગૂંચળું વળી જાય છે,
છતાં સાવધ સંપૂર્ણ ર્‌હેવાનું ચૂકતો ન તે. ૩૩૬

પીછેહઠ થતો લાગે, હાર ખાતો શું લાગતો !
ત્યાંયે તે ધ્યેય પોતાનું ભૂલેચૂકે ન ભૂલતો. ૩૩૭

કદીક વળી ક્યારેક લક્ષ્ય ચૂકી જવાય છે,
મોહથી અણધાર્યું ત્યાં સ્તબ્ધ શું થૈ જવાય છે ! ૩૩૮

એકલો મોહ દેખાય, છતાં ના એકલો જ છે,
સખા એના વહારે તો શા એકદમ ધાય છે !
લશ્કર મોહનું કેવું સાબદું બહુ રીત છે,
સંસારે સૌ જીવો કેવા ઊંઘતા ઝડપાય છે ! ૩૩૯-૩૪૦

સંસારે મોહ તો કેવો કદીક શરમાય છે !
મોહે મુગ્ધ થયેલો જે તેજસ્વી હોઈ ના શકે,
કદાપિ ઊંચી આંખેયે, સામે જોઈ શકે ન તે,
કાઢીને આંખ તાણીને કહી શકે ન મોહ કૈં. ૩૪૧-૩૪૨

શાંત ગંભીર શો મૌની તે કેટલીક વાર છે !
કદીક આડફંટે તે ફંટાતો વળી હોય છે,
મોહ પોતે પથે થાય વાંકોચૂકો કદીક તે,
રખડેલ પૂરેપૂરો લાસરિયો વળી શું તે ! ૩૪૩-૩૪૪

નાને મોઢે કરે વાતો મોહ કેવી અફાટ જે,
ઠામઠેકાણું ના એવાં ગપ્પાંનો ઠોકનાર છે,
સુફિયાણી કરે વાતો એવો ઉત્સાદ મોહ છે,
મોહનો સદ્‌ગુરુ મોહ બીજો એનો ગુરુ ન છે. ૩૪૫-૩૪૬

કદીક કેટલી વાર વાયડો મોહ થાય છે,
વાતોડિયો વળી કેવો કોક વાર થતો શું તે !
કોઈક વાર તો મોહ બેબાકળો કદીક શો !
છંછેડાતો જ્યહીં છે તે કોઈના બાપનો ન તો. ૩૪૭-૩૪૮

સ્વચ્છંદી મોહ કેવો છે ! એની ચાલ વિચિત્ર છે,
ડાહ્યો કદીક શો લાગે ! કદીક મૂર્ખરાજ છે,
દેવાળું સાવ સંપૂર્ણ કદીક મોહ કાઢશે,
છતાં શરમ કૈં એને કદાપિ આવતી ન છે. ૩૪૯-૩૫૦

કદીક મોહ તો શેઠ રુઆબદાર શો બને !
પ્રવર્તાવે બધે આણ સંસારે મોહ કેવી જે !
ચક્રાવે શો ચઢાવે છે મોહ માનવીને જગે !
છતાં તો ઠેરનો ઠેર ર્‌હેતો માનવી જીવને ! ૩૫૧-૩૫૨

કદીક મોહ કંજૂસ, કદીક શો ઉદાર છે !
વિશાળ દિલવાળો તે ટૂંકોટચ કદીક છે. ૩૫૩

ખંતીલો ઉધમી, પૂર્ણ કદીક મોહ હોય છે,
પ્રમાદી, આળસુ પાછો મોહ જેવો બીજો ન છે,
વિરોધાભાસી શો એવો શંભુમેળો ખરેખરો
-મોહના જીવને કેવો ચોંટેલો છે લખાયેલો ! ૩૫૪-૩૫૫

છેતરાઈ જતો મોહ તે કેટલીક વાર તો,
તેથી જ ચેતી ચેતીને સંભાળી મોહ ચાલતો,
ચારેબાજુ નિગા' એવી, એક દિશા શી મોહની !
ચકોર તે છતાં મૂઢ કદીક થઈ જાય છે. ૩૫૬-૩૫૭

કદીક ખોખરો મોહ થતો કશાક કારણે,
છતાં પીછો ન છોડે છે કે પાછો હઠતો ન છે,
પાછો કદીક તો મોહ હઠી જતો જણાય છે,
કિંતુ ભારે ઊંડો હેતુ નિશ્ચે કશોક હોય છે. ૩૫૮-૩૫૯

મોહને નાસવાવારો કદીક આવતો પથે,
મૂઠીઓ વાળીને કેવો નાસતો મોહ હોય છે !
જોવાનો પાછું વાળીને અભ્યાસ મોહને શું છે !
સહીસલામતી પૂરી પોતાની મોહ રક્ષશે. ૩૬૦-૩૬૧

કદીક મોહ ભાગેડુ બની જતો શું હોય છે !
લાજ, શરમ, સંકોચ મર્યાદા મોહને ન છે,
ને વિવેકતણું યોગ્ય જ્ઞાનભાન ન મોહને,
શંખભારથી શો એવો પ્રત્યક્ષ મોહ જીવને ! ૩૬૨-૩૬૩

કદીક આકરો મોહ કોક વેળા થતો શું તે !
ઉઘાડો ક્રોધ તો મોહ જાણી જોઈ કરે ન તે,
નિજ ફાવટમાં લેવા મોહની કારીગીરી છે,
પોતાની બાજીમાં સૌને મોહ કેવો ફસાવી લે ! ૩૬૪-૩૬૫

શો છંછેડાય છે મોહ અણધાર્યો કદીક તે,
પાછો શો મોહ તેવુંયે દેખાવા દે ન કો રીતે,
મોહનો અંતરે તીવ્ર શો તલસાટ ઉત્કટ !
અંતરે ભભૂકેલો જે છતાં જાણે ન કોઈ જ. ૩૬૬-૩૬૭

છાવરવાની અદ્‌ભુત મોહની શી કળા જ છે !
કૈંકને બદલે કૈંક જાણે દર્શાવવાનું તે,
છેતરાઈ જતો મોહ શો કેટલીક વાર તે !
છેતરવાનુંયે જાણે તૃષ્ણા સંતોષવાપણે. ૩૬૮-૩૬૯

કદીક મોહનાં કેવાં હોય ધમાલ, ધાંધલ !
કદીક ગભરાયેલો લાગે છે મોહ શો દિલ !
છતાં પાછો શું તે વેળા ચેતી જવાનું થાય તે,
ઠેકાણે પાછું મોં રાખી સાવધ વર્તી જાણશે. ૩૭૦-૩૭૧

છોલાતા હોય છે હાથ કદીક મોહના ખરા,
ખરેખરો છતાં મોહ છોડી દે ના કશું તદા,
નિરુત્સાહ કદી થાય છતાં તત્પર મોહ થૈ
-ડગલાં ભરતો ર્‌હે શો ! ભલે મૂર્ખો બધાં ગણે. ૩૭૨-૩૭૩

મર્દ બની શકે મોહ શો કેટલીક વાર તે !
પાછો નામર્દ સંપૂર્ણ મોહ કેવો ખરો ખરે,
સંતાડી રાખવા જેવું સંતાડી મોહ રાખશે,
ભૂલેચૂકેય તે વાચા તેને કદી ન આપશે. ૩૭૪-૩૭૫

મોહ પોતે પૂરેપૂરો કૂદકેભૂસકે સદા
-ગતિ તે કરવાકેરું જાણે છે કર્મ માત્ર ત્યાં,
ખચકાટ ખમે છે ના મોહ તો કોઈ રીતનો,
શૂરો ભોગવવામાં છે મર્દ તાકાતવાન શો ! ૩૭૬-૩૭૭

કદીક ધૂંધવાયેલો અંતરે મોહ હોય છે,
કદીક ઓકી નાખે છે તે અણજાણમાં ખરે,
તેને તે વાળી પાછું લે એવો ચતુર મોહ છે.
હજાર જાતની એવી કળા મોહની હોય છે. ૩૭૮-૩૭૯

અંતરે મોહ છૂપો ને વાઘા ઉપરના ત્યજ્યા,
શો આડંબર એવો છે મોહનો અંતરે સદા !
તિજોરી મોહની ખાલી કદાપિ ના થવાની છે,
વપરાતાં ભરાવાની તિજોરી મોહની શી તે ! ૩૮૦-૩૮૧

કદીક મોહને ઊંડો શો ગભરાટ થાય છે !
એવી અંતર્વ્યથાને તો એકલો મોહ પ્રીછશે,
એવી ઊંડી વ્યથામાંહે તેમના ઘાટ તે ઘડે,
ગમે તેવી ભલે હોય દશા, છતાંય તે ટકે. ૩૮૨-૩૮૩

કદીક કકળે ઉગ્ર શી આંતરડી મોહની !
બોલી શકે ન ઉઘાડું ધૂંધવાયા કરે મહીં,
અકળામણ શી એવી, કારમી, કારમી ઊંડી,
મૂંઝાયેલો રહે મોહ ઉદાસી દિલ શો સીઝી ! ૩૮૪-૩૮૫

મોહ ખટપટી પૂરો, સાલસ મોહ તો ન છે,
છતાં કોઈ પ્રસંગે શો મોહ તેવો જ હોય છે !
જયારે જરૂર જેવી હો તે હૈયાસૂઝ મોહને
-મેળે પડી જતી લાગે એવો મોહ સ્વયંભૂ છે. ૩૮૬-૩૮૭

કદીક મોહ રંડાતો, પરણતો કદીક છે,
કદીક શા છૂટાછેડા લૈ લેતો મોહ હોય છે !
પાછો થઈ જતો ભેળો જ્યાં ઈચ્છા એની હોય છે,
કળા બનાવવાની તે સૌ સાથે મોહ જાણશે. ૩૮૮-૩૮૯

કદીક મોહને ચોટ શી બરાબર લાગતી !
તેથી ત્યાં ફાવવા કાજે મોહ ઘેલો થતો સહી,
આઘુંપાછું ન જુએ છે પોતાનું સાધવાપણે,
ચારેબાજુથી ચેતેલો ર્હેવા એનો પ્રયત્ન છે,

ગમે તેટલું તો મોહ કરે છતાં બધી રીતે,
છતાંયે મોહમાં યોગ્ય પૂરી સંપૂર્ણતા ન છે,
તેથી આવવા પૂરી ફાવટ કદી થાય ના,
સંપૂર્ણ ફાવવા કાજે મોહની છે ન દક્ષતા. ૩૯૦-૩૯૩

કપટ કરતાં મોહ ખચકાય લગાર ના,
સમો આવ્યા પ્રમાણે તે જાણે છે વર્તવાનું ત્યાં,
હો ગભરાટ ભારે શો ! જણાવા દે છતાં ન તે,
એવો ગંભીર દેખાવે, ભીતરે વળી ઓર તે. ૩૯૪-૩૯૫

મોહના જીવને અંત ફેંસલાનો ન આવતો,
કદીક ઝઘડે મોહ, ભભૂકે છે કદીક શો !
ના દે સંમતિ સંપૂર્ણ કરવા તડજોડ તે,
મોહની ગતિ સંસારે દુર્લભ પરખાવી તે. ૩૯૬-૩૯૭

શો બરાબરીનો ખેલ કદીક મોહ ખેલતો !
અજમાવી બધું જુએ છતાંયે તે ન ફાવતો,
લાગેલી ચોટને ખાલી જવા દેવા ન ઈચ્છતો,
થતું હોય બધું તે તે મોહ શો કરી ચૂકતો ! ૩૯૮-૩૯૯

કદીક મોહને કેવું પડે તપવું કેટલું ?
કિંતુ ત્યાં તપનો ભાવ હોતો નથી જરા કશો,
તપેલું કેટલી વાર નકામું મોહનું જતું,
છતાં મંડ્યો રહે મોહ દીધે રાખી પૂરેપૂરું. ૪૦૦-૪૦૧

મોહને માન્યતા સૌ જે તે તે છે સાચી માનીને
-મોહ શો વર્તતો લાગે બેલગામ બધી રીતે !
કદીક પકડાઈ તે જતાં, છાવરવા બધું
-હાંફળો ફાંફળો મોહ થાય તત્પર દિલ શું ! ૪૦૨-૪૦૩

ફૅશન મોહની એક પ્રકારની કદી ન છે,
જુદા જુદા તબક્કામાં શો તેનો વેશ ઑર છે !
મોહ તો એકનો એક એના ફાંટા અનેક છે,
મોહકેરાં સ્વરૂપોનો ફાટેલ રાફડો શું છે ! ૪૦૪-૪૦૫

❑

## અધ્યાય ૪ : મોહની અસર

(અનુષ્ટુપ)

મોહથી જીવને કેવો વિવેક તો ભુલાય છે,
યતોભ્રષ્ટ, તતોભ્રષ્ટ મોહથી તો થવાય છે. ૪૦૬

મોહદશાનું માનેલું, મોહથી તારવેલ જે,
યથાયોગ્ય પ્રમાણેનું તે હોવા શક્યતા ન છે. ૪૦૭

જેને જીવનમાં મોહ વ્યાપેલો છે ખરેખરો,
તેના વિવેકનો નાશ થતો હોય પૂરેપૂરો,
વિવેક નાશ જ્યાં થાય, તેનો હજાર તો ઘણો
-વિનિપાત જ નિર્મેલો, એમાં સંદેહ ના કશો. ૪૦૮-૪૦૯

મોહને આંધળો સાવ ડાહ્યાઓએ ગણેલ છે,
વિવેકભ્રષ્ટ હોવાથી ઉક્તિ તે સાવ સાચી છે,
રવાડે મોહના પંથે જેઓ ચઢી ગયેલ છે,
તેવાના હાલહેવાલ કેવા બૂરા જ થાય છે ! ૪૧૦-૪૧૧

નૂતન દૃષ્ટિ, વૃત્તિનો મોહથી નાશ થાય છે,
ઘોર પ્રમાદ તો કેવો ત્યાં પ્રવર્તેલ લાગશે !
એમાંથી જાગીને બેઠું થવું મહત કર્મ તે,
કૃપાનો બડભાગી જે તેનાથી તે સધાય છે. ૪૧૨-૪૧૩

મોહથી આવરાયેલા જ્યાં હો સંપૂર્ણ જીવને,
જીવન ઊગવા કાજે જણાવું કૈં ન શક્ય છે,
નરી બ્હેર દશા ત્યારે શી પ્રવર્તતી હોય છે !
ત્યારની બુદ્ધિની કોઈ હોશિયારી ન હોય છે. ૪૧૪-૪૧૫

મોહકલિલ બુદ્ધિ છે, બુદ્ધિને તે છતાં કશું
-તે પ્રમાણેનું ના લાગે, એ તો આશ્ચર્ય કેટલું !
મોહથી આવરાયેલા જ્યાં હો ત્યારે કશું નવું
-મોહથી ઊર્ધ્વનું યોગ્ય સૂઝવાનું નથી કશું, ૪૧૬-૪૧૭

'આમ થાય, ન કે થાય' વિચારસરણી શી જે
-સંપૂર્ણ લુપ્ત ત્યાં થાય વિવેકહીન જીવ તે.
શો આવ્યો હોય અંધાપો એમ તે વર્તતો હશે,
ચઢતાં સોબતે એની લાખગણું વિચારજે. ૪૧૮-૪૧૯

મોહનું મુખ ના સીધું એને સીધું જણાય ના,
છતાં જણાય છે સીધું દાવો એવો શું એહનો !
મુક્તતા સાંપડી ના છે ત્યાં સુધી બુદ્ધિથી બધું
-જણાયેલું ન છે યોગ્ય ઈશ -ભાવ પ્રમાણનું. ૪૨૦-૪૨૧

વાદળાં તો બનાવી દે કેવો પ્રકાશ ધૂંધળો !
મોહથી તેમ તો સત્ય ધૂંધળું તે બની જતું. ૪૨૨

મોહથી જે વિચારેલું છે જણાયેલ મોહમાં,
મોહથી જે ઊગેલું હો સાચું હોવા ના શક્યતા. ૪૨૩

પૂર્વગ્રહો ઊંડા કેવા મોહથી કેળવાય છે !
પોતાનું કે બીજાઓનું સાચું તે જોઈ ના શકે. ૪૨૪

પૂર્વગ્રહો અનેકે છે મોહને કેટલા બધા !
તે તે સૌની ભૂમિકાથી મોહ વિચારતો સદા,
સંપૂર્ણ ભાવની વાત મોહ જીવનમાં ન છે,
દ્વંદ્વ ગુણની સૃષ્ટિ સૌ મોહ પારખી લે જ તે. ૪૨૫-૪૨૬

પોતાનું સાધી લેવામાં મોહ તત્પર ખાસ છે,
થવાય મોહથી મુગ્ધ મધમાં માખી જેમ તે. ૪૨૭

જીવને મોહમાં કૈં જો ભરાયા એકવાર હો,
પાછું નીકળવા દિલ તેમાંથી તો થતું ન છે. ૪૨૮

ઇંદ્રિયો, કરણો થાય મોહમાં તરબોળ તે,
વલણ મોહનું સૌને ગમતું દિલ હોય છે. ૪૨૯

યોગ્ય પ્રકારનું ભાન ભુલાઈ જવાય છે,
એવું મોહનું પ્રાબલ્ય ભલભલા તણાય છે. ૪૩૦

મોહનો ચમકારો શો ! કેવા ભલભલા જ તે,
અંજાઈ મોહમાં જાય ! એવો એનો પ્રભાવ છે,
ભલભલા ચળી જાય મોહ આકર્ષણે જગે,
કેવો ભોગવવા વિશે મોહ આગ્રહી પૂર્ણ છે ! ૪૩૧-૪૩૨

અજાણતાં સપડાય ઓચિંતા મોહનાદથી,
તપસ્વી લપસ્યા છે કૈં મોહના જાદુ સ્પર્શથી. ૪૩૩

બાવરું બાવરું કેવું મોહથી તો થવાય છે !
મોહમાં ના નર્યું સુખ, એમાં જંજાળ કેવી છે!
કેટલા જીવઉકાળા મોહના જીવને થતા,
છતાંયે લોક શા એમાં તણાયા હોંશથી જતાં ! ૪૩૪-૪૩૫

મોહનો અંતરે તીવ્ર શો તલસાટ ઉત્કટ !
અંતરે ભભૂકેલો તે છતાં જાણે ન કોઈ જ,
પ્રચ્છન્ન, ગૂઢ સંપૂર્ણ મોહનો શો સ્વભાવ તે !
હોય તેવો ન દેખાવા મોહનો તો પ્રયત્ન છે,
કદીક તો જણાઈ શો જાય છે અણજાણમાં,
સાવધ થઈ તે વેળા સાચવી લે બધું તદા,
બુદ્ધિથી મોહને-તેનો ખુલ્લો છે તે સ્વભાવને
-સર્વ કોઈ પિછાણે છે પાકું પૂરેપૂરી રીતે. ૪૩૬-૪૩૯

જે જે કૈં બધું પોતાનું માનેલું દિલ હોય છે,
ગળે ચોંટાડી દૈ તેને રાખે છે વળગાડીને,
મોહથી ત્રાસ, કંકાસ શો ભારે દિલ ઊપજે !
છતાં તે ટકતો ના છે, કોઈને કઠતો ન છે. ૪૪૦-૪૪૧

તીવ્ર આવેગ, આવેશ મોહના છે જુદા જુદા,
એનાથી જ્ઞાનતંતુઓ ઘસાયા નિત્ય શા જતા !
શક્તિમાં ક્ષીણતા જન્મે, ધારણા શક્તિ જીવને
-મોહથી તે ધીમે ધીમે હણાયા જતી છે ખરે. ૪૪૨-૪૪૩

ગુણોનો હ્રાસ થાયે છે મોહ ભોગવવાથી જે,
શક્તિ શરીરનીયે તે મોહથી ક્ષીણ થાય છે,
વિચારતાં ઊંડું ઊંડું 'કેવો નાચીજ મોહ છે'.
કિંતુ જે સમજાયેલું બુદ્ધિનું, ટકતું ન છે. ૪૪૪-૪૪૫

આક્રંદ મોહમાં કેવાં ! શાં આવર્તન મોહમાં !
દુઃખાનુતાપ ને કેવા છે પશ્ચાત્તાપ મોહમાં !
મોહ કેડો ન મૂકે છે, કેડે કેડે જ ચાલશે,
આગળે, પાછળે શો તે ! જ્યાં ત્યાં સર્વત્ર મોહ છે. ૪૪૬-૪૪૭

આરંભે હર્ષ પ્રેરે છે, અંતે પ્રેરે શું દુઃખને !
મોહને ચૂસવાથી તો લાગે છે સારું સારું જે,
કિંતુ તો પછવાડેથી કુશકા હાથ આવશે,
એવા અનુભવો હોવા છતાં, મોહ ન છૂટશે. ૪૪૮-૪૪૯

મોહ ચેડાં કરે કેવો ભાવને મારી નાખવા !
મોહ જીવનનું મૃત્યુ કરે યત્ન પમાડવા. ૪૫૦

મોહમાં તો તણાયાથી વારો ત્યાં ડૂબવાતણો
-આવે છે, જે પરિણામ નિશ્ચિત છે પૂરેપૂરું,
છતાં મોહતણા પાશે લોકો બંધાય છે નર્યા,
ખુશીથી ભૂસકો મારે, છતાં કો પણ ના તર્યા. ૪૫૧-૪૫૨

દીર્ઘકાળ સુધી કેવો મોહ તો જીવનાર છે !
છતાં કાળની મર્યાદા મોહને નવ ક્યાંય છે,
કિંતુ મોહની વૃત્તિઓ દીર્ઘકાળ ન તે જીવે,
છે કેટલીક તો પાછી ક્ષણજીવી જ કેવી જે ! ૪૫૩-૪૫૪

ફેરફારો થતા રહે શા મોહની ઘટમાળમાં !
માનવી પછડાતાંમાં તોર તેના તૂટે બધાં,
હાડકાંપાંસળાં તેનાં થાય શાં પાંસરાં બધાં !
છતાં ના દોર છૂટે છે મોહના પાશનો કદા. ૪૫૫-૪૫૬

મોહ જીવનમાંયે શા કૈં પ્રસંગોય કારમા
-જીવને પ્રગટે છે, જે દુઃખ ને શોક પ્રેરતા,
માથાં, છાતી કૂટી નાખે પીંખી નાખે જે વાળને,
મોહનો તે વલોપાત શો દુઃખકર હોય છે ! ૪૫૭-૪૫૮

શો કેટલીક વેળા તો મોહને પ્રશ્ન મૂંઝવે,
ઉકેલ ખોળવા તેનો મોહ કેવો મરી મથે !

ફાવે કદીક, શો પાછો કદીક અકળાય છે,
ગૂંચવાડો થતાં મોહ કપાળે હાથ શો ધરે ! ૪૫૯-૪૬૦

આપદા, વિઘ્ન, મુશ્કેલી, ગૂંચ, પ્રશ્નો. નવા નવા
મોહને જન્મતા, ત્યારે મૂંઝાય મોહ દિલ ત્યાં,
ભાગ્યું ભગાય તેનાથી કદાપિ મોહથી ન કૈં,
શો અકળાય છે ત્યારે મૂગો મૂગો જ મોહ તે ! ૪૬૧-૪૬૨

પરિશ્રમ પડેલો છે મોહને કેટકેટલો !
છતાં હાથ ન આવ્યું છે એણે ધારેલું જેટલું,
માર ખાધા ઘણો કીધો છતાં થાક્યો ન મોહ છે,
શી ઘટમાળ ચાલ્યા તે મોહની કરતી જગે ! ૪૬૩-૪૬૪

જેનામાં મોહ લાગે તે રળિયામણું લાગશે,
સૌંદર્યથી ભરેલું જે ને ગુણવાન લાગશે,
સારું સારું બધું તેનું લાગે મોહાર્થીને હૃદે,
કિંતુ શ્રેયાર્થી તો કેવો મોહથી ચેતતો રહે ! ૪૬૫-૪૬૬

મોહમાં કેવું અંજાઈ પૂરેપૂરું જવાય છે !
મોહને ઘેલછા ઘેલી પછીથી લાગી જાય છે !
પોતાનું તે કરી લેવા અપરંપાર હોંશ છે,
શો એની એ જ સૃષ્ટિમાં આઠે પ્હોર રમ્યા કરે ! ૪૬૭-૪૬૮

આડાં ફેલાં બધે કેવાં મોહ ફેલાવતો રહે !
સ્પર્શ એ તો લગાડે છે છાનોમાનો બધાંયને,
મોહની સાથ છે કેવું સગપણ ઘણાંયને,
મોહની સાથ ને સાથ તેનાં સગાં રહે જ છે. ૪૬૯-૪૭૦

જીવને મોહનાં મોજાં કેવાં અસરકારક !
મનાદિ સંકળાવે છે આવેશથી સયુક્તિક.
મોહની કામના-આશાતણો પાર ન ક્યાંય છે,
લાલસા, ઝંખના શી શી જન્મે છે મોહ અંતરે !
નવા નવા નર્યા તુક્કા પ્રવર્ત્યા મોહને કરે,
તેમાંથી બચવા વારો આવે કદી ન મોહને. ૪૭૧-૪૭૩

અર્ધુંપર્ધું મળે તેમાં સંતોષાતો ન મોહ છે,
ઊલટો ઝંખનાગ્નિ શો ભડકો થૈ જ પ્રજ્વળે !
જ્વાળા એની ઊંડી ઊંડી ક્યાંની ક્યાં સળગે બધે,
મોહ એવો ભભૂકેલો કેવો ખતરનાક છે ! ૪૭૪-૪૭૫

પ્યાસ શી ઝાંઝવાંકેરી મોહનેય છળી જતી,
પસ્તાતો છે છતાં મોહ પાછો એનોય એ જ શ્રી,
જેને મેળવવા ધાર્યું આવેલ નજદીક જ્યાં,
ધારેલું હાથ એમાંનું કશું આવી શકેલ ના,
મોહના દિલની आह તે કેવી કેવી કારમી,
ઊના નિશ્વાસ તે કેવા પ્રજાળે ઊર્મિ આગ શી ! ૪૭૬-૪૭૮

જીવને મોહને લીધે સ્થગિત થઈ જવાય છે,
આગળ વધવા ભાન તેવાને જાગતું ન છે. ૪૭૯

વિકાસ ગુણનો કેમે મોહથી કદી થાય ના,
ગુણની શક્તિમાં તેથી પ્રવેશે છે શી મૂઢતા ! ૪૮૦

દુવિધા ઑર જન્મે છે મોહને દિલ કારમી,
જન્માવે છે વ્યથા ભારે તે કેટલીક વાર શી !

વલોવી દિલ નાખે તે ઉચાટ શા કરાવતી
-વેદના તીવ્ર તે એવી મોહ જીવનમાં ખરી. ૪૮૧-૪૮૨

ભયંકર વ્યથા ભારે જે કેટલીક વાર તો
-મોહની અણકલ્પી છે, જેનું દુઃખ અપાર છે,
આઘાત મોહથી થાય જીવને કેટકેટલા !
છતાં છોડાય ના મોહ, શો મોહ વજ્રલેપ હા ! ૪૮૩-૪૮૪

ચણચણાટી શી થાય કદીક મોહને ઊંડી !
શો અનિશ્ચય ગંભીર રહે મોહ દશામહીં !
વિઘ્ન, મુશ્કેલી, સંતાપો, ત્રાસ, અશાંતિ, ક્લેશ જે
-મોહનાં તે પરિણામ, છતાં સૌ મોહમાં રમે. ૪૮૫-૪૮૬

કદીક મોહમાં જાગે કૈં સંઘર્ષણ કારમાં !
ક્લેશ, કંકાસ, સંતાપ જાગે છે વળી મોહમાં,
ના નિવાર્યાં નિવારાય, પડે ભોગવવાં બધાં,
છતાં શા મોહમાં લોક વારંવાર તણાય છે ! ૪૮૭-૪૮૮

સંતાપ, ક્લેશ, મુશ્કેલી, હેરાનગતિ, ત્રાસ કૈં
-સંઘર્ષણ, અશાંતિ ને ગૂંચવણ, અમૂંઝણો
-મોહના પાશમાં હોતાં ત્યારે તે સર્વ જીવને
-કેવાં કેવાં કરે છે કૈં ડોકિયાં ભલી પેર તે ! ૪૮૯-૪૯૦

મોહથી કેવી જંજાળ ઊભી તો કરીએ છીએ !
વળી શો એથી કંટાળો કદીક આવતો જ છે,
છતાં મન હઠે છે ના, એવી મોહની ખૂબી છે,
પરોવાયેલું તેમાં ને તેમાં મન રહ્યા કરે. ૪૯૧-૪૯૨

મોહમાં, મોહથી, મોહતણાં કૈં સુખદુઃખ જે,
મનાદિ કરણોમાં શો એનો એ જ વિચાર છે !
વ્યવસ્થાનું કશું કોઈ ઠેકાણું મોહમાં ન છે,
યદ્વાતદ્વા ગમે તેવું મોહનું ચાલતું શું છે ! ૪૯૩-૪૯૪

મોહની ભૂરકી કેવી ! સૌ કોઈ ભુરકાય છે,
મોહની ભસ્મમાંથીયે મોહ પાછો છતો બને. ૪૯૫

સ્પષ્ટ રીતે પૂરેપૂરો જાણે છે મોહને બધાં,
મોહનું સાંભળેલું છે મોટું પુરાણ સર્વદા,
અસર મોહની કેવી ! બધાંયે પૂરું જાણતાં
-છતાં કેવાં બધાં મોહ પ્રદેશમાં પ્રવેશતાં ! ૪૯૬-૪૯૭

મોહનો સ્પર્શ તો કેવો પ્રસરે સચરાચરે !
શું ઓતપ્રોત સૌ તેમાં આપમેળે જ થાય છે ! ૪૯૮

જેનામાં મોહ લાગ્યો છે હ્દે ઊંડો ખરેખરો,
લાગેલું મન તેનામાં ને તેનામાં રહે ખરું,
તેનું સુંદર લાગે છે જે તે ઉત્તમ દિલમાં,
જે તે કૈં તેનું ઘાટીલું લાગે નયન સ્વાદમાં. ૪૯૯-૫૦૦

સકંચે મોહના આવ્યા એકવાર કદી રખે,
મોહથી ભાગવા તો તો ખોડીબારું ન ક્યાંય છે,
ભરાયા તે ફસાયા છે, ઈચ્છા નીકળવાતણી
-થતી ના, એ જ આશ્ચર્ય સર્વ આશ્ચર્યમાંનું તે ! ૫૦૧-૫૦૨

ભ્રાંતિકારી દશા પૂરી મોહની તો બનેલ છે,
ભ્રમણાઓ અનેરી છે મોહને કૈં કંઈ જ છે,

પોતાને માનતો શાણો શો ડાહ્યોડમરો શું તે !
તેવા તે મોહની સાન, ઠેકાણે કોક લાવશે. ૫૦૩-૫૦૪

વાતોનાં તો વડાં પોતે ચૂકે ના કરવાનું તે,
કેવોક ત્યાંય શો મોહ ખાય છે પછડાટ તે,
થઈ પાછો ફરી ઊભો કરે છે ચાલવાનું તે,
વળેલો જે પથે હોય રાખે છે પકડી જ તે. ૫૦૫-૫૦૬

'ધક્કેલા શા પડેલા હો' જીવને કંઈ વેળ જે,
તેનો આઘાત લાગેલો અંતરે કંઈ હોય છે,
થોડો કાળ જતાં પાછો શો એનો એ જ મોહ છે !
છંછેડાયા ભલે છો હો મોહ તે ભૂલી જાય છે. ૫૦૭-૫૦૮

પોતાનું અંગ માનેલાં એવાં થકીય જીવને
-ધક્કેલા વાગતા ત્યારે અત્યંત ખેદ થાય છે,
કિંતુ તેય ટકે છે કૈં ઝાઝી વાર ન અંતરે,
કેમ કે મોહ તેઓની પરે ઝાઝો અપાર છે. ૫૦૯-૫૧૦

ધક્કા ઘણા ઘણા વાગ્યા, છતાંયે ઊઠવાતણું
-જેને ભાન ન જાગ્યું છે, પછી તેનું શું પૂછવું ?
માનેલાં મોહથી જેને પોતાનાં જ ખરેખરાં,
ધક્કેલા તેમનાથી શા વાગ્યા તોયે ખસાયું ના,
મોહના સ્વાર્થને લીધે જેનું તાણ્યા કરેલ છે,
તેનું અયોગ્યયે જ્યારે, જોવાય યોગ્ય ના રીતે,
હાડછેડ થતી કેવી એવાથી કરી નિજને !
છતાંયે આંખ ના ખૂલે મોહનો શો પ્રભાવ તે ! ૫૧૧-૫૧૪

મોહને કૈં મળે ટોલ્લા શા કેટલીક વાર તે !
મોં ફાડી, મીટ માંડીને મોહ ટાંપ્યા કરે ખરે,

આશાકેરા મિનારા તે કેવા બાંધ્યા કરે મને*,
નસીબે મોહને ત્યારે નિરાશા કેવી સાંપડે !
આશાભંગ થતો મોહ ફેરા-આંટા કદીક શા
-નકામા મોહના જાય, ના અટવાય તે છતાં,
મોહ ને મોહમાં મોહ એકધારો ઊંડે ઊંડે
-આશા ધર્યા કરે કેવો કેડો મોહ મૂકી ન દે ! ૫૧૫-૫૧૮

મોજ જે માણવી મોહ તે વિદ્યા જાણતો હ્દે,
સંમોહનકળા એની મૂર્છના શી પમાડશે !
કરાવી મૂર્છનાથી શો મુગ્ધ પૂરેપૂરો ખરો !
કેવો પછી પલોટાવે પોતાના પથમાં નર્યો ! ૫૧૯-૫૨૦

સંમોહનતણી વિદ્યા, કળા એની ખરેખરી,
બીજી એવી રીતો કૈંક મોહ શો જાણતો નકી,
મુગ્ધ થઈ જતા લોક આંખ હોવા છતાં બધા,
નિવારાય ન સંપૂર્ણ મોહના પાશથી કદા,
છતાં જ્યાં ડંખ એનો તે લાગેલો છે ઊંડે ઊંડે,
કેટલાક જ તે માત્ર મોહથી ઊગરે ખરે. ૫૨૧-૫૨૩

જે સલામતીમાં જીવે રળી જીવન ના શકે,
શો સલામતીમાં મોહ રાખે સુવાડી સર્વને !
મોહ જીવનનું મૃત્યુ શો પ્રગટાવનાર છે !
છતાં કોઈક તો ભાગ્યે મોહથી બચતો હશે. ૫૨૪-૫૨૫

જીવન મોહથી કેવું ખવાતું જતું હોય છે !
બુદ્ધિથી સાચું તે એવું યોગ્ય માની શકાય છે,

* મનમાં

કિંતુ તે આચરાતું ના, કેમ કે જીવને પૂરો
- છે મોહ તે પ્રમાણેનો જીવ-મોહ સ્વરૂપ શો ! ૫૨૬-૫૨૭

મોહની વૃત્તિ તો સાવ જીવન કચડાવીને
-પાંગળુંયે કરી દૈ ને લૂલું તે કરી નાખશે. ૫૨૮

નિર્વીર્ય જ બનાવે છે મોહ માનવીને પૂરો,
કમતાકાત તો મોહ માનવીને બનાવતો,
જેટલો વધુ જુસ્સો તો મોહમાં વપરાય છે,
તેટલા નબળા અંતે પડાવાનું જ નિશ્ચયે. ૫૨૯-૫૩૦

ભોગવવા જતાં મોહ મનાદિ નબળાં પડે,
સંયમશક્તિ, સંકલ્પશક્તિ, નિશ્ચયશક્તિ જે,
વિવેકશક્તિ ને શક્તિ વ્યવસ્થિતિની જીવને,
તે તે સૌ શક્તિ તો કેવી નબળી થતી જાય છે ! ૫૩૧-૫૩૨

મોહથી ચેતવા અર્થે મોહથી બચવા ખરું,
મોહથી થાય છે કેવું જીવન નુકસાન તે,
મોહથી પ્રાણની શક્તિ કેવી હણાતી હોય છે !
તે તે દર્શાવવા સ્પષ્ટ મોહને વર્ણવેલ છે. ૫૩૩-૫૩૪

❑

॥ હરિઃૐ ॥

# ખંડ ૪ થો : જીવદશાનો મોહ

(અનુષ્ટુપ)

મોહનીયે અવસ્થા છે કનિષ્ઠ, મધ્ય, તીવ્ર છે,
જુદી જુદી અવસ્થામાં જુદો જુદો શું મોહ છે ! ૧

મોહ શો વલખાં મારે તે કેટલીક વાર તો !
બાવરો બાવરો કેવો મોહ ત્યારે બની જતો !
વલણ મોહનું સ્પષ્ટ, સંતાતું તે કદીક છે,
કદીક કેવું દેખાય, ગૂઢ, સૂક્ષ્મ કદીક તે ! ૨-૩

મોહને એક રીતે ના કદીયે ભોગવાય છે,
અનેક રીતથી જીવ મોહને ભોગવે જ છે. ૪

જીવને મોહનું નીંદામણ કર્યા કરો ભલે,
કિંતુ જીવદશામાં તો મુશ્કેલ સૂઝવું જ તે. ૫

મોહમાં મોહથી ઘેરું અંજાઈ શું જવાય છે !
મોહનાં ઘેન ને તાન સંસારે વરતાય છે. ૬

તાંડવનૃત્ય તો કેવું કેવું ચાલ્યા મોહનું તો કરે !
કેવો સંહાર ત્યાં થાય મૂળ જીવનનો ખરે !
કિંતુ જીવદશામાં તો કોઈનાય પરત્વ તે
-લક્ષ કદી ન જાગે છે, મોહનું જોશ એવું છે. ૭-૮

મોહ જેવું બીજું કોઈ જીવન બાંધનારું ના,
છતાં મોહ ન ડંખે છે **જીવ**ને સ્હેજ દિલમાં. ૯

મોહને જીતી લેવાને **જીવ**માં શક્તિ કૈં ન છે,
આત્માની શક્તિ તો માત્ર જીતવા પાત્ર મોહ તે. ૧૦

મોહનાં પડળો એક પછી એક ખરેખરાં
-દુર્ભેદ્ય **જીવ**થી જે છે, ગમે એને જ મોહમાં. ૧૧

પ્રતિષ્ઠિત થયેલો છે મોહ પૂરેપૂરો ખરો
-શો બંધારણમાં **જીવ**તણા, પ્રકૃતિ અંશ શો ! ૧૨

મોહની ચાલબાજીની ગતાગમ ન કોઈને,
ગમતું હોય પોતાને છતાં દેખાવ ના કરે,
પોતે જાણે ન છે દાસ તે કોઈનોય જીવને,
બાહ્યાડંબર એવો શો **જીવ** ધાર્યા કરે જગે ! ૧૩-૧૪

મોહમાં મોહના ગૂઢ સૂક્ષ્મ શા પેંતરા જ છે,
**જીવ**દશાની બુદ્ધિથી અઘરા પ્રીછવા ખરે. ૧૫

ત્યાગ, સ્વાર્પણ ને ભારે તપ મોહાર્થ આદરે,
વારી વારી સમર્પે છે જે તે પોતાનું મોહને,
મોહ માટે બધું જે તે કરવા તત્પર **જીવ** છે,
છતાં મોહથી તેવા તે કોઈ ઊંચું ન આવશે. ૧૬-૧૭

તે બળબળતા કેવા દુઃખના રણમાં કદી
-ધક્કેલા મારીને મોહ ધક્કેલી દે જ **જીવ**ને !
અપરંપાર તો કેવું મોહથી દુઃખ થાય છે !

પછડાવાય છે ભારે છતાં તે ના ત્યજાય છે,
મોહ આકર્ષણે કેવું સમગ્ર વિશ્વ આખુંયે
-તણાયા જતું છે પૂરપાટે ! ના ખોટકાય તે.
મોહની જાળ છે એવી જાદુભરી રસાળ જે,
શાં આકર્ષાઈને મેળે એમાં કેવાં ફસાય છે !
ને એમાંથી થવા મુક્ત કોઈનું દિલ થાય ના,
ચમત્કારિક શો એવો મોહ પોતે રમે સદા ! ૧૮-૨૨

કોઈ **જીવ**દશાનો જે મોહમાં શો પડેલ છે !
તે તો નીકળવાનું કૈં ઇચ્છે છે મોહમાંથી ના,
તેવાનો છુટકારો તો કદી કાળ ન થાય છે,
**જીવ** તેવા સદાકાળ **જીવ**દશા વિશે રમે. ૨૩-૨૪

મોહમાયાથી સંપૂર્ણ વીંટળાયેલ છે બધાં,
છતાં શાં ડો'ળવા શૂરાં ડહાપણ અદાથી ત્યાં !
પોતાનું જોઈ સંપૂર્ણ શકતાં નથી કોઈયે,
છતાં બીજાનું તો જોવા શાં જતાં જન દોડીને ! ૨૫-૨૬

દંભ, દ્વેષ અને લોભથી ખદબદતા બધા,
જતા છે સપડાતા શા ફાંસલામાં જ મોહના !
છતાં 'પોતે ફસાયા છે' એવું ના ભાન, તેમને,
જેવું જે હોય તે તેમ જણાવા દે ન મોહ કૈં,
માયા શી મોહની એવી ભ્રમણામાં ચઢાવીને
-**જીવ**ને ચકરાવામાં ભમાવે છે પદે પદે ! ૨૭-૨૯

ડંખતો મોહ સંપૂર્ણ, મોહનું દુઃખ-દર્દ જે
-**જીવ**થી ના સહ્યું જાય, વેદના જ્યાં ભયંકરે,

ઘણા કાળ સુધી એવી દશા પ્રવર્તતી રહ્યો,
મોહથી વળવાનો ત્યાં આરંભ શુભ થાય છે. ૩૦-૩૧

અનેક જાતના ફંદા ન્યારા શા મોહના ખરે !
મેળે લોક પ્રવેશીને ફંદામાં શા ફસાય છે !
એકના એક કૂંડાળે ગોળ ગોળ ફર્યા કરે,
પડ્યો રહી છતાં એમાં શો ગુલતાન જીવ છે ૩૨-૩૩

મહામાયા સમો મોહ તીરછી દૃષ્ટિથી કરી,
-કરી દે મુગ્ધ શા લોક ! ઓઢાડી અંચળો વળી,
મૂર્ખામી જેવુંયે કર્મ મોહથી મુગ્ધ થૈ જનો
-સંસારે કરી બેસે છે શી કેટલીક વાર તો ! ૩૪-૩૫

ધોકો તો કેટલી વાર પોતાનાથી પડેલ છે !
તેમાંથી હઠવાનું તો છતાં કો'નું થતું ન છે,
છે વિચિત્રતા કેવી સંસારી જનની ખરે !
સંપૂર્ણ યોગ્યતામાં તો વર્તાતું કોઈથી ન તે. ૩૬-૩૭

સંસારે મોહની માયા કેટલી પ્રસરેલ છે !
તે વિસ્તાર કળાઈ તે શકાવો શો અશક્ય છે !
એનાં શાં પડળો એક પછી એક અનંત છે !
એકથી છૂટતાં, બીજું આવી ઊભું રહે ખરે. ૩૮-૩૯

વાગેલા છે જ ધક્કેલા તેનું સંપૂર્ણ ભાન છે,
છતાં મોહથી છુટાતું હજી કેમે કર્યું ન તે,
મોટામાં મોટું આશ્ચર્ય કેવું જીવનનું જ તે !
અજાયબી જ તે મોટી કેવી માનવીની જ છે ! ૪૦-૪૧

પોતાનું સર્વ માન્યું જે સાથે તે આવવાનું ના,
છતાં તેમાંથીયે મોહ કેમે કૈં છૂટતો જ ના,
સંસાર મૂકીને સર્વ ચાલ્યા જવાનું છે ખરે,
છતાં સંસારનો મોહ મુકાતો કોઈથી ન તે. ૪૨-૪૩

મોહમાં મોહથી મુગ્ધ લુબ્ધાય કેટલા બધા !
જીવદશાની તો એવી છે સ્વાભાવિક ભૂમિકા,
બીજું કશું વિના એવું થવાવું નવ શક્ય છે,
મોહની એવી શક્તિનું બ્યાન તેથી કરેલ છે. ૪૪-૪૫

જીવને મોહકેરા તે શા ભયંકર જંગલે !
ભૂલા પડેલ છે જીવો જેનો કો ના ઉપાય છે,
પડી ર્‌હેવાનું એમાં ને એમાં છે મન જીવનું,
કીડો જે છાણનો તેને છાણમાં ઈષ્ટ જીવવું. ૪૬-૪૭

મોહની યાતના ઉગ્ર, વેદના પણ તીવ્ર છે,
અનંત વાર તો જીવ ભોગવ્યા કરતો જ તે,
રગદોળાય એમાં ને એમાં કેવો બહુ રીતે !
છતાં એને અજંપો કે કંટાળો કૈં ન થાય છે,
એ જ મોટો ચમત્કાર દીઠામાં જે ન આવતો,
તણાય મોહમાં લોક છતાં તેમ ન લાગતું ! ૪૮-૫૦

કેવી કેવી જ મુશ્કેલી મોહમાં પડનારને
-સંસારે આવતી, તોયે છોડે ના કોઈ મોહને,
સજ્જડ મોહની એવી પકડ છે બધાં પરે,
છતાં પરાવલંબી શો મોહ પાછો ખરેખરો,

છતાં સ્વતંત્ર હો પૂરો સંસારે તેમ વર્તતો,
જંજાળ મોહની મારે શી અટવાવી સર્વને ! ૫૧-૫૩

તાણ ને ખેંચથી કેવું તંગ માનસ થાય છે !
મોહની તે પીડાકેરો મોહજ્વર શું તેથી છે !
પીડાય મોહથી લોક શા ભયંકર જીવને !
છતાં પડી રહેવાનું મોહમાં **જીવ**ને ગમે. ૫૪-૫૫

કીડો જે નર્કનો તેને નર્કમાં મ્હાલવું ગમે,
મોહના **જીવ**ને તેવું મોહમાં મ્હાલવું રુચે. ૫૬

મરવું જીવવું **જીવો** મોહમાં રહીને કરે,
સહુ **જીવો**તણો કેવો સંસાર મોહનો જ છે,
પ્રવૃત્તિ શી અનેકે છે **જીવો**ની મોહ સાથ તે,
મોહ શો સર્વવ્યાપી છે! મોહનો ધણી મોહ છે. ૫૭-૫૮

**જીવ**ને મોહની સાથે દોસ્તી તો ક્યારનીય છે,
એકબીજાની સાથે તે કોઠે પડી ગયેલ છે,
એકબીજાથી ના ભિન્ન, શા પરસ્પર સાથ છે !
સંપૂર્ણ મોહ વિનાનો **જીવ**, આત્મા પ્રમાણજે. ૫૯-૬૦

મોહની સર્વ વૃત્તિને **પ્રાણ** દોરવનાર છે,
પ્રાણતત્ત્વ ખરી શક્તિ મોહની યોગ્ય જાણજે,
**જીવ**પ્રકૃતિનો **પ્રાણ** મોહને પ્રાણ અર્પીને,
મોહ જિવાડતો રાખી ગોદાટે છે પ્રવૃત્તિમાં. ૬૧-૬૨

શો બેવકૂફ તો **જીવ** હેતુ-બેતુ વિના કશો,
ઊંધું ઘાલી પડે કેવો મોહના ખતરે ઊંડો !
શું લખલૂટ તે ખર્ચ મોહ આકર્ષણે કરે !
લિજ્જત મોહની ભારે પડે, છતાં ન ભાન છે. ૬૩-૬૪

એકચક્રે જ સંસારે મોહ પ્રવર્તમાન છે,
મોહની તે દશા-કાળે સામ્રાજ્ય મોહનું શું છે !
ખરા મધ્યાહ્નકાળે તે સમયે દિલ મોહને
-સંપૂર્ણ મુક્તતાથી ત્યાં મુશ્કેલ પ્રીછવો જ છે. ૬૫-૬૬

કરાવે મન તોફાનો કેવાં કેવાં નવાં નવાં !
સામ્રાજ્ય મોહનું એવું જેના દોરદમામ શા !
છતાં 'તોફાન તે,' એવું કદી ના **જીવ** પ્રીછતો,
આનંદલહરી એવું મોહને મન હોય શું ! ૬૭-૬૮

મોહનાં વલણે કેવાં હિંમત ને પરાક્રમ
-કરે છે માનવી પોતે ! છતાં **અભય** ના દિલ,
ખુવાર થાય સંપૂર્ણ મોહ કેવો બૂરી રીતે !
છતાં છૂટવું તો એને મોહથી ગમતું ન છે. ૬૯-૭૦

શી દિલાવરી તો ભવ્ય મોહની હોય છે કદી !
છક્ક ત્યારે થઈ કેવું જવાય આપમેળથી !
કદીક ત્યાગ સંપૂર્ણ મોહ કેવો કરી જ દે !
છતાં એનો ન છે અર્થ જીવનના વિકાસપે. ૭૧-૭૨

જાણવા, પ્રીછવાથી તો મોહ કેમે કળાય ના,
જવી પકડ એની તે દુર્ઘટ, અઘરી સદા. ૭૩

કેવો આખોય જન્મારો મોહાવેશ વિશે વીતે !
છતાંયે કોઈની આંખ મોહથી પાછી ના વળે.
લઈને જન્મની સાથે મોહ તો જીવ જન્મતો,
પાછો લઈ જતો સાથે મોહને મૃત્યુની પછી. ૭૪-૭૫

તૃપ્તિ કંઈક, અતૃપ્તિ મોહમાં તે વિશેષ છે,
છે ભયંકર શી તૃષ્ણા સમગ્ર મોહ-જીવને !
-આશા-ઈચ્છાતણા ફુગ્ગા ચગે છે મોહ જીવને,
કદીક ગગને કેવા તે અર્થહીન તો ઊડે ! ૭૬-૭૭

મોહકેરી ભૂમિકામાં તટસ્થતા ટકે ન છે,
સમગ્ર એકબાજુનો ઝોક સંપૂર્ણ મોહને,
અન્યાય કરી બેસે છે બીજાને મોહ તો ખરે,
ચિંતા-ફિકરથી કેવો ઘેરાયેલો વળી રહે ! ૭૮-૭૯

❑

॥ હરિઃૐ ॥

# ખંડ ૫ મો : મોહમુક્તિ

## અધ્યાય ૧ : મોહની પરખ

(અનુષ્ટુપ)

મોહમાયા સમો રોગ શો ભયંકર જીવને !
કિંતુ તે કોઈને રોગ ઝાઝો કૈં સાલતો ન છે,
તેથી તો કોઈ ઉપાય કોઈને સૂઝતા ન છે,
સૌ કોઈ મોહમાં તેથી નિરાંતે પડી શા ઊંઘે ! ૧-૨

સૂક્ષ્મથી પણ સૂક્ષ્મે તે છાનોમાનો રહેલ છે,
સ્વરૂપ મોહ એવાનું મુશ્કેલ જાણવાનું તે.
સદ્‌ગુણ વળી સદ્‌ભાવતણું કોઈક વાર તે
-ધારણ કરતો મોહ રૂપ શું અણદીઠ જે !
મોહ પારખવો એવો દુર્લભમાં જ દુર્લભ,
વિવેકશક્તિ છે સૂક્ષ્મ તેવા તે માત્ર પારખે. ૩-૫

સૂક્ષ્મ જે મોહ છે તેની કળા, રમત ઑર છે,
'લાગી હો લગની ઊંડી, સત્‌ની' એમ શું વર્તશે !
'સત્‌નો પ્રભાવ જાણે હો પડતો' એવું દર્શન
-તે પ્રવર્તાવીને કેવું, ભરમાવે ખરું પદ,
શ્રેયાર્થીને છતાં કિંતુ ઓચિંતી ધન્ય કો પળે
-કૃપાથી જાણ એવાને મોહની પડતી ખરે. ૬-૮

'મુગ્ધતા ભાવની જાણે અંતરે પ્રસરેલ છે,'
સૂક્ષ્મ જે મોહ તો એવું પ્રેરાવે ભાન અંતરે,
સૂક્ષ્મ મોહની માયા તો ભક્તિ સ્વરૂપ ધારીને
-કેવો ભજવવા ભાગ કળા શી સૂક્ષ્મ વાપરે !
જે કો શ્રેયાર્થી સાચાને 'પૃથક્કરણ જીવને
-ઝીણામાં ઝીણું કાંતીને ટેવ જે કરવાની છે',
એવાને સૂક્ષ્મ તે મોહની દેખાતી કળા છૂપી,
સાચી ખબર સંપૂર્ણ પડ્યા વિના ન ર્‌હે કદી. ૯-૧૨

ઊર્ધ્વની સૂક્ષ્મ ભૂમિકા વિશે જ્યારે પ્રવેશતાં,
મોહનું ગૂઢ ને સૂક્ષ્મ દિવ્ય સ્વરૂપ હોય જ્યાં,
ત્યારે કળણ તેવું તે આનંદ ઑર પ્રેરતું,
'અસંદિગ્ધપણું એનું વળી અછકલાપણું,
સૂક્ષ્મ મોહ ભૂલેચૂકે બતાવતાં જતાં સહી,
એવાં એવાં રૂપે ત્યારે ભુલાવામાં જતાં પડી
-શ્રેયાર્થીનો ઊંડો ઊંડો થયો સૂક્ષ્મ વિવેક જે,
તેવો કૃપાથી વિવેક શો સદ્‌ગુરુ બનેલ છે !
તેવો સદ્‌ગુરુ તે કાળે શ્રેયાર્થીનો ગ્રહી કર
-ખેંચી ઉપર તાણીને શો દે છે લાવી તત્ક્ષણ,
જીવદશાની બુદ્ધિથી મોહનાં સૂક્ષ્મ રૂપ જે,
કળાવાં તે પૂરેપૂરાં દુર્લભ શાં અશક્ય છે ! ૧૩-૧૮

સ્થૂળ જે મોહ છે, તેને પારખવો સહેલ છે,
સૂક્ષ્મ જે મોહ છે, તેને સૂક્ષ્મ વિવેક પારખે,
મૂળ કારણમાં ક્યાંયે અસ્તિત્વ મોહનું ન છે.

ભક્તિ જ્યાં લાગતાં પૂર્ણ મોહ ઓગળીને ગળે,
હરિપદની આસક્તિરૂપ તે થઈ જાય છે. ૧૯-૨૦

બદલે રંગ કાચંડો, બદલે રંગ તે રીતે
-મોહ જુદા જુદા ટાણે શી તરકીબ એની તે !
મોહ પારખવા શક્તિ સંસારી જનને ન છે,
પારખે યોગ્ય એને જે મોહાતીત થયેલ છે. ૨૧-૨૨

❑

## અધ્યાય ૨ : મોહમુક્તિ-ભૂમિકા

(અનુષ્ટુપ)

વલણ મોહનામાંથી નીકળવું બહાર તે,
એકદમ નથી સ્હેલું જવા યત્ન ન શક્ય છે,
ભલે પ્રયત્ન તો થાય, કિંતુ તેનો ન અર્થ છે,
મોહમાં રહીને મોહ થવો દૂર ન શક્ય છે. ૨૩-૨૪

કેમેય મોહ ના છૂટે એની જિંદગી લાંબી છે,
છોડાવ્યોયે ન છૂટે તે વજ્ર શો વળગેલ છે ! ૨૫

મોહની છે મડાગાંઠ જબ્બરમાં શી જબ્બર !
કેમેય તે ન છૂટે છે તૂટ્યો તૂટે ન તે રજ. ૨૬

જાગવું મોહનિદ્રાથી ઘણું મુશ્કેલ કામ તે,
મોહની સ્થિતિ ડંખ્યા તે વિના છે થવું દુર્ઘટે. ૨૭

મોહથી છૂટવા કાજે જેની ઈચ્છા શી શુષ્ક છે,
છુટાવાનું કદી એને મોહથી ના બની શકે. ૨૮

શા વારંવાર તો ધક્કા કૈં ભયંકર લાગતાં,
હચમચી પછી કિલ્લા મોહના ત્યાં જશે ખરા. ૨૯

પશ્ચાત્તાપ ઊંડો ઊંડો મોહ પ્રસંગથી થતાં,
પશ્ચાત્તાપાગ્નિ તો કેવો ભભૂકે છે ખરો તદા !
ને પશ્ચાત્તાપ ઊંડો જ્યાં ખરેખરો થયેલ છે,
તે પશ્ચાત્તાપની ગંગા કરે પવિત્ર પાપીને. ૩૦-૩૧

મોહનાં પરિણામોથી ઊંધુંચત્તું થઈ જતાં
-જીવને જ્યાં બહુ વેળા, ને વિચારાય ઊંડું જ્યાં,
મોહથી ડંખવું જ્યારે પૂરેપૂરું થતું ખરું,
ત્યારે મોહથી તો પાછું વળવાનું પછી થતું. ૩૨-૩૩

મોહથી દિલ આઘાત પ્રત્યાઘાત થતા રહ્યો,
કારણે ગૂઢ કોઈક પસ્તાવો કૈં થતાં હૃદે,
ત્યારે કંઈક શો મોહ કઠવા મંડતો ખરે,
એવી પરંપરા જ્યારે અનેક વાર થાય છે,
મોહમાંથી પછી ત્યારે પાછું ખસવું થાય છે. ૩૪-૩૫

મોહના હુમલાઓથી જીવન જ્યાં રૂંધાય છે,
તીવ્રમાં તીવ્ર આઘાત જ્યાં ભયંકર થાય છે,
બુદ્ધિમાં પછડાટો શી વારંવાર ખવાય છે !
ત્યારે જ મોહથી પાછું પડવાનું શું થાય છે ! ૩૬-૩૭

કોઈક અણકલ્પેલા શા એવા ગૂઢ કારણે
-કેવું પ્રગટવાથી જ્યાં જીવને અણધાર્યું તે,
ધક્કેલાવાનું પાછું તો મોહના પંથથી થતું !
થતું જીવનમાં એવું પરિણામ પ્રસાદનું. ૩૮-૩૯

આંચકા લાગતા ભારે જીવનમાં શું મોહથી !
તે જયાં અનુભવાતું છે ખરું પ્રત્યક્ષ દિલથી,
બહુ અનુભવોથી તે તારવવાનું બુદ્ધિને
-ખરેખરું થતું જયારે મોહથી ત્યાં વળાય છે. ૪૦-૪૧

ખાલી કોરી જ બુદ્ધિથી મોહ વિશે વિચારવું
-ભલે થતું હશે, કિંતુ એથી દા'ડો વળે ન કૈં,
ડંખ્યા જ કરતો હોય શો વારંવાર મોહ તે !
ડંખની લાગણી તીવ્ર બુદ્ધિમાં જયાં પ્રવેશશે,
એવી બુદ્ધિ પછી યોગ્ય કામ શી આપતી થશે ! ૪૨-૪૩

વલણ મોહનું જયારે જોરદાર પ્રવાહી છે,
લાગતાં આંચકો ત્યારે ખંચકાવાય છે ખરે,
ધ્રાસકો આંચકાથી તે લાગતો જયાં ભયંકર,
શક્યતા વળવા પાછા મોહથી થાય આખર. ૪૪-૪૫

મોહના પંથથી પાછા વળેલા હો ખરેખરા,
કદીક શા છતાં પાછા સપડાવાય મોહમાં !
ગાઢતા તીવ્રતા ત્યારે મોહના પાશમાં ન છે,
થતાં આતુર જિજ્ઞાસા મોહ ત્યારે ટળે જ છે. ૪૬-૪૭

મોહના રંગમાં જયારે આવી પૂરા ગયેલ છો,
ફાંકડા ગેલમાં એના તાનમાં પ્રગટેલ છો,
ઉન્માદ મોહનો ઘેરો જીવને પ્રસરેલ છે,
ત્યારે તો મરડાવાનું તેમાંથી તે અશક્ય છે,
કિંતુ એવી દશા વચ્ચે પછડાવાનું ત્યાં થતાં,
પાછા તે વળવાની શી અમૂલ્ય તક છે તદા. ૪૮-૫૦

મોહથી અટવાવાનું અનેક વાર જ્યાં બને,
જ્યારે ભોગવવા વારો સંજોગે ખોટવાય છે,
વ્યવહારે પ્રતિષ્ઠાનો થતો ભંગ જણાય જ્યાં,
પાછું ત્યાં પડવા વારો થતો જીવથી હોય ત્યાં. ૫૧-૫૨

મોહના લબકારા શા મારે અનેક વાર તે !
સંતોષાતો ન તે, ત્યારે ઉછાળા મારતા જ છે,
ને અકળાવી મારે છે શા અધીરા બનાવીને !
કદીક પડતાં લાત તે વેળા, શક્યતા ઊગે
-ખરેખરી જગાવાની, એ તો હરિકૃપા શી છે ! ૫૩-૫૪

એકધારો જતો હોય શો ધસમસતો પથે !
ધસ્યો ધસ્યો શું દોડે છે. લલચાઈ ખરેખરો !
તલપ મોહની ત્યારે લાગે કકડતી ઊંડી,
સંતોષાતો જહીં હોય જે વેળા, ત્યાં જ ફાળ જે
-ઓચિંતી, કાળના જેવી મોહને જ્યાં પડે હૃદે,
ત્યારે શો મોહને વારો વિચારવાતણો ઊગે. ૫૫-૫૭

સંસારી ને ગૃહસ્થી જે સ્હેજે મોહાય જીવને,
મોહપ્રવાહમાં એવો તણાતો નિત્ય જાય છે,
આધિ, ઉપાધિ ને વ્યાધિ તેમાંય હોય છે ઘણાં,
કિંતુ મોહ નશા લીધે તે ગણકારતો જ ના,
મોહ ભોગવવાનીયે મર્યાદા શી શરીરની !
ઉપરવટ શા જાય છતાં તે હદ બ્હારની !
ભોગવવા જતાં એવી રીતે જ્યાં ઝંખી ઝંખીને,
મોહમાં આવરાઈને લુબ્ધાય મોહને વિશે,

વ્યવહાર પછીથી શો એવાનો મોહનો જ છે !
મોહ વિના કશું બીજું એને કાંઈ ગમે ન છે,
ઓચિંતાં શો અકસ્માતે ધક્કો ત્યાં લાગવાથી જે,
પડી જતાં બૂરી રીતે પસ્તાય જીવ આખરે,
થતાં ઊંડો જ પસ્તાવો, પસ્તાવાગ્નિ ભભૂકતો
-આવે ત્યાં જાગવા વારો જીવને મહાભાગ્યનો. ૫૮-૬૪

જાગતાં જાગતાં પાછો ડોકિયાં મોહ શો કરે !
કેવો હવાતિયાં મારે પછાડવા જ જીવને !
ચેતેલો કિંતુ સંપૂર્ણ ઈશારાથી જ ચેતીને,
કાચબા જેમ ઇંદ્રિયો સંકેલી લે જ તે પળે. ૬૫-૬૬

કદીક મોહને તીવ્ર ગૂંગળામણ થાય છે,
પાછા તે વળવાનો શો મોકો ત્યાં મોહને શું છે !
ઘણના માર જ્યાં માથે પડતા હોય મોહને,
તે વેળા જ જગાવાની ખરી શી પળ મોહને !
હથોડા પડતા માથે ટિપાવાઈ જવાય જ્યાં,
ખુરદો નીકળી જાય, છૂંદેછૂંદો થઈ જતાં,
છંછેડાઈ જતો હોય જે વેળા તીવ્ર મોહ તે,
ખરેખરો જ તે કાળ થવાને મુક્ત મોહથી. ૬૭-૭૦

એની મેળે કદી મોહ છૂટી જતો ન હોય છે,
વજ્રાઘાત સમો જ્યારે એને આઘાત લાગશે,
મૂંઝાવાનું, ગૂંચાવાનું જ્યાં ભયંકર થાય છે,
દિલમાં અકળાવાનું થાય જ્યાં તીવ્ર મોહને,
થવાને મોહથી મુક્ત તીવ્ર આતુરતા શી છે !
છે ખરી પળ તે વેળા છૂટા થવા શી મોહથી ! ૭૧-૭૩

ઊભરા મોહવૃત્તિના ઉગ્ર જ્યાં ઊભરાય છે,
ભોગવવાપણાનો જ્યાં શો તલસાટ તીવ્ર છે !
શો ધસમસતો વેગ પ્રચંડ તે પ્રમાણ છે,
ત્યારે ત્યાં ખંચકાવાનું કોઈ કારણથી થયે,
પાછા તે વળવાનું ત્યાં વિચારવાનું થાય છે,
જાગવાનું સફાળું જ્યાં કૃપાથી તો બનાય છે. ૭૪-૭૬

શા ઉશ્કેરાટ, આવેશ, આવેગ મોહને લીધે !
જો તલસાટ તે સૌથી હોય શો કેટલો બધો !
કેમે કર્યા શમે તે ના, સંતોષાય ન તે પૂરાં,
અશાંતિ ક્લેશ તેમાંથી જન્મતો આંતરિક ત્યાં,
તે તે વધી જતાં ભારે મર્યાદાપાર તે થતાં,
થવા મુક્ત બધાંથી આ ત્યારે મથાતું શું તદા ! ૭૭-૭૯

મોહની વૃત્તિથી જ્યારે વર્તવાનું બન્યા કરે,
અનેક રીતથી કેવું નિર્બળ કૈં થવાય છે !
વળી નિર્બળતાની તે જ્યારે કૈં જાણ થાય છે,
ઊંડું તે ખૂંચવા લાગ્યે પાછું તેથી પડાય છે. ૮૦-૮૧

યૌવન મોહનું સ્હેજે ક્યારેય મોળું ના પડે,
આયુષ્ય મોહનું આંક્યું તે ના આંકી શકાય છે,
છતાં અગમ્ય એવાં તે કોઈક કારણો વડે
-મોહનું જોશ શું મોળું પડતું જતું હોય છે ! ૮૨-૮૩

મોહથી ખરડાયેલી બુદ્ધિથી તારતમ્ય કૈં
-યોગ્ય પ્રકારનું કેમે કશું ના નીકળી શકે,
જીવદશાનું તેથી તો જે વિચારેલું હોય છે,

ઉત્તમ સાચું હોવાની શક્યતા ના કશીય છે,
એવા અનેક ધક્કા શા મનાદિને જ વાગતાં,
મનાદિ પડતાં પાછાં મોહના પંથથી તદા. ૮૪-૮૬

જીવદશામહીં કેવી પ્રવૃત્તિ છે મનાદિની !
ઉત્તમ હો ગમે તેવી સંકુચિત છતાં જ શી !
શ્રેયના માર્ગમાં તેનું મૂલ્યાંકન કશું ન છે,
એવું જ્યાં સમજાતાંમાં, થયું છે વળવાનું છે. ૮૭-૮૮

મોહાદિ વલણોમાંથી ખેંચ ને તાણ તંગ શું
-મનાદિ, જ્ઞાનતંતુઓ કેવાં ઘવાઈ જાય છે !
તંગ, ખેંચ અને તાણતણા જે હુમલા ઘણા
-વારંવાર પ્રમાણે તે થતાં, સંતાપ શા તદા !
કોઈક વાર તેમાંથી કેવું જાગી જવાય છે !
જાગેલાનાં પછી પાછાં સાબદાં શાં મનાદિ છે ! ૮૯-૯૧

.સમજવાથી તો માત્ર મોહ પૂરેપૂરી રીતે,
થવાવાનું નથી મુક્ત મોહથી કોઈ રીતિએ,
મોહથી તો થવા મુક્ત મોહ તે ડંખવો ઘટે,
ડંખવાની દશામાં તો મોહને પ્રીછવો ઘટે,
ઊંડામાં ઊંડું જ્યાં મોહ ડંખતો તે થઈ જતાં,
એથી નીકળવા વારો ખરો સૂઝી જતો તદા. ૯૨-૯૪

અણગમો, તિરસ્કાર છો ગમે તેટલો કરો,
તેથી મોહ જવાનો ના નિશ્ચયે જાણજો તમો,
પૂરેપૂરો વિના સાલ્યા હૈડે ડંખ્યા વિના ઊંડો
-મોહ તો ટળવાનો ના, છે અડીખમ મોહ શો! ૯૫-૯૬

-મોહ તો એમનો એમ જવાનો નીકળી ન તે,
કાઢવાને પુરુષાર્થ જવાનો ખાલી ખાલી જે,
કિંતુ મોહથી જે ઊર્ધ્વ દિશામાં તે જવાતણો
-પુરુષાર્થ થતાં, મોહ મોળો તે પડશે જ તો. ૯૭-૯૮

કદીક આડફંટે શો મોહ ચઢી જતો દીસે !
મોહનેયે વળી ટેક કેવી અવનવી શું છે !
સ્વાભાવિકપણે મોહ આમ તો ડગતો ન છે,
કિંતુ તે શો ડગી જાય અગમ્ય કોઈ કારણે ! ૯૯-૧૦૦

ધક્કા ને આંચકા કેવા મોહથી વાગતા હૃદે !
છોડી દેવાનું ત્યારે એ લાગતું વાસ્તવિક છે,
છોડવાનું ચાહે તોયે છોડાય મોહથી ન તે,
મોહ પકડ સંસારે કેવી સજ્જડ હોય છે ! ૧૦૧-૧૦૨

મોહના ફંદ છે ન્યારા ફસાયા શા મહામના !
છતાં કોઈક એમાંથી કૃપાથી તો બચી ગયા,
કેટલું કેટલું ઊંડું જયારે ડંખ્યું ખરેખરું,
તેમાંથી છૂટવા બુદ્ધિ તેવા તેવાની થૈ જ શું !
મોહના પાશનાં બાણ સોંસરવાં જ નીકળે,
છતાં મહારથી કોઈ નિશ્ચે ત્યાંથી બચી જશે. ૧૦૩-૧૦૫

ભૂરકી નાખી જાણે છે મોહ અકળ રીતથી,
અંજાવાઈ જવાયે છે મોહના મોહનાસ્રથી,
બે આંખમાંથી તો એક આંખ કેવી બની જતી !
શો ચમત્કાર છે એવો મોહનો ! શો મહારથી ! ૧૦૬-૧૦૭

તે મોહનાસ્ત્ર બ્રહ્માંડે છે ફેંકાયેલ ક્યારનું,
ભલભલા મહામુનિ અંજાઈ છે ગયા બહુ,
પાછા ફરી ગયા જેઓ મથીને મોહ પંથથી,
તેમાંથી જે શીખ્યા, તેથી પામ્યા વિકાસ ખંતથી. ૧૦૮-૧૦૯

મોહમાં મોહનાં વ્હેણે તણાવાઈ જવાયું છે,
બૂમોયે મારવા હોશકોશ કશા કંઈ ન છે,
'બચવું' એવુંયે ભાન ત્યારે જ્યારે કશું ન છે,
'ડૂબતો' છું કશું એવું મુદ્દલે ભાન કૈં ન છે,
ત્યાં રમકડું તે માત્ર મોહનું આપણે છીએ,
વગાડે યંત્રને મોહ તેમ તે વાગતું જ છે,
એવી जीवदશામાં જે મોહમાં जीवની જ છે,
ત્યાં કૈં ઊગરવા વારો કોઈ પ્રકારનો ન છે,
ઊગરવાપણાનીયે તમન્નાયે કશી ન છે,
સમર્થ हरिના જેવો તેને બચાવી ના શકે. ૧૧૦-૧૧૪

કદીક ક્લિષ્ટતા કેવી મોહના જીવને ઊગે,
ઓળંગી તે જવા કેવો ત્યાં પુરુષાર્થ થાય છે ! ૧૧૫

ઘર, લક્ષ્મી, ઘરેણાં સૌ બાળ, બચ્ચાં બધાંયને
-સંસારાદિ વગેરેને છોડી જવાનું આપણે,
ખાલી હાથે જ આવેલા જવાનું ખાલી હાથ છે,
મનથી છોડી દેવાનું છતાં ના દિલ થાય છે,
એની મેળે જવાનું ના છોડાવાનું ન દિલથી,
મોહની તે દશામાંથી છૂટવા દિલ થાય જો,
વીંછીના ડંખની પેઠે ડંખે જ્યાં તીવ્ર ઉગ્ર જો,
ને એવી વેદના એના પરત્વેની હૃદે ઊંડી

-ચાલુ રહ્યા કરે ભારે, ડંખ્યા તે કરતી વળી
-તો ત્યારે જ ચસાવાનું મોહથી થાય જીવને,
તે વિના મોહથી આરો આવવાનો કદી ન છે. ૧૧૯-૧૨૦

❑

## અધ્યાય ૩ : મોહમુક્તિ પાત્રતા

(અનુષ્ટુપ)

ભુલભુલામણી ભારે મોહની સૂક્ષ્મ હોય છે,
જાગેલો ને વિવેકી જે ભેરવાઈ ન તે પડે. ૧૨૧

કિલ્લામાં મોહના ક્યાંયે ગાબડું પડવાતણી
-જીવદશા વિશે ક્યાંયે નવ છે શક્યતા કશી,
છે જિજ્ઞાસાગ્નિ ચેતેલો જેના અંતરને વિશે,
તેવાના જીવને મોહ પાછો નિશ્ચે પડે ખરે. ૧૨૨-૧૨૩

શું નરદમ પોલાણ તળે મોહની હોય છે !
કિંતુ તે તો જણાયામાં આવે છે નહીં કોઈને,
છતાં જીવન ચેતેલો જેનો વિવેક હોય છે,
માત્ર પારખી લે તેવા છતાં જણાવતા ન તે. ૧૨૪-૧૨૫

કોઈયે મોહના ફંદામાંથી ના છટકી શક્યા,
જગે એ બાબતે એક્કે કોઈ છે અપવાદ ના,
કોઈક ભક્ત કે જ્ઞાની જેની સંખ્યા શી અલ્પ છે !
અલ્પમાં અલ્પ જે એવા શા અપવાદ માત્ર તે ! ૧૨૬-૧૨૭

ઊર્ધ્વ જીવનનું જેનું ધ્યેય જો વિકસેલ છે,
મોહથી છૂટવા વારો તેવાને આવતો જ છે. ૧૨૮

ડંખવા કઠવાની જો અનેક વાર પ્રક્રિયા
-જીવને મોહને અર્થે, થતી રહેતી હોય જ્યાં,
મોહમાંથી પછી ધીમે ધીમે કાંઈ ચસાતું છે,
મોહથી વળવાનું તો પાછું ત્યારે જ કૈં બને. ૧૨૯-૧૩૦

મોહના કૈં પ્રસંગોથી ધ્રાસકો પડતાં હૃદે,
પશ્ચાત્તાપ થતાં ઊંડો મોહથી નીકળાય છે. ૧૩૧

જીવને મોહમાંથી જો છૂટવાનું જ દિલ છે,
નિશ્ચય વજ્ર જેવો જ્યાં મરણિયો થયેલ છે,
મોહની તે દશા ભારે ડંખેલી ઊંડી ઊંડી છે,
ત્યારે જ મોહના પાશ થકી છૂટી શકાય છે. ૧૩૨-૧૩૩

મોહની જે દિશા તેથી બીજી દિશા ભણી જવું
-પૂરેપૂરું થયેલું હો મોહથી તો છુટાય છે. ૧૩૪

हरिस्मरણની જ્યારે લગની લાગી જાય છે,
જીવને મોહથી ત્યારે છૂટવાનો જ કાળ છે. ૧૩૫

ઊર્ધ્વ જીવનની ભક્તિ લાગી જતાં ખરેખરી,
મોહાદિ ટળવા ત્યારે મેળે તો માંડતાં પછી. ૧૩૬

નિરાશા મોહથી જ્યારે અનેક વાર જ્યાં મળે,
ત્યારે તો મોહથી કેવું પાછું વળવું થાય છે. ૧૩૭

મોહથી દિલ સંપૂર્ણ જ્યાં નાસીપાસ થાય છે,
અનેક વાર જ્યાં એવું બનતાં, તો છુટાય છે. ૧૩૮

મોહના રંગમાં ભંગ ઓચિંતો પડતો જહીં,
અકસ્માતે થતાં એવું સંકોચાવાતું ત્યાં વળી,
તે વેળા ભૂમિકા યોગ્ય ભાવને હોય જો ચહી,
ચેતી જવાય છે ત્યારે કોઈ સદ્‌ભાગી જીવથી. ૧૩૯-૧૪૦

મોહની જાતના ઊંડા સંસ્કાર જે પડેલ છે,
મોહની વૃત્તિ તેમાંથી જાગી તે ઊઠતી જ છે,
ત્યારે વૃત્તિ પ્રમાણે તો દોરવાવાય જીવને,
પાછા શા ગાઢ સંસ્કાર તે પ્રમાણે પડ્યા જશે,
એમાંથી ઊઠવા વારો ભાગ્યે કોઈકનો થતો,
નિશ્ચિત ધ્યેય જેનું છે તેવો માત્ર બચી જતો. ૧૪૧-૧૪૩

શો લગોલગ ચોંટીને ભીંસી ભીંસી અડોઅડ,
મોહ કેવો લગાતાર સેળભેળ રહેલ છે,
એને તારવવો જુદો શક્તિ માનવીની ન છે,
છતાં જ્યાં અગ્નિ જેવી છે જિજ્ઞાસા, જીત ત્યાં શી છે ! ૧૪૪-૧૪૫

મોહની ધૂન લાગે જ્યાં તાનમાં શૂર શું ચઢે !
એ શૂરાતનમાં મોહ થતો વ્યાપક જાય છે,
પછી વ્યાપકતા એવી એની ખંડિત કૈં થતાં,
શો ક્ષોભ ઉદ્ભવે ! ત્યારે માત્ર, તે મોહ જાણવો,
અનેક વાર તો એવો ક્ષોભ સાંપડતાં ઊંડો
તે પરિણામથી મોહ મોળો થતો શું લાગતો ! ૧૪૬-૧૪૮

ઝંખના, એષણા, તૃષ્ણા, આશા, ઈચ્છાય કામના,
લોલુપતા શી ! ઈત્યાદિ મોહના ફણગા બધા,
લોભનું મોહની સાથ શું સગપણ હોય છે !
સગાં એક કુટુંબી શાં કામાદિ, લોભ, મોહ છે,
જીવદશાની વૃત્તિથી જ્યારે ઊર્ધ્વ થવાપણું
-છે પ્રવર્તતું પ્રત્યક્ષ, ત્યાં મોળાપણું સર્વનું. ૧૪૯-૧૫૧

મોહમાં કામક્રોધાદિ કેવા સંલગ્ન હોય છે,
સંપૂર્ણ એકલો છૂટો બીજાથી કો ન હોય છે,

'એકબીજાતણું પાકું પરસ્પર થયેલ છે
-સગપણ પૂરેપૂરું' તેમ વિચારવું ઘટે,
કોઈક એકલાને તે એકલાની રીતે કશું
-કદી વિચારવાનું તો રખાતાં, ભૂલ થાય શું !
અસર સરવાળે સૌ આ બધાંની જ થાય છે,
શું જીવનનું દેવાળું તેથી નીકળતું જ છે !
તેથી ચેતી જતો જે છે સદ્‌ભાગી, બડભાગી છે,
તેવા જ માત્ર તો ઊર્ધ્વે પ્રયાણપાત્ર હોય છે. ૧૫૨-૧૫૬

શી જોરદારવાળી ને અસર જોશવાળી જે
-મોહાદિની પડે છાપ ઘેરી જીવનની પરે !
વ્યાપક કેટલી કેવી ! દીર્ઘગામી શી હોય છે !
ને દીર્ધકાળ પર્યંત ટકે અશર તેની જે,
તેનાથી દોષ, ભૂલો જ્યાં વારંવાર થયા ગયે,
કદીક ઓચિંતું ત્યાં તીવ્ર ભાન થાય છે,
એવી સભાનતા તીવ્ર મોહાદિ પથથી ખરે,
શકે વળાવી પાછું તે જીવને શ્રેય પંથપે. ૧૫૭-૧૬૦

કેવાં દુઃસ્મરણો ઊંડાં મોહથી જે પડ્યાં કરે,
તેને નિવારવા શક્તિ કોઈ સંસારીની ન છે,
મોહથી ઊર્ધ્વનું જેનું ઊંડું મનન ચિંત્‌વને,
તેવો જ એકલો માત્ર છેદવા પાત્ર મોહને. ૧૬૧-૧૬૨

મોહ તો જીવતાં જેને ડંખ્યો કૈંક વિશેષ છે,
કૃપાથી માત્ર તેવા શા મોહથી ઊગરી જશે,

મોહથી વળવા પાછા મન તૈયાર જેનું છે,
તપશ્ચર્યા શી તેવાની જીવને ફળવાની છે ! ૧૬૩-૧૬૪

તે અનુભવવા કેવું નવું નવું ચહ્યા કરે !
જીવને મુગ્ધતામાં તે પાડી, પૂરો સુવાડી દે,
એની કરામતો પૂરી, ઝટ, ઝટ કળાય ના,
મોહથી બચવા પાત્ર જે મોહાતીત યોગ્ય છે. ૧૬૫-૧૬૬

મોહને માડીજાયો કો જીતવા ના સમર્થ છે,
છતાં વિવેકી સંપૂર્ણ સંયમે રાખી તે શકે,
મોહથી બચવા જેને તમન્ના અગ્નિ જેવી છે,
તેવા શા એકલા માત્ર મોહથી તો બચી જશે. ૧૬૭-૧૬૮

જે તે કૈં એવું ને એવું રાખીને અકબંધ તે,
જવું આગળ ના શક્ય ઊર્ધ્વમાં હરિના પથે. ૧૬૯

શી ગલીકૂંચીઓ પંથે વાંકીચૂકી અનેક છે !
એમાંથી આવવું બ્હાર તે સલામત કૈં ન છે,
પારાવાર છતાં જેને ડંખ્યો મોહ અપાર છે,
તેવા જ એકલા માત્ર મોહ પાર થઈ જશે,
એમના એમ કોઈથી મોહ કિલ્લો જિતાય ના,
જ્વાળામુખી સમી એની જિજ્ઞાસા તે જીતે સદા. ૧૭૦-૧૭૨

મોહ મોળો થતાં કેવી તટસ્થતા જણાય છે !
મોળો પડેલ જ્યાં મોહ તણાવાય ન વૃત્તિએ,
ભયંકર ભલેને હો જોશ મોહની વૃત્તિનું,
જિજ્ઞાસા અગ્નિના જેવી તેવો ખાળી શકે બધું. ૧૭૩-૧૭૪

મોહનો પડદો ઊંચો કરી મોહ સ્વરૂપને
-કોઈયે નીરખી ના કૈં શક્યું યોગ્ય રીતે હૃદે,
કિંતુ જેને हरि ભક્તિ રોમરોમે અખંડ છે,
એવો તે એકલો પાત્ર મોહ ઓળંગવા જ છે. ૧૭૫-૧૭૬

કળણ મોહનું ભારે કળાઈ ત્યાં જવાય છે,
બહાર નીકળવા કોઈ ભાગ્યશાળી ન થાય છે,
માત્ર કો પાત્ર જે જ્ઞાની ભક્ત પૂરા જ હોય છે,
તેવા જ એકલા મોહપાશથી નિત્ય મુક્ત છે. ૧૭૭-૧૭૮

ઉપરછલ્લું બુદ્ધિથી મોહના તે સ્વરૂપને
-સર્વ કોઈ પિછાણે છે પાકું પૂરેપૂરી રીતે,
અગ્નિની ઝાળની પેઠે જેને લાગે ખરેખરું,
ઊંડામાં ઊંડું, તેવાનું થાય મોહથી છૂટવું. ૧૭૯-૧૮૦

ભલભલા ઘણા ડાહ્યા મોહમાં ખરડાય છે,
તપસ્વી ભરમાયા છે મોહ સૌંદર્યને વિશે,
ભાન પતનનું કિંતુ તેમને શીઘ્ર થાય છે,
પછી તો ચઢતાં વાર તેવાને લાગતી ન છે. ૧૮૧-૧૮૨

ચોંટી ગયેલ જે મોહે ત્યાંથી જ્યાં ઊખડી જવા
-અગ્નિ શી ઝાળ લાગી છે ! તેવા ત્યાંથી ખસી જતા. ૧૮૩

❑

# અધ્યાય ૪ : મોહમુક્તિના ઉપાય

(અનુષ્ટુપ)

મોહથી મુક્ત સંપૂર્ણ થવા, ભક્તિ ઉપાય છે,
લગાતાર લગાતાં જ્યાં ભક્તિમાં, મોહ તો ટળે. ૧૮૪

સાધનામાં વળેલો જે તેવાને મોહ હુમલા
-ઓચિંતામાં પડે આવી ત્યાં ગૂંચવાય તે મહા,
આર્ત ને આર્દ્ર પોકાર પાડે છે હરિપાદ તે,
કૃપાથી હરિની ત્યારે એવો ઊગરી જાય છે. ૧૮૫-૧૮૬

મારણ મોહનું શ્રેષ્ઠ ભાવ જે ઊભરાય છે,
બઢે જીવનમાં ભાવ તેમ વર્તવું ત્યાં ઘટે,
ભાવપ્રવાહ એવો જ્યાં વ્હેતો પ્રચંડ થાય છે,
ત્યારે ત્યાં મોહ સામ્રાજ્ય તૂટી ભૂકો જ થાય છે. ૧૮૭-૧૮૮

પડેલ ચિત્તમાં ઊંડા સંસ્કાર મોહને વિશે,
થયેલું એકઠું એથી જે કૈં, તેમાંથી મોહ છે,
કારણ મોહનું એવું સંસ્કાર જે પડેલ છે,
શ્રેષ્ઠ ઉપાય તો તેથી તેને★ બદલવા ઘટે. ૧૮૯-૧૯૦

મોહની ધૂનની તાને ઉશ્કેરાટ થતો બધો,
તે ઉશ્કેરાટને લીધે બગડે જ્ઞાનતંતુ સૌ,
તેનાથી રોગ ઉત્પત્તિ જીવને કેવી થાય છે !
આવકાર્ય નથી મોહ શાં કેટલાંક કારણે !
મોહથી પામવા મુક્તિ સંપૂર્ણ લક્ષ જીવનું

---

★સંસ્કાર

-જવું ઘટે પૂરેપૂરું જીવને તે પરત્વેનું,
મોહથી ઊર્ધ્વ જે હોય તેના મનન ચિંત્વને
-જીવે ર્હેવું ઘટે ભાવે તો તો મોહ ટળી શકે. ૧૯૧-૧૯૪

તીવ્ર ડંખતી જાગૃતિ મોહ પ્રત્યેની જે ઊંડી,
મોહથી છૂટવાકેરું સાધન શ્રેષ્ઠ છે વળી. ૧૯૫

નિર્વીર્ય મોહ તો પોતે કદી નિર્વીર્ય થાય ના,
તેજસ્વીપણું એનું સૌ એનીમેળે હણાય ના,
મોહથી ઊર્ધ્વનું જ્યારે વલણ જીવનું થતાં.
વર્ચસ્વ મોહનું ત્યારે મેળે મોળું થતું જ ત્યાં. ૧૯૬-૧૯૭

મોહનાં પડળોનો છે અંધારપટ અંતરે,
'દેખતો હોય સંપૂર્ણ' એવું માન્યા કરે જ તે,
શી ડહાપણની વાતો કેવી છટાથી તે કરે !
છાનોમાનો રહી પૂરો મોહ શો ડોળ તો ધરે ! ૧૯૮-૧૯૯

મોહથી તો થવા મુક્ત મોહથી કંઈ ઊર્ધ્વ જે
-એના પ્રત્યેનું ભક્તિનું આકર્ષણ થવું ઘટે,
મોહને દાબી દેવાનું કદાપિ નવ શક્ય તે,
મોહને મોહમાં રૈ'ને મુશ્કેલ છોડવો જ તે. ૨૦૦-૨૦૧

બહિર્મુખપણાકેરો મોહનો તો સ્વભાવ છે,
વલણ, વૃત્તિ ને દૃષ્ટિ ત્યારે સંપૂર્ણ બ્હાર છે,
ઊંડામાં ઊંડું સંપૂર્ણ થતાં મનન ચિંત્વન,
અંતર્મુખ થતો મોહ, વળે મનાદિ અંતર ૨૦૨-૨૦૩

વળેલો હોય સંપૂર્ણ જીવને મોહ અંતરે,
જે બહિર્મુખ છે, તે તે મેળે અંતરમાં વળે,

ખરેખરી રીતે જોતાં વળવો મોહ અંતરે
-શક્ય ના, કેમ કે એવો મોહનો ના સ્વભાવ છે.
તે સમજાવવા માટે કિંતુ જે તે લખેલ છે,
શ્રેયાર્થી એ રીતે એને લેશે સ્વીકારી અંતરે. ૨૦૪-૨૦૬

સંસારે મોહનો કેવો કેટલો પરિવાર છે ?
ગણાવ્યે પાર ના આવે, શો વિસ્તાર અનંત છે !
તેથી તો જીતવો મોહ મુશ્કેલ, દોહ્યલો જ છે,
કિંતુ જ્યાં ભક્તિ લાગતાં, ઊભી પૂંછડીએ દડે. ૨૦૭-૨૦૮

જ્યાં ભક્તિતણું સામ્રાજ્ય, પ્રેમનું આધિપત્ય છે,
જામે જ્યાં રંગ સંપૂર્ણ हरिની ભાવના વિશે,
જ્યાં તલ્લીન, તદાકાર જ્યાં એકાકાર લગ્ન છો
-હરિભાવે, પછી મોહ ટકવાનો ન કૈં જ તો. ૨૦૯-૨૧૦

શ્રદ્ધાથી પ્રાર્થનાકેરો જ્યાં તે ઉદય થાય છે,
તેમાં જ્યારે ભળે હૈયું, ભાવ ત્યાં ઊભરાય છે,
લગાતાર થતાં ભાવ, ભક્તિ મંડાણ થાય છે,
જામતાં ભક્તિ, તો મોહ મેળે વિલીન થાય છે. ૨૧૧-૨૧૨

મોહથી ઊર્ધ્વ કક્ષાના વિષયે ચોંટતાં દિલ,
પાંગરે જ્યાં મનાદિમાં ચેતનનો ઊંડો રસ,
મનાદિ પીગળેલાં છે हरिના રંગના રસે,
તો અંતરંગ સંપૂર્ણ મોહ તો બદલાય છે. ૨૧૩-૨૧૪

મોહને જીતવા જેઓ જતા, નિષ્ફળ થાય છે,
એનાથી મોહથી ઊર્ધ્વ જતાં મોહ જિતાય છે,
મોહથી ઊર્ધ્વ જે છે તે જ્યારે ત્યાં મોખરે તરે,
ત્યારે તો મોહ શો મેળે ગૌણત્વને જ પામશે,

એકલો માત્ર તે માર્ગ મોહને જીતવાતણો,
ભક્તિ કે જ્ઞાન કે યોગતણા માર્ગે વહ્યા કરો,
એમ તે કરતાં જ્યારે તેમાં તેમાં ગતિ થતાં,
ઊર્ધ્વે જતાં જતાં જ્યારે પ્રચંડ છે પ્રમાણ જ્યાં,
ત્યારે જ મોહ મેળે તે મોળો મોળો થતો જશે,
અખંડાકાર જ્યાં ભાવ થતાં, મોહ ટળી જશે. ૨૧૫-૨૧૯

મોહ ઉપરછલ્લો તે જાણવાથી ન કૈં વળે,
સમજવાથી ખાલી તે દહાડો ના કશો વળે,
મોહના જ્વરથી કેવું નમાલું તો થવાય છે !
મોહનશાથી તો કેવું જીવન નીચું જાય છે ! ૨૨૦-૨૨૧

ખાલી સમજવાથી તે મોહ કદી ટળે ન તે,
हरिની ભક્તિ લાગતાં પછી મોહ ફરી જશે,
સંસારી મોહ, આસક્તિ પાદપદ્મની થૈ જશે,
हरिના પદનો મોહ તેને પાર ઉતારશે. ૨૨૨-૨૨૩

એક સંજોગથી બીજું એની મેળે પ્રવેશવું,
કોઈથીયે બને ના તે, હશે તે જોશ કેટલું ?
છતાં મોહથી જ્યાં ઊર્ધ્વે પ્રેરાવાનું થયેલ છે,
ત્યારે શો મોહ તો આપે થતો જતો વિલીન છે ! ૨૨૪-૨૨૫

મોહ જ્યાં ફેરવાયે છે हरिના પદને વિશે,
તેવો મોહ તરાવે છે પાપીમાં પાપીને ખરે ! ૨૨૬

સંપૂર્ણ મોહથી મુક્ત થવાતાં જતું હોય જ્યાં,
ઉષા સૂર્યની ઊગે છે ને જેવું થાય છે તહાં,
તેવું જીવનમાં ત્યારે ભળભાંખરું થાય છે,
શ્રેયાર્થીને પૂરેપૂરી તેવી સમજ ઊગશે. ૨૨૭-૨૨૮

માથું ફોડી મરો તોયે પૂરું ફવાતું કૈં ન છે,
ત્યારે શો મોહ માથે દૈ હાથ નિરાશ થાય છે ! ૨૨૯

પ્રકૃતિમાં જયહીં સુધી પ્રકૃતિમાંનું અંગ જે,
પ્રકૃતિથી કદી તેને ના કૈં જીતી શકાય છે,
પ્રકૃતિથી ઊંચા ભાવે જેનું મનન ચિંત્વન,
તેવા અભ્યાસમાં પ્રાણ ટકાતાં, મોહ જાય છે. ૨૩૦-૨૩૧

આદિ અનાદિથી મોહ જીવમાં તે સ્વયંભૂ છે,
પ્રકૃતિ જેમ તો મોહ જન્મની સાથ નિત્ય છે,
વિખૂટો પ્રકૃતિથી તો જીવ કદી ન થાય છે,
પ્રકૃતિ હરિને તાબે, પ્રકૃતિ હરિની જ છે,
નિરંતર ભજે છે જે હરિને સૌ સમર્પીને
-હરિના થાય, જે પૂર્ણ પ્રકૃતિનો જ સ્વામી તે,
થવાથી હરિના ભક્ત મુક્તિ મળે શી મોહથી,
ભક્તિ કે જ્ઞાન કે યોગે મોહ જિતાય સૂહેલથી. ૨૩૨-૨૩૫

જોશ ખેંચાણ ભારે છે મોહના વ્હેણનું નર્યું,
ઉગારનાર એમાંથી કોઈ ભાગ્યે જ હોય શું !
મોહવાળો પૂરેપૂરો મોહમાં ગરકાવ છે,
એવાને પ્રાર્થનાનો તે ઉપાય ક્યાંથી સૂઝશે ? ૨૩૬-૨૩૭

કાઢવા, જીતવા મોહ પ્રયત્ન કૈં કર્યો ન છે,
હરિની લાગતાં ભક્તિ જ્યાં એકાકાર લક્ષ છે,
અખંડાકાર જ્યાં વૃત્તિ લગાતાર હરિપદે,
મેળે ત્યાં મોહ શો ન્યૂન લાગે થઈ જતો જ તે ! ૨૩૮-૨૩૯

દારૂ પીધો ઘણો હોય, નશો-ઘેન ચઢેલ છે,
રોજના કિંતુ અભ્યાસે ચાલ્યો તે ઘેર જાય છે,
કેવું અભ્યાસનું તેથી જીવનમાં મહત્ત્વ છે !
મોહને ટાળવા કાજે અભ્યાસ માત્ર સાધન,
અભ્યાસ એટલે માત્ર તે પ્રકારનું વાંચવું
-એવો એનો ન છે અર્થ, એનો ગૂઢાર્થ ઑર શું !
અભ્યાસની પ્રમાણેનું પ્રત્યક્ષ વર્તવું સદા,
ભાવ તે વર્તવામાં ત્યાં હોવો ઘટે પૂરો તદા.
તો જ યોગ્ય પરિણામ આવી શકે, પ્રમાણવું,
વિના ભાવ થયેલું સૌ યોગ્ય ના પરિણામનું,
અભ્યાસે તેથી તો ભાવ હોવો જીવંત શો ઘટે !
અભ્યાસ નિત્ય રોજિંદો ર્‌હેવાથી ભાવ ત્યાં જ છે. ૨૪૦-૨૪૫

જે અનુભવવાનું છે તેને માટેનું મંથન
-કર્મ દ્વારા થતું ર્‌હે, તે 'અભ્યાસ' નામ સાર્થક. ૨૪૬

દેશ આગળનો જે છે જેનાથી ભાવ તેતણી
-લાગતી દિલમાં ર્‌હે છે, એવી અભ્યાસની ખૂબી ! ૨૪૭

શું સંપૂર્ણ કરાવે છે ખુલ્લામાં ખુલ્લું અંતરે !
એવો અભ્યાસ જીવંતો તેનું તે પરિણામ છે. ૨૪૮

સાધન જે સ્વીકારેલું તેની તેવી ક્રિયા વડે,
ભાન પ્રકૃતિકેરું જે બદલાતું રહે ધીમે,
નિત્ય નિત્ય કરી ચાલ્યા અનંતગામી પંથને
-વટાવવાનું જેનાથી થાય, 'અભ્યાસ' જાણ તે. ૨૪૯-૨૫૦

અનુસંધાન જેનાથી ચેતના પ્રતિ થાય છે,
ને આકર્ષણ તે પ્રત્યે જેનાથી ઊમટ્યા કરે,

જેનાથી ચેતનામાં શું ડૂલી જવાનું થાય છે,
એને 'અભ્યાસ' તું જાણ, જેથી તત્ત્વ પ્રિછાય છે. ૨૫૧-૨૫૨

અભ્સાયનાં અનેકે છે સાધનો શાં જુદાં જુદાં !
જેના સ્વભાવને યોગ્ય જે સાનુકૂળ સર્વદા,
તેને વળગી રૈ'ને જે ચેતનાના પ્રવાહમાં
-વહ્યા જ કરતો લાગે, 'અભ્યાસ'નું પ્રમાણ ત્યાં. ૨૫૩-૨૫૪

જેનાથી બુદ્ધિ તેજસ્વી સૂક્ષ્મ ને પ્રાણવાળી જે
-બનતી જતી શી હોય ! અભ્યાસ પરિણામ તે ,
તર્ક, દલીલ ને શંકા, કુશંકા ટળી જાય છે,
પક્વ અભ્યાસનું એવું ફળ અમૃતનું શું તે ! ૨૫૫-૨૫૬

માર્ગ વિકાસનો સીધો એકદમ ન હોય છે,
આડો ને અવળો, વાંકોચૂકો ચોદિશ હોય છે,
એવા માર્ગની જેનાથી શી હૈયાસૂઝ અંતરે
-પડ્યા કરતી લાગે છે તેને 'અભ્યાસ' જાણજે. ૨૫૭-૨૫૮

જે અનુભવવાનું છે સાકાર તે થવા હૃદે,
પ્રત્યક્ષ વર્તતું એને થવા આધારને વિશે,
મંથન એ જ હેતુથી કર્મ દ્વારા સધાય જે,
યોગ્ય અભ્યાસ જીવંતો ઘડાવાને યથાર્થ તે. ૨૫૯-૨૬૦

ચોંટેલા જ્યાં છીએ ત્યાંથી જેનાથી ઊઠવું બને,
શો જ્ઞાનાત્મક હેતુનો તે ભાવાત્મક યજ્ઞ છે !
તેવા તે કર્મના યજ્ઞો હેતુકેરી સભાનતા
-જીવંતી રૂહે, ખરે તેનું નામ 'અભ્યાસ' જાણ ત્યાં. ૨૬૧-
૨૬૨

હોઈએ જ્યાં ત્યહીંથી જો ડગલું ખસવાનું તો
-થયા કરતું તે હોય 'અભ્યાસ' તો પ્રમાણવો. ૨૬૩

❑

## અધ્યાય ૫ : મોહમુક્તિ પ્રમાણ

(અનુષ્ટુપ)

ટાઢો કૈં પાડવા માટે મોહને કો ઉપાય ના,
જ્યાં સુધી પ્રકૃતિમાં છો ત્યાં સુધી મોહ સર્વદા.
વધતો, ઘટતો થાય, મુદ્દલે કિંતુ જાય ના,
દ્વંદ્વાતીત, ગુણાતીત થતાં, સંપૂર્ણ મોહ ના. ૨૬૪-૨૬૫

ધૈર્ય, પ્રસન્નતા, શાંતિ ટકરાતાં છતાં ઘણું,
ચિરસ્થાયી રહેવાને જ્યાં ટેવાયાં જવાય શું !
થતાં જતાં અશાંતિ જ્યાં મથનારો નમે ન ત્યાં,
એવું લક્ષણ તે સિદ્ધ, મોહ મોળાનું જાણ ત્યાં. ૨૬૬-૨૬૭

મોહ મોળો થતાં કેવી વિચારોની પરંપરા
-અટકતી જતી લાગે, શું અચરજ તે મહા !
એકાગ્ર ધ્યેયમાં તેવા લાગેલા શા જણાય છે !
મોહ તેવાતણો મોળો પડેલો છે જ જાણજે. ૨૬૮-૨૬૯

યદ્વાતદ્વાપણું જેનું ક્યાંય ના વરતાય છે,
સગડગપણું જેનું સારું ઓછું થયેલ છે,
નિશ્ચિંતતા, વળી જેનો પાકો નિશ્ચય હોય છે,
તેવાં તે લક્ષણો મોહ મોળો પડ્યાતણાં જ છે. ૨૭૦-૨૭૧

મૂલ્યાંકનો બધાં જે તે બ્હારથી તો થતાં હતાં,
હવે અંતરમાંનું તે જોવાનું માત્ર હોય જ્યાં,
એકાગ્રતાનું મંડાણ પાયાની ભૂમિકા વિશે
-જેનું થતું જતું, તેનો મોહ મોળો પડેલ છે. ૨૭૨-૨૭૩

ભાવનાની પરત્વેનો જેનો ઝોક અપાર છે,
ભાવના બઢતાં જેને જીવન સમજાય છે,
જીવનહેતુનું જ્ઞાન જ્યાં પ્રચંડપણે જ છે,
તે લક્ષણો ખરાં એવાં મોળાં પડેલ મોહનાં. ૨૭૪-૨૭૫

ધગશ, ખંત, ઉદ્યોગ, ઉત્સાહ, હોંશ, ઉદ્યમ
-ઊર્ધ્વ પ્રત્યે વધે જેનાં, તેનો નરમ મોહ છે,
ઘટે વાચાળતા જેની, તર્ક દલીલ જ્યાં ઘટે,
માનવાપણું જે યોગ્ય જ્યાં મનાતું જતું જ છે,
શ્રદ્ધા જીવંતી અગ્નિના જેવી પ્રચંડ જ્યાં જડે,
મોહ મોળો પડ્યાકેરું સિદ્ધ લક્ષણ સર્વ તે. ૨૭૬-૨૭૮

મોહ જ્યાં ઘટતો જાય, કામક્રોધાદિયે બધાં
-નરમ પડતાં જાય, ચાલે તેમનું જોર ના,
ઘટે જ્યાં મોહ ત્યાં તેના માડીજાયા જ ભાઈ જે
-હતા જે મોહ સંગાથે, હઠતા જાય સર્વ તે. ૨૭૯-૨૮૦

અંતર્મુખ થવાતું છે, ઘટતી બહિર્મુખતા,
મોળો થતો જતો મોહ જાણવો નિશ્ચયે તદા,
વાસના વૃત્તિઓકેરું જ્યાં જોશ ઊભરે તદા,
ત્યારે સંયમની શક્તિ કામે લાગી જણાય જ્યાં,
લાલચ, લાલસા જ્યારે આવતી લાગતી પથે,

કાચબા જેમ ઇંદ્રિયો શ્રેયાર્થી વાળી તુર્ત લે,
એવાં એવાં જણાતાં હો લક્ષણો જીવને જયહીં,
મોળો પડેલ છે મોહ નિશ્ચયે જાણી લ્યો તહીં. ૨૮૧-૨૮૪

વધારે ભાવનાકેરું જોશ અંતરમાં બઢે,
એકાગ્રતા ટકે એની મેળે આધારને વિશે,
ઉદ્વેગ કોઈ રીતે કૈં અંતરે જ્યાં થતો ન છે,
સિદ્ધ લક્ષણ તે સર્વ મોળાં પડેલાં મોહનાં. ૨૮૫-૨૮૬

વિના આદર્શની કોઈ બાહ્ય એવી શી વાતને
-મનાદિ લક્ષ ના લે છે, ઘટ્યું મમત્વ લાગશે,
સંસારી વૃત્તિથી પાછું જ્યાં પડવાનું થાય છે,
તે તે લક્ષણ છે સર્વ મોળાં પડેલ મોહનાં. ૨૮૭-૨૮૮

બાહ્ય પર વધારે જ્યાં અપાતો ના મદાર છે,
વધારે ને વધારે જ્યાં માંહ્યલું વરતાય છે,
શા નિરાગ્રહી, નિષ્કામી, નિરહંકાર થાય જ્યાં,
સિદ્ધ લક્ષણ તે તે સૌ મોળાં પડેલ મોહનાં. ૨૮૯-૨૯૦

ધક્કો કે ધ્રાસકો ત્યારે ઉશ્કેરાટ ન હોય છે,
ક્લેશ, કંકાસ કે એવા બીજા કાંઈ કશા વિશે
-વળી શકે મનાદિ ના, એવી નિશ્ચિંતતા જ છે,
ખરો ત્યારે પૂરેપૂરો ટળી મોહ ગયેલ છે. ૨૯૧-૨૯૨

એક ને એકના કેવા ઊથલા આવતા જતા,
જયારે ખરેખરા ભારે આકરા હુમલા થતા,
આક્રમણો થતાં રહેતાં હતાં જ્યાં વૃત્તિઓતણાં,
તે તે શમતું જ્યાં લાગે મોળો પડેલ મોહ ત્યાં. ૨૯૩-૨૯૪

સૌ રાગદ્વેષ ને ઈર્ષ્યા, અણગમા જુદા જુદા,
ને તિરસ્કાર, સંતાપ જુદા જુદા પ્રકારના,
અશાંતિ, ક્લેશ ને કેવાં સંઘર્ષણો નવાં નવાં !
મોહ મોળો થતાં, તે તે કેવાં વિલીન થાય ત્યાં ! ૨૯૫-૨૯૬

ઉધામા ખાલી ખાલી સૌ, શેખચલ્લી સમા બધા
-ખ્યાલો અને વિચારો સૌ ઢંગધઢા વિના નર્યા,
મોહ મોળો પડતાંમાં, તે તે ઓગળતું જતું,
મેળે અનુભવાતું છે, પ્રત્યક્ષ દાખલા સમું. ૨૯૭-૨૯૮

ચિંતા, ફિકર, ખોટી સૌ ક્યાંની ક્યાં ઊડી જાય છે,
ધાંધલિયાપણું સાવ લાગે ઊડી જતું શું તે !
ને વારંવાર અગ્નિ શી લોલુપતા ઝબૂકતી !
મોળો મોહ થતાં તે સૌ ભાગી કેવાં જતાં વળી ! ૨૯૯-૩૦૦

વિચારો અર્થ વિનાના મુકાતા પડતા જતા,
ક્રમબદ્ધ વિચારો તે આદર્શ રીતના થતા,
આડાંફેલાં ન ફાટે છે યદ્વાતદ્વાપણે કદા,
મોળો મોહ પડ્યાકેરી પરીક્ષા એવી છે તદા, ૩૦૧-૩૦૨

જે તે પૂર્વગ્રહો સર્વ જતા ઓગળી લાગતા,
સદ્‌ભાવ તેથી સૌ પ્રત્યે જીવંતો લાગતો તદા,
પ્રગટે સમતા કેવી મમતામાં ખરેખરી !
મોહ મોળો પડ્યાકેરું તે છે લક્ષણ આપથી. ૩૦૩-૩૦૪

જાણેલાને નવી રીતે જ્યાં જાણવાનું થાય છે,
મોહથી મોકળા પૂરા લક્ષણ તે થયાનું છે,
જૂનામાં શી નવી દૃષ્ટિ ! શાં મૂલ્યાંકન તો નવાં !
જ્યારે તે લાગતાં હોય જાણો ગયેલ મૂઢતા. ૩૦૫-૩૦૬

મોહ થાય પૂરેપૂરો એવું જ્યાં કંઈ હોય છે,
ત્યારે ત્યાં દૃષ્ટિ ને વૃત્તિ સમધારણ હોય છે,
સ્વસ્થતા ટકતી લાગે તે આડાઅવળા વિશે,
આ બધાં લક્ષણો સૌ છે ટળ્યાનાં મોહ જાણજે. ૩૦૭-૩૦૮

મોહ થાય જ તેવી જ્યાં પ્રસંગ ભૂમિકા વિશે,
ને લુબ્ધાઈ જવાયે જ્યાં સ્વાસ્થ્ય ત્યાં ટકતું દીસે,
સ્પષ્ટ ખુલ્લાપણું જ્યારે લાગે ઊગતું જીવને,
તે તે લક્ષણ તો કેવું મોહ ટળ્યાનું જાણજે ! ૩૦૯-૩૧૦

કામક્રોધાદિના કેવા આવેશ જોશયુક્ત જે,
આવેગ તે પરત્વેના લોલુપતાભર્યા જ છે,
લલચાઈ જતી વેળા શાં ગલગલિયાં થતાં !
તે તે સૌ અટકે ત્યારે મોહ ઘટ્યો પ્રમાણ ત્યાં. ૩૧૧-૩૧૨

જીવસ્વભાવની રીતે આકર્ષાઈ જવાય છે,
ઓચિંતું આવરાઈને શું ફસાઈ જવાય છે !
આંખો હોવા છતાં આંખો જ્યારે અંધ થતી શી છે !
એવા પ્રસંગથી જ્યારે બચાતું હો, ઘટ્યો જ તે. ૩૧૩-૩૧૪

મોહમાં તો પડાવાથી ઊંધુંચત્તું થતાં પથે,
વિવેક લાગતો કામે પ્રત્યક્ષ દૃશ્યમાન છે,
જો વ્યવસ્થિતિ બુદ્ધિમાં પાકી અનુભવાય છે,
લક્ષણ સિદ્ધ સૌ તે તે મોહ ટળ્યાનું જાણજે. ૩૧૫-૩૧૬

કૌશલ્ય ને કુનેહેથી વર્તવાનું બન્યા જતાં,
પ્રસંગે લલચાવાના લાગે જ્યાં મન સ્વસ્થતા,

સરી પડાય એવું છે છતાં ટકાય પૂર્ણ છે,
લક્ષણ સિદ્ધ સૌ તે તે મોહ ઘટ્યાનું જાણજે. ૩૧૭-૩૧૮

કર્મમાં યોગ્ય કૌશલ્ય કર્મ પરત્વેનું બધું,
જે તે ઊગ્યા કરે મેળે તેનો મોહ ટળેલ શો !
મોહથી આવરાયેલી બુદ્ધિ મુક્ત થતાં બધી
-પ્રકાશ બુદ્ધિમાં ત્યારે ઑર પ્રકાશતો વળી ! ૩૧૯-૩૨૦

બધાંનામાંથી સંપૂર્ણ ટળી જ્યાં મોહ જાય છે,
સ્વયંમેળ સ્મૃતિ-ભાવ ફુવારા શો ફૂટે હૃદે !
શરણાગતિ શી ત્યારે પરિપક્વ થતી જ છે !
વચન પાળવાકેરો ભાવ અંતરમાં સ્ફુરે. ૩૨૧-૩૨૨

❑

॥ હરિઃૐ ॥

# ખંડ ૬ ઠ્ઠો : અનુભવીનો મોહ

(અનુષ્ટુપ)

જન્મની સાથ તો મોહતણા સંસ્કાર હોય છે,
તેવા અનાદિ સંસ્કાર અંત જેનો ન હોય છે,
જીવદશા વિશે કેવી રમત પ્રકૃતિની છે !
પ્રકૃતિ જ્યાં પૂરેપૂરા કામ, મોહાદિ હોય છે,
અનાદિ પ્રકૃતિ પોતે એનો અંત ન ક્યાંય છે,
ભક્ત ને જ્ઞાની, યોગીને તે દગ્ધબીજ થાય છે. ૧-૩

મોહને પેસવા કાજે બારણાં કેટકેટલાં !
અદીઠ અણધારેલી રીતે પ્રવેશી જાય ત્યાં,
ચાલે ખબરદારી ના કોઈનીયે કશી જરા,
કિંતુ ચેતેલ સંપૂર્ણ ચાલે ના મોહનું તહાં. ૪-૫

મોહ જે પ્રકૃતિકેરો તેની વૃત્તિ અનેક છે,
શ્રીહરિપાદનો મોહ તેના ભાવ અનેક છે,
જીવદશા શી વૃત્તિથી સજજડ બનતી જતી,
ભાવથી જીવનું કેવું આરોહણ થતું વળી,
વૃત્તિથી કામક્રોધાદિ ભોગવાયા જતા બધા,
પડે શો નબળો જીવ પછી ઠેકાણું ક્યાંય ના. ૬-૮

પૂર્વના જન્મમાં જેને યોગ્ય સદ્‌ભાવી સોબત,
પાછો તે જો થયેલો છે જ્ઞાની ને ભક્ત તે પદ,
તેવાને **जीव** જે પેલો **आ** જીવને મળેલ છે,
લાંબા કાળની મૈત્રીથી સંચારી ભાવ જીવને
-પેલા અનુભવી સાથે પડ્યાથી **जीव** ઊગરે,
જ્ઞાનીના દિવ્ય સંસ્કાર થકી **जीव** ખરે બચે ! ૯-૧૧

જે અનુભવી સંપૂર્ણ જ્ઞાની કે ભક્ત કોટિના,
દેખાય છે પડેલા હો જીવને સ્પષ્ટ મોહમાં,
કાદવમાંથી જન્મેલું જેમ કમળ હોય છે,
પાણીમાં તરતું ર્‌હે છે, કિંતુ સ્પર્શ ન હોય છે,
પાણીનો સ્પર્શ હોવા તે છતાં તેને ન સ્પર્શ છે,
એવો હોવાતણો પાકો શો અનુભવ થાય છે !
પોતે નિર્મોહી સંપૂર્ણ પાકેપાકું જણાય છે,
પરીક્ષા જે વિનાનું છે તેની કિંમત કૈં ન છે,
જેમ છે બ્રહ્મ સંપૂર્ણ વ્યાપ્ત બ્રહ્માંડમાં જ છે,
છતાં તેનાથી સંપૂર્ણ પાછો અલિપ્ત હોય છે,
તેમ નિમિત્તમાં સાક્ષી સંપૂર્ણ જ્ઞાની હોય છે,
હળેલો ને ભળેલો છે નિમિત્ત સાથ જ્ઞાની જે,
બ્રહ્મ બ્રહ્માંડની સાથે સંપૂર્ણતાથી વ્યાપ્ત છે,
શો વળગેલ હોવા તે છતાં ના વળગેલ છે !
જે અનુભવી સંપૂર્ણ કશાને ન નકારશે,
એને સ્વીકાર સૌનો છે જે તે **एमां** સમાય છે,
અનુભવીની ભૂમિકા વિશે સત્ અસત્ કૈં ન છે,
**हरि**નો ભાવ ત્યાં માત્ર શો ઝળહળતો જ છે !

એવાને કશું ત્યારે કૈં ના દ્વંદ્વાત્મક ભાન છે,
એની સભાનતા માત્ર એકલી हरिની જ છે,
બ્રહ્મ વિના બીજા કો'ને તેવા પિછાનતા ન છે,
બ્રહ્મ સભાનતામાં શા માત્ર તેવા જીવ્યા કરે ! ૧૨-૨૨

श्रीहरिपादनो ભાવ જીવન તારનાર છે,
श्रीहरिपादनो ભાવ ભવ મટાડનાર છે,
श्रीहरिपादनो ભાવ અમૃત સિંચનાર છે,
श्रीहरिपादनो ભાવ श्री ઓળખાવનાર છે. ૨૩-૨૪

જ્યારે સંપૂર્ણ તે મોહ हरिમાં ગળી જાય છે,
મોહાતીત થતાં કેવી સિકલ બદલાય છે !
એવા જીવનની ત્યારે ન્યારી શી વાત ઑર છે !
हरि તણખલાને શો દેતો બનાવી મેરુ તે ! ૨૫-૨૬

મોહ જે આત્મલક્ષી છે, આકર્ષણ શું એવું છે !
ખેંચી ખેંચાવીને કેવો ભક્તિમાં પૂર્ણ જોડી દે. ૨૭

प्राण કરણથી કેવો જે પ્રેરાયેલ મોહ છે !
प्राण કરણ એ પોતે ચિત્‌શક્તિતણું અંગ છે,
બ્રહ્મમાંથી શું બ્રહ્માંડ સંપૂર્ણ નીપજેલ છે !
બ્રહ્માંડ સાથ તો બ્રહ્મ સંકળાયેલ જીવને,
જેમાં તેમાં બધાંમાં છે બ્રહ્મ પોતે પરાત્પર,
પાછો શો અળગો ते છે તેમાં વિવાદ ના રજ,
મોહાદિ વૃત્તિમાં जीवતણો અંશ ખરેખર,
ભેળાયેલો જ સંપૂર્ણ અનેક વૃત્તિમાં जीव,

જીવ એ પ્રકૃતિમાંનો બ્રહ્મનો યુક્ત ભાવ છે,
હરિની ભક્તિમાં લીન, ઈશ તેને પ્રમાણજે,
યદ્વાતદ્વા બધું એનું પ્રકૃતિની પરત્વેનું,
પ્રકૃતિ કિંતુ તેવાની તત્ત્વ છે ઈશ કોટિનું,
સામાન્ય જીવની જે છે પ્રવૃત્તિ પ્રકૃતિની છે,
અનુભવીની જે તે-ની પ્રકૃતિ, જુદી સાવ છે,
નિર્દોષ શિશુ તો ખાય કેવો મળ હોંશથી !
તેવું અનુભવીનું તો જાણો પ્રકૃતિમાંનું સૌ,
સામાન્ય જીવની સાથે સરખાવાય જ્ઞાની ના,
કિંતુ બંનેની વચ્ચેનો શેં ભેદ પરખાય ત્યાં ?
જ્ઞાની સામાન્ય કોટિનો કદી પણ ન હોય છે,
અસામાન્યપણું એનું તે પરખાય એવું છે,
જોવાને બુદ્ધિ ને દૃષ્ટિ જેનાં ચેતેલ છે પૂરાં,
વિવેક શો ખીલેલો છે તેવાનો પૂર્ણ રીતનો !
-તેવા તો પારખી માત્ર શકે ભેદ ખરેખરો. ૨૮-૩૮

પકડ જેટલી ગાઢ અજ્ઞાનીને શી હોય છે !
તેવી ને તેટલી ગાઢ પકડ જ્ઞાનીને ન છે,
જેની સભાનતા ગાઢ ઉત્કટમાંહી ઉત્કટ,
જેને જે મોખરે તેને તેવું તેનું જ દર્શન,
જેવી સભાનતા તેવું તેનું જીવન હોય છે,
અસર જ્ઞાનીના હૈયે બીજી કશી ન હોય છે,
એવી સભાનતા સાથે જીવે જે કોઈ જીવન,
બીજું બધું જ તેવાને સાવ સંપૂર્ણ ગૌણ છે. ૩૯-૪૨

પ્રકૃતિમાં રહેલો છે મોહ તે મોહને વિશે,
વધુ ને વધુ ચોંટાડી રખાવશે જ નિશ્ચયે,
જ્યારે પ્રકૃતિ જ્ઞાનીની જ્ઞાની તાબે જ પૂર્ણ છે,
પ્રકૃતિ વશ છે एने, एनी પ્રકૃતિ દાસી છે,
દેખાતી વૃત્તિ મોહાદિ તે તે સ્વરૂપની ન છે,
નિમિત્તના પ્રમાણેનું જે તે एवानुं હોય છે,
પ્રકૃતિ બ્રહ્મની યોનિ તે દ્વારા સર્જતો પ્રભુ,
તેમ અનુભવીનું છે સર્જન તેવી રીતનું. ૪૩-૪૬

શો પરાત્પર છે બ્રહ્મ, જેમાં તેમાં ભળેલ છે !
વળી તે તે સ્વરૂપે છે છતાં તેને ન ते ગણે,
ભુલાવામાં પડેલું છે, સારુંય વિશ્વ તે રીતે,
એકલો માત્ર જ્ઞાની જે, एने તેમાંથી પારખે,
જેમાં તેમાંથી તેથી તો જ્ઞાની તે हरिने જુએ,
બાકીનાનું ગજું ના છે, પ્રકૃતિ ઈશ બેઉને
-जीव જુદા જુદા માને એમાં ના ફેરફાર છે. ૪૭-૪૯

જળમાં આભલું જેમ સ્પષ્ટ સ્પષ્ટ જણાય છે,
તેવું પ્રકૃતિમાં કેવું જ્ઞાનીને બ્રહ્મ તેમ છે !
છે ખરેખરું તો મોહ પરાવર્તન प्राणનું,
प्राण એ પ્રકૃતિમાંનું અંગ એક પ્રકારનું,
પ્રકૃતિ બ્રહ્મની માયા બ્રહ્મ તેની જ સાથ છે,
બ્રહ્મની બોલબાલાનો બ્રહ્માંડ શો પ્રભાવ છે !
બ્રહ્મ ને કેવું બ્રહ્માંડ જુદાં જુદાં જ લાગતાં !
સામાન્ય जीवનાં તેવાં દૃષ્ટિ, બુદ્ધિ પ્રમાણવાં,

સામાન્ય જીવને જેવાં જે દૃષ્ટિ, બુદ્ધિ હોય છે,
તેવાં જ દૃષ્ટિ, બુદ્ધિ તે જ્ઞાનીનાં નવ હોય છે,
જ્ઞાનીના મોહની સાથે તેથી જે મોહ જીવનો,
તે બેને તે કદી સાથે સરખાવાય ના જ તો !
એક તો પૂર્ણ માલિક શો સત્તાધીશ અંતરે !
શો તાબેદાર સંપૂર્ણ બીજો જે કોઈ જીવ છે ! ૫૦-૫૬

પ્રકૃતિ જીવની જે છે તે તે જીવદશા વિશે,
જુદા જુદા પ્રકારે તે પ્રવર્તે વૃત્તિની રીતે,
પરંતુ જ્ઞાનીને તેવું કદાપિ નવ હોય છે,
ગુલામવૃત્તિનો જ્યારે જીવ સંપૂર્ણ હોય છે,
કોઈ વૃત્તિતણો પૂરો તે છે ગુલામ કે ન તે
-પાકા પરિચયે યોગ્ય સૌનું તે પરખાય છે. ૫૭-૫૯

ફસાઈ જો ગયેલો છે સામાન્ય જીવ મોહમાં,
તેમાંથી ઊઠવા વારો આવવાનો ન છે કદા,
વિવેકથી થયેલો છે કેમ કે ભ્રષ્ટ તે જીવ,
જે કાદવે પડેલાનું થવું ભાન ન શક્ય જ,
કિંતુ કોઈ તપસ્વી જે અથવા એવી કોટિનો
-મોહમાં હો ફસાયેલો કોઈક કારણે જ છો
-ના મરી પરવાર્યો છે, વિવેક યોગ્ય તેમનો,
સહેજે ઊઠતાં વાર તેમને લાગતી ન છે ૬૦-૬૩

ને નરદમ સંપૂર્ણ મોહવાળી ન ભૂમિકા,
તેથી ત્યાં એટલો ભારે મોહ ચોંટી જતો ન ત્યાં,
જીવસ્વભાવવાળો જે જ્યારે તણાય મોહમાં,
ચોંટી જ જાય, તેને છે મોહની પૂર્ણ ભૂમિકા,

તપસ્વી જેવી કોટિના ભક્ત જેવા જ કોઈ જે,
મોહ જે મળતાં આવી 'કેટલા પાણીમાં જ છે,'
-પરીક્ષા એવી થૈ જાય મેળે તેવા **જીવો**ની તે. ૬૪-૬૬

પર્વત કરતાંયે છે વધુ નક્કર લોઢું શું !
અગ્નિથી જ્યાં ધખેલું છે ને લાલચોળ થાય શું !
ઘડાવા યોગ્ય ત્યારે તે નરમ બનતું જતું.
ચેતનાની ભૂમિકાનો મોહ તેવો પ્રમાણવો. ૬૭-૬૮

વૃત્તિ જ્યાં વકરેલી છે મોહની જે મનાદિમાં,
પ્રભાવ વૃત્તિનો ત્યારે શો પ્રસરેલ હોય ત્યાં,
ત્યારે વૃત્તિનું સામ્રાજ્ય પૂરેપૂરું જ વ્યાપ્ત છે,
વૃત્તિથી નોખું હોવાથી **જીવ**ની શક્યતા ન છે,
ત્યારે જ્ઞાનીનું તો તેવું કદાપિ નવ હોય છે,
વીંટળાયેલ વૃત્તિ હો છતાં અસ્પૃષ્ટ જ્ઞાની છે,
**જીવ** ને જ્ઞાની બંનેનો ભેદ તો પરખાય છે,
એક સામાન્ય, જ્યાં જ્ઞાની શો અસામાન્ય હોય છે !
જે અસામાન્ય તેની તે પ્રકૃતિ જેવી હોય છે,
તેવી પ્રકૃતિ તે રીતે સામાન્ય **જીવ**ની ન છે,
**જીવ**ની વૃત્તિમાં કેવો વર્ણસંકર જન્મતો !
જ્યારે જ્ઞાની વિશે, તેવું કદાપિ નવ શક્ય સૌ. ૬૯-૭૪

જે શોધાયેલ પારો છે, પારો ભસ્મ થયેલ જે,
એવો પારો, અને પારો સાદો, શો ફેર બેઉમાં !
પદાર્થ એકનો એક વપરાયા જતા જ તે,
બંનેના ગુણથી કેવો જુદો તે ફેરફાર છે !

સોનું, સોનાની જેમ ભસ્મ, બંનેના ગુણ ફેર છે,
પદાર્થ એકનો એક, થયે ભસ્મ જુદો શું છે !
ગુણાતીતતણા એવા મોહનો જે પ્રકાર છે,
થયેલી ભસ્મના જેવો ઊંડે પ્રવેશનાર તે,
રોમેરોમે પ્રવેશીને પ્રસ્થાપી સ્પર્શ તે સ્થળે,
પ્રભાવ પાડવાનો શો એવો તો ગુણધર્મ છે ! ૭૫-૭૯

ત્યારે જે કૈં થતું હોય પ્રકૃતિથી થતું ભલે,
કિંતુ પ્રકૃતિની સાથે ત્યારે ચેતન સાક્ષી છે,
લેવાદેવા ન એને છે જે તે જેમ થતું જ હો
-તે તે તેમ થતું રહે છે કર્તાપણું ન ક્યાંય છે,
રાત્રિદિવસ તે જેમ સ્થળ સંજોગ કારણે,
ફેરફારો થતા રહે છે બ્રહ્માંડમાં અનેક જે,
તે તે-ને બ્રહ્મની સાથે લેવાદેવા કશી ન છે,
એવી પ્રકૃતિમાંના તે આત્માની સ્થિતિ હોય છે,
બ્રહ્મની ચેતનાકેરી સભાનતા વિશે કશું
-સારા કે નરસાકેરું હોય ના ભાન કૈં જ શું !
દર્દની વેદના જ્યારે પારાવાર અનંત છે,
ત્યારે ત્યાં વેદના માત્રતણું ભાન જીવંત છે,
હોવા છતાંય સંસાર જીવતો જાગતો તદા,
કિંતુ સમૂળગું લક્ષ તે પરત્વનું ના ભલા,
તેવી જીવંતી પ્રત્યક્ષ ભાવ સભાનતા જ છે,
ત્યારે હોવા છતાં તેનું ભાન છે ના લગીર કૈં,
ત્યારે સમૂળગું મોહતણું ભાન કશું ન છે,
એવું હરિની ભક્તિનું માહાત્મ્ય શું રૂપાળું છે ! ૮૦-૮૮

❑

॥ હરિઃૐ ॥

# ખંડ ૭ મો : મોહમુક્તિની કથની

(અનુષ્ટુપ)

મૂઢતા મોહની જુદી कामની વળી જુદી છે,
ક્રોધનીયે જુદી કેવી ! લોભનીય શી જુદી છે !
મૂઢતા એવી શી જુદી સૌની અલગ ભિન્ન છે !
મૂઢતા એવીથી एणे છોડાવ્યો તો છુટાયું છે. ૧-૨

મારે ને મોહને છેટું સ્હેજમાત્ર પડ્યું ન છે,
એકાકાર થયેલો છે મોહ શો નિજ જીવને !
પછી સંમતિ લેવાનું મોહને ના રહેલ છે,
ચલાવી નિજ સામ્રાજ્ય પાડે પોબાર નિત્ય તે.
એક જ સરખા તો ના દિવસ કોઈના જતા,
મોહનુંયે થયું તેવું એ તો વ્હાલાની શી કૃપા ! ૩-૫

જે કૈં સ્વચ્છંદ લાગેલો તેનું કારણ મોહ છે,
મોહથી સપડાયેલો છુટાવું કેવું દુર્લભે !
જ્યાં ભયંકર ડંખેલો કિંતુ ત્યાં મોહ જીવને
-તેમાંથી ફરવા પાછું જાગ્યું તત્પર દિલ તે. ૬-૭

ભયંકર પરિણામ આવેલું મોહથી નર્યું,
પ્રત્યક્ષ સર્વ સાકાર નિહાળતાં ખરેખરું,
ચેતાવાનું કૃપાથી ત્યાં જીવનમાં બની જતાં,
સીધેસીધો પછી રસ્તો લેવાવાનું સૂઝેલ ત્યાં. ૮-૯

જીવનમાં થયેલી છે મારી નાલાયકી શી તે !
મોહના વર્તનેથી તે વલે કેવી થયેલ છે !
તે દશા ડંખવાનું જ્યાં તીવ્ર શું ભાન જાગ્યું છે !
સકંજા મોહનામાંથી તો જ છૂટી શકાયું છે. ૧૦-૧૧

મોહમાં સપડાયેલો નિહાળી મુજ જાતને,
શો સળવળવા માંડ્યો ત્યારે કૃપાથી અંતરે !
'મારા જેવાથી આવું તો કેમ થઈ શકે જ તે ?'
ડંખતો ઉગ્ર વિચાર ઊંડે ઊંડેથી આવીને,
શૂળની પેઠ ભોંકાઈ સૂતેલો જે, જગાડીને,
સાચું જોતો કર્યો, એ તો શ્રીસદ્‌ગુરુ પ્રભાવ છે. ૧૨-૧૪

મોહનાં વ્‌હેણમાં જ્યારે તણાતો હું જતો હતો,
ત્યાં શ્રીસદ્‌ગુરુએ ત્યારે મને તેડાવી શો લીધો !
તેડાવીને કર્યો મુગ્ધ તેણે તો પાદપદ્મમાં,
મોહથી તેથી છુટાયું એ તો एनी હતી કૃપા. ૧૫-૧૬

મોહની બાથમાં કેવો લપેટાઈ જઈ હૃદે,
મ્‌હાલતાં ત્યાં સુખાનંદે, શી લપડાક ત્યાં પડે !
પકડી કાન મારો ત્યાં મને આમળીને, હૃદે
-લેવરાવ્યો સીધે માર્ગે એવું સદ્‌ભાગ્ય ધન્ય છે ! ૧૭-૧૮

શ્રીસદ્‌ગુરુ મળ્યો કેવો જેણે મોહ સ્વરૂપને
-ડંડો एणे શું મારીને મૂક્યો ભગાડી एमणे !
છાંયડો સરખો एणे ર્‌હેવા દીધો ન મોહનો,
એ તો एनो મહા મોટો કરોડ ઉપકાર શો ! ૧૯-૨૦

લપસણા લીસા લીસા સુંવાળા મોહપાશમાં
-સકંચામાં ભરતાંમાં લપાવાઈ જવાયું જ્યાં,
ત્યાંથી ઓચિંતું કોઈએ પસ્તાવો દિલ શો ઊંડે
-પ્રેરાવીને, ઉઠાડીને ચેતાવી શો દીધેલ છે ! ૨૧-૨૨

સડસડાટ તો કેવો મોહ સકંચામાં પડી
-સાનભાન ભૂલી સર્વ નિંદરે ઘોર શો પડી !
જાતભાતતણું જ્ઞાન ભુલાઈ જ્યાં જવાયું છે,
ત્યારે કૃપાની વર્ષાથી ઊગરી ત્યાં જવાયું છે. ૨૩-૨૪

સુંવાળા મોહમાં પૂરો ઓળઘોળ થઈ જઈ,
ઓતપ્રોત જ સંપૂર્ણ મોહ આવેશમાં પડી,
મોહ શો એકલો માત્ર વણાઈ જીવને ગયો !
ઓચિંતા ઝબકાવીને જેણે જગાડી શો દીધો !
બાકી તો મોહના એવા સજ્જડ વ્‌હેણ - વેગથી,
બચાવું શક્ય તે નો'તું, हरिની શી કૃપા રૂડી ! ૨૫-૨૭

કેટલું બધું સુંવાળું મોહનું તે શરીર છે !
ને ઉપરનું સૌંદર્ય અપરંપાર ભવ્ય છે !
જોતાં જ નેન રાચે ને એકાકાર થવાય છે,
બારે વાંસ ડૂબેલાને કૃપાએ તારવ્યો જ છે. ૨૮-૨૯

કોણ જાણે હું શી રીતે ફસાઈ મોહમાં ગયો !
ફસાયો હું હતો, તોયે એનું ભાન ન કૈં થયું,
આશ્ચર્યમાંનું આશ્ચર્ય કેવું મોટું મહાન તે !
વાગતાં લાત છાતીમાં, માથામાં, ભાન જાગ્યું છે,
પછીથી તો બધા મારા જીવનનું સમગ્ર તે

-લક્ષ ધ્યેય થવા પ્રાપ્ત વિશે કેવું ગયેલ જે,
ને મથાવાનું જેથી તો અપરંપાર ત્યાં થયું,
તેથી મોહથી તો કેવું છુટાવાનું બનેલ છે ! ૩૦-૩૩

લપસ્યો મોહમાં કેવો ઊંડા તે ગર્ત-કાદવે !
ત્યારે કળણમાં પૂરો ભેરવાઈ ગયેલ તે,
કૈં તરફડિયાં ત્યારે મારવાનુંય ભાન તે
-જાગ્યું નહોતું, તે વેળા સદ્‌ગુરુ આવી શા ચઢ્યા !
શો શ્રીસદ્‌ગુરુએ ત્યારે ચેતાવીને ખરેખરો
-મર્મ જીવનનો સાચો કેવો મને બતાવિયો !
કરી કરી પુરુષાર્થ ચાલવા માંડતાં પથે,
લાગ્યો ઓગળવા ત્યારે મોહ પૂરેપૂરો ખરે ! ૩૪-૩૭

લપસ્યો છું બૂરા હાલે ખોટવાયાં મનાદિ છે,
જરાકે આપવા કામ તૈયાર લોક તે ન છે,
છતાં અંતરનું ઊંડું જે કોઈ સાચું તત્ત્વ છે,
તેણે ધક્કેલી ધક્કેલી જોતરાવેલ છે મને. ૩૮-૩૯

જીવતાં હોઈએ જ્યારે મોહમાં મોહની રીતે,
ત્યારે મોહ ટળાવાની શક્યતા ત્યાં કશી ન છે,
ઓચિંતા કોઈ આઘાત પ્રત્યાઘાતેથી અંતરે
-ખસેડાઈ જવાવાનું કૃપાથી થતું હોય છે,
એક તો ડંખતું હોય, સાલતું હો ખરેખરું
-તો જ કૈં ખસવાકેરું ભાન તેમાંથી જાગતું,
એવું થયું કૃપાથી છે, તેથી તેમાંથી જાગવું
-શા ધક્કેલાથી ઓચિંતા બેઠું થઈ જવાયું છે !

પછીનો જે થયો ભારે પુરુષાર્થ ઘણો ઊંડો,
સાધનામાં પરોવાવા ખંત, ઉત્સાહ શો હતો !
સાહસ, જોખમો ભારે એ અર્થે શા ભયંકર
-ખેલવાં તો પડેલાં છે ! શા તીર્થંકર સદ્‌ગુરુ ! ૪૦-૪૫

ભાન જ્યાં સળવળેલું છે ત્યારે ખાઈખપૂસીને
-મંડ્યો કેવો રહેલો છું ! એનોય ઈતિહાસ છે,
કિંતુ તે એવી ગાથાને બેઠો ગાવા ન આજ હું,
આજ તો મોહ ગાથાને થવા વ્યક્ત હું સજ્જ છું. ૪૬-૪૭

મોહ જ્યાં ખૂંચવા લાગ્યો તેમાંથી ખસવાપણું
-કૃપાથી જે થયેલું છે, મથવાથી જ તે બન્યું,
મથ્યા વિના ન આરો છે જેને જો ચઢવું જ છે,
મેં પુરુષાર્થને તેથી શ્રીસદ્‌ગુરુ ગણેલ છે. ૪૮-૪૯

ખેંચતાં ખેંચતાં ભારે ખભે જે ધૂંસરી લીધી,
ખભે આંટણ પાક્યાં છે, ને શ્વાસ ત્યાં ગયો રૂંધી,
માથે મથી મથી ટાલ કેવી પડી ગયેલ છે !
-છતાં ના છાલ છોડ્યો છે પાછળ પડવાતણો,
કરતાં કરતાં એમ શી લગની થયેલ છે !
લગની લાગતાં તીવ્ર પછી કર્મ થયેલ છે. ૫૦-૫૨

જબ્બર મોહની માયા, પકડ તેની સજ્જડ,
જેવા તેવા પ્રયત્નોથી નીકળાવું જ દુર્ઘટ,
ઘણા પડ્યા હથોડા જ્યાં એક પછીથી એક ત્યાં,
કચ્ચરઘાણ શો મોહ થયા કરેલ છે તદા,

ઢીલો તે જ્યાં થયો સ્હેજ કળ ના વળવા દીધી,
ઠોકાઠોકતણો મારો રાખ્યો ચલાવી ત્યાં મથી,
વારંવારતણા એવા પુરુષાર્થ થયા ગયે,
તે અર્થે કેટલી ભારે તપશ્ચર્યા થયેલી છે ! ૫૩-૫૬

મથતાં મથતાં કેવી માથે ટાલ પડેલ છે !
રુવાંટાં જન્મીને ઊંચાં ઊભાં થઈ ગયેલ છે,
નેવાનાં પાણી તો મોભે ચઢાવવાનું કામ તે,
છતાં હિંમત રાખીને તે સાથે લીધું કામ છે,
કેટલી વાર હાર્યો છું, નાહિંમત થયેલ છું,
છતાં યત્ન ન છોડ્યો છે, એ તો મહત્ કૃપા ગણું,
અંતરનાં ઊંડા એવા સાચા દિલતણો ખરો
-હો પુરુષાર્થ તો તો તે આજકાલ ફળે ખરો. ૫૭-૬૦

મર્યાતોલ થયેલો છું, બૂરા હાલ થયેલ છે,
જરાય ઊઠવાકેરી શક્તિ કૈં ના રહેલ છે,
હાથ હેઠા પડેલા છે, સૂઝે છે આગળે ન કૈં,
ત્યારે ત્યાં પ્રાર્થનાકેરો ઉપાય મેં લીધેલ છે. ૬૧-૬૨

મોહનાં વાગતાં બાણ જ્યારે ખૂંચે ખરેખરાં,
મેં પ્રાર્થનાતણો કેવો સહારો ત્યાં લીધેલ છે !
ભાવ જે આર્ત ને આર્દ્ર પ્રગટ્યો છે પ્રાર્થના વિશે,
એવી તે પ્રાર્થનાકેરો પ્રત્યુત્તર મળેલ છે. ૬૩-૬૪

મોહની તાણની વેળા પ્રાર્થના શી થયેલ છે !
આર્દ્રતા, આર્તતા મેળે ત્યાં કેવાં પ્રગટેલ છે !
પ્રાર્થનાથી ઊંડી કેવી હળવાશ મળેલ છે !
એથી તો જાગૃતિ ઊંડી કૃપાથી શી ચગેલ છે ! ૬૫-૬૬

મેં તો મૂકી દીધું છે ના, ગમે તેમ થયા ગયું,
માથાં ફોડ્યાં કરેલાં છે, ઝઝૂમ્યો કેટલોય હું,
લીધેલા તંતને મેં તો કદી મૂકી દીધો નથી,
કૃપાથી મથવાનું તે ભાવે કર્યા કર્યું ચહી,
વારો ઊગરવાનો તો આવવાનો જ નિશ્ચયે,
એવો વિશ્વાસ જીવંતો આવ્યો' તો શો કૃપાથી જે ! ૬૭-૬૯

મથતાં મથતાં અંત જ્યારે ત્યાં આવતો ન છે,
નિરાશા ને નિરુત્સાહ વ્યાપી કેવાં જતાં હૃદે !
હારની હારમાળાનો અંત દેખાય ના પથે,
છતાં વળગી રહ્વેવાથી, સૂઝ મળ્યા કરેલ છે,
'મથ્યા જ કરવું માત્ર, મથવાથી ન હારવું'
પાકો મરણિયો એવો હતો નિશ્ચય દિલનો. ૭૦-૭૨

હાર ને જીતની કેવી બાજી રમ્યા કરેલ છે !
શોકની હારમાળાને ગણકારી કશી ન છે,
મથતાં, લડતાં ઉગ્ર એવા સંગ્રામ જીવને
-અનેકે વાર આવ્યા છે, પાર જેનો ન ક્યાંય છે.
કમ્મર કસીને તોયે મેં તો મંડ્યા કરેલ છે,
મંડતાં મંડતાં અંતે કૃપાથી ત્યાં ફવાયું છે. ૭૩-૭૫

'જીતવું' એકલો એવો મારો નિશ્ચય ના હતો,
કિંતુ જીવનને સારા છે પલટાવવાનું તો,
તે જ્ઞાનભાનની સાથે ઝુકાવી ઝંપલાવ્યું છે,
બાથંબાથાથી છાતીનો ભૂક્કો વળી ગયેલ છે,
છતાં ઝઝૂમીને ખંતે કાઢી નાખ્યો જ છે ડૂચો,
ત્યારે ફાવટ આવીને પાદપદ્મે ઢળાયું શું ! ૭૬-૭૮

લડવાનું ન રાખ્યું છે મોહ સાથે કદીય તે,
મોહથી ઊર્ધ્વના માર્ગે રાખેલ ધપવાનું છે,
ઊર્ધ્વમાં રસ સંપૂર્ણ લાગેલ પડવા હૃદે,
ત્યારે મોહની માયા તો શી વિલીન થયેલ છે ! ૭૯-૮૦

સકંચો મોહનો કેવો સજ્જડ છે ભયંકર !
તેમાંથી છૂટવા પૂરા જતાં, ભાગ્યા જ અક્કડ,
મને સદ્‌ભાગ્યથી મોટા ઊર્ધ્વની લગની થતાં,
ભક્તિ લગનીથી ઊંડી લાગતાં, મુક્તિ પાસમાં,
એ રીતે એકધારું ત્યાં વર્તવાનું થયા જતે,
હરિએ ગ્રહીને હાથે ઊંચે ખેંચી લીધેલ છે. ૮૧-૮૩

લગની લાગતાં તીવ્ર મોહ છૂટી જતો જ છે,
તેથી લગાડવાકેરો લગની યત્ન શ્રેષ્ઠ છે,
એવું ઠસી જતાં પૂર્ણ લગનીના પ્રયત્નમાં
-એકધારું જવાકેરું ભાન લાગેલ છે તદા,
એકાગ્રતા શી સંપૂર્ણ ! લીનતા એકતાનતા,
એકતારપણું પાછું સક્રિય જ્યાં થયું મહા,
મોહ શો પાછું વાળીને ભાગી ગયેલ છે તદા,
ટાળવા મોહનો સારો રસ્તો સીધો જ એક ત્યાં. ૮૪-૮૭

હસવું, ફાકવો લોટ એકીસાથે ન તે બને,
તેથી લગનીનો લોટ ફાકવા હું મથેલ જે,
ફાવતાં, ફાવતાં તેમાં માથે ઝાડ ઊગેલ છે,
તે ઈતિહાસની ગાથા શી અલૌકિક ઑર છે ! ૮૮-૮૯

બહુ મથી મથી ખંતે એકીટશે ઝઝૂમવું,
એવા મક્કમ ને પાકા નિશ્ચયથી ઝુકાવવું,

પડવાનું થતાં પાછું બંનેય હાથમાં બધી
-હિંમત પકડી રાખી ઝંપલાવેલ છે ચહી,
મોહને ટાળવાકેરો મારો આદર્શ ના હતો,
એ રીતે મથવાનું મેં કદીયે ના કરેલ છે,
કિંતુ ભક્તિતણા જ્ઞાને જીવતાં જીવતાં ખરું,
મોહ ત્યાં એની મેળે તો આપોઆપ ગયેલ શું ! ૯૦-૯૩

જે જે થયા કર્યું તે તે નિવેદ્યું हरिपाद છે,
ને તેવા નિત્ય અભ્યાસે एनो સંબંધ થાય છે,
હૃદયંગમ સંબંધ જ્યારે एनो થતો ઊંડો,
ત્યારે સંબોધવાનો શો ઉપયોગ ખરો થતો ! ૯૪-૯૫

સારા કે નરસા પ્રત્યે જોવાનું ના કૃપાથી છે,
નિવેદ્યા કરવા માત્ર યોગ્ય લક્ષ ધરાયું છે,
एने જે તે કહ્યા વિના આરો ના આવતો જ છે,
કેવો કેવો બચાવીને તરાવ્યા શો કરેલ છે ! ૯૬-૯૭

સૌ નિવેદ્યા કરેલું છે પ્રાર્થના કરીને ઊંડી,
સમર્પ્યા સૌ કરેલું છે જે જે કૈં સૌ થયું વળી,
સ્પષ્ટ ખુલ્લો પ્રમાણિક, વફાદાર બધી રીતે
-हरिચરણમાં તારા હું શો રહ્યા કરેલ જે !
એમ એમ થતાં ઊંડી ભક્તિ લાગી ગયેલ છે,
ત્યારે તો મોહની માયા મેળે ઊડી ગયેલ છે. ૯૮-૧૦૦

કદીક હું ન ફાવ્યો છું, ઘવાયો છું કદીક હું,
બહુ વારે હું છોલાયો, છતાં ડૂબ્યો રહેલ છું,

બહુ રીતે ફવાતાં ના હાર કબૂલેલ છે,
મથતાં જ રહેવાનું શીખેલો એકમાત્ર જે,
શા પુરુષાર્થમાં તેવા જ્યારે પ્રાણ ડૂબેલ છે !
ભક્તિમાં જ્યાં પરોવાતાં મોહ મેળે ગયેલ છે. ૧૦૧-૧૦૩

કેવા કેવા પ્રસંગોથી બચવાનું થયેલ છે,
શો રસિક ઈતિહાસ રોમાંચકારી ગૂઢ છે !
વર્ણવવા જતાં એને આડફંટે જવું પડે,
યથાર્થ લાગવાથી ના, ધારેલ મૌન છે હ્દે. ૧૦૪-૧૦૫

મારા પરે થયેલી છે ગોદાટી કેટકેટલી !
હાલાકી શી થયેલી છે મારી પરે સમાજની
છતાં શો મોહ હોવાથી માતાપિતા પરે ઘણો !
ના સ્હેવાતું'તું તોયે સહ્યું બોલ્યા વિના બધું. ૧૦૬-૧૦૭

છતાં પ્રસંગ આવ્યો છે કૃતનિશ્ચયી થવા હ્દે,
નિશ્ચય લેવરાવીને જીવને ધ્યેય બક્ષ્યું છે,
ફળાવતાં જતાં પાછું ધ્યેય તે બદલાયું છે,
તે બદલાયેલા ધ્યેયે નવું જીવન બક્ષ્યું છે,
તેવા જીવનમાંથી તો મોહ જેવું કશું ન છે,
પારાવાર છતાં મોહ મારા વ્હાલા પરે શું છે ! ૧૦૮-૧૧૦

મોહમાં રાચવા જાતાં કેવાં સંકટ કારમાં
-માથે આવી પડેલાં છે ! સ્હેવાં તે છે જ દોહ્યલાં,
બેળે બેળે સ્હેવાથી ત્રાસ ત્યારે થયેલ છે,
જે તે પ્રેમથી સ્હેવાતાં તપશ્ચર્યા શી તે જ છે !
જીવને તે તપશ્ચર્યા કેટકેટલી જાતની
-આવેલી કરવાની તે ગાથાયે રમણીય શી ! ૧૧૧-૧૧૩

પારાવાર જ મુશ્કેલી મોહ ભોગવવા જતે,
પડે છે જીવને કેવી જાણે ભોગવનાર તે !
કોઈક શા પ્રસંગેયે મોહથી આવરાઈને
-આડુંતેડું કરી બેઠો, પસ્તાવો શો થયો મને !
हरिની તે કૃપાથી તો एणे ચેતાવીને મને
-કરી જાગ્રત ઉઠાડી ભક્તિ પદની બક્ષી છે. ૧૧૪-૧૧૬

ભોગવી ભોગવી રીઢો કેવો થઈ ગયો હતો !
ફરવાપણું તેથી તો પાછું મન નહિ થતું,
છતાં ઓચિંતું તેડાવી મુગ્ધ કરી દઈ હૃદે,
તારા તે મુનીમે કેવો મઠાર્યો છે ધીમે ધીમે ! ૧૧૭-૧૧૮

ક્યારનો કચરો ભેગો હતો કરેલ કેટલો !
તેને કૈં ફેંકી દેવાનું નો'તું જાગેલ ભાન તો,
ભેગું ઊલટું મેં ત્યારે કર્યા કીધું હતું બધું,
લપડાક મને મારી પ્રેરાવ્યું ભાન तें તહીં. ૧૧૯-૧૨૦

ચઢી ગયેલ સ્વચ્છંદે જેનું ઠેકાણું ના હતું,
વળવાનું ભણી તારા જેનું કૈં દિલ ના હતું,
છતાં કૃપાથી ખેંચીને બોલાવીને કને મને,
વિદ્યા तें સાધનાકેરી અર્પી દીધી કૃપાથી તે. ૧૨૧-૧૨૨

મારું ધાવણ છઠ્ઠીનું ઓકાવી દઈને બધું,
કઢાવી દઈને જે તે આડુંઅવળું સૌ હતું,
પ્રકૃતિમાં પ્રવેશીને ત્યાં ઉત્પાત મચાવીને
-ઊથલપાથલે तें તો પ્રેર્યું છે વનનંદન. ૧૨૩-૧૨૪

તારી કૃતિ અનેરી છે શી અલૌકિક, મૌલિક !
જેનો જોટો મળે છે ના ક્યાંયે કોઈ રીતે જગ !
સ્વયંભૂ શી કળા એવી ચમત્કારિક, અદ્‌ભુત !
જે કળાએ મઠાર્યો છે સૌ નમસ્કાર તે પદ. ૧૨૫-૧૨૬

બ્‌હાવરો, બ્‌હાવરો કેવો જ્યાં ત્યાં હું ફરતો હતો !
ડાગળી છટકી જેની ગઈ હતી પૂરી પ્રભો !
એને આણવી તાબે તે મારી તાકાત ના હતી,
एणे કૃપા શી વર્ષાવી ઠેકાણું પાડ્યું છે ચહી. ૧૨૭-૧૨૮

નો'તું ધાર્યું મેં તો કંઈ જવાશે આવું ઊગરી,
આવી વંટોળિયો કેવો પ્રચંડ ! થયું આ ફરી,
પલટાયો નવો કેવો તદ્દન વેશ, શી કૃપા !
માન્યામાં કોઈના ના'વે કૃતિ અદ્‌ભુત કેવી આ ! ૧૨૯-૧૩૦

કેટલે કેટલે ઊંચે ચઢી પતિત આવિયો !
ઠેકાણું ન હતું જેનું તેનું ઠેકાણું પાડિયું,
મોહકલિલના કેવા કાદવેથી ઉગારીને
-ક્યાંનો ક્યાં ઊંચકી ફેંક્યો ઊર્ધ્વે તેં આ પતિતને ! ૧૩૧-૧૩૨

ઊણપ કેટલી જેનો નો'તો સુમાર કો રીતે !
અગડંબગડં જેવો સાવ ગમાર સૌ રીતે,
તણાયા હું જતો, ત્યાંથી હાથ ત્યાં ઝાલીને મને,
-ઉપર ખેંચીને આણ્યો મોહ કાદવથી ઊંચે. ૧૩૩-૧૩૪

ઊંડે ઊંડે ઊંડો ખૂંપ્યો કચરા કાદવે પૂરો,
ગંધાતો હું હતો કેવો ! છતાં તેવું ન માનતો,
કેવો હું ઊલટો રાચ્યો ! ત્યાં આવી હરિએ મને
-ચાંપી શો સરસો છાતી ! અનંત વ્‌હાલ કીધું છે. ૧૩૫-૧૩૬

મોહમાં સાવ ડૂબેલો, મોહમાં દિલ રાચતું,
વ્હાલો લાગ્યો હતો મોહ ખાતો હું ડૂબકાં હતો,
કર્દમે પડી તેમાં ને તેમાં શો ખેલતો હતો !
હરિએ આંખ ખોલાવી નવું દર્શાવી દીધું'તું. ૧૩૭-૧૩૮

સ્વચ્છંદ મોહના કેવા જુદા જુદા પ્રકારના !
તેમાં તેમાં બહુ મ્હાલ્યા કેવું કરાતું દિલમાં !
ત્યાંથી નીકળવાને તો જેનું નહોતું કશું દિલ,
હલમલાવીને તેને દીધો ફગાવી શો દૂર ! ૧૩૯-૧૪૦

મોહ, કામાદિની કેવી ભારે પકડ જબ્બર !
વજ્રલેપ સમી પાછી જીવને ઑર સજ્જડ !
તેથી નીકળવા કાજે તેમાંથી, ભક્તિ મુજને
-કૃપાથી શી પળાવીને ઠેકાણે ધારિયો પદે. ૧૪૧-૧૪૨

ખરી જે મોહમાયા તો, એની શી જાળ ભવ્ય છે !
ભલભલા વિશે એની ભેરવાઈ પડેલ છે,
હરિપાદે પડેલા જ્યાં તેવા તેવા જ સર્વને,
ઠેકાણે પાડીને પૂરા, શો લગાડેલ મોહ છે !
વ્હાલાના પદની જ્યારે આસક્તિ લાગતાં જતાં,
ડંખવા તીવ્ર લાગ્યો છે જેનો સુમાર કોઈ ના,
તૂટવા માંડ્યું છે જોર, જોશ મોહનું તે પળે,
વધતાં, બઢતાં, ભક્તિ ભાગ્યો શો મૂઠી વાળીને ! ૧૪૩-૧૪૬

એમનું એમ તો કોઈ હાલવાનું નથી કશું,
મોહનું તેવું સંપૂર્ણ જાણી લેવું ઘટે ખરું,
ભક્તિના સંગનો રંગ લાગતાં લાગતાં હ્દે,
મોહ ને લોભ, કામાદિ મોળા પડેલ આપ સૌ. ૧૪૭-૧૪૮

શો અટવાઈ સંપૂર્ણ ત્યારે ગયેલ છું હૃદે !
ત્યારે પોકાર પાડીને પાડ્યો મેં સાદ છે તને,
નિત્યનો પક્વ અભ્યાસ લગાતાર થયા જતો,
ઊંડી સભાનતા હૈયે હરિની પ્રગટેલ ત્યાં,
એમ શ્રીહરિની તીવ્ર સભાનતા હૃદે થતાં,
મોખરે સર્વથી એવી જાગૃતિ દિલ જાગતાં,
જે તે જીવદશાકેરું ત્યારે ગૌણત્વ પામતું,
મોહાદિ એની મેળે તો ત્યારે લીન થતું બધું,
પૂર્વગ્રહો ઊંડા ત્યારે મેળે સર્વ ગળી જતા,
હરિની કેમ કે ત્યારે પ્રગટેલી સભાનતા,
એવી સભાનતામાંથી ઊંડો જાગેલ ભાવ છે,
સાતત્ય ભાવનું હૈયે થતાં, જીવદશા ન છે,
ઊંડી સભાનતાનું જ્યાં સાતત્ય પ્રગટેલ છે,
ત્યારે જીવદશાનું ના નામનિશાન હોય છે. ૧૪૯-૧૫૫

અદ્ભુત ભાન પ્રેરાવી ખેંચીને ઊંટડાથી તેં
-કેવો ફગાવી દીધો છે શો ચમત્કાર તુજ તે !
પૂરો શો ખરડાયેલો કાદવે જે હતો નર્યો,
કૃપાવારીથી શો એને તેં કેવો સ્વચ્છ ત્યાં કર્યો ! ૧૫૬-૧૫૭

કર્યા કીધેલ મેં તો સૌ તારી કૃપા વડે બધું,
સળેકડું ઊડી ક્યાંનું ક્યાંયે પહોંચ્યું છે ખરું,
ઉરાડી ગગને એને પ્રકાશવંત તેં કર્યું,
કઢાવ્યો મોહમાંથી તેં, હવે ભજી ભજી સ્તવું. ૧૫૮-૧૫૯

મોહની બોલબાલા જ્યાં પહોંચી ટોચ શિખરે,
ત્યારની તે દશાકેરો શો અનુભવ જીવને !
તેથી ચોંકી ઊઠેલો હું, ત્યારે કૃપાથી અંતરે,
ઓચિંતું જગાયું તે કૃપાની શી પ્રસાદી છે !
કેવં કેવું થયેલું છે જે મથવાનું તે પળે,
શો ઈતિહાસ તેનો તો ગાવાનો ન પ્રસંગ છે !
ઝઝૂમીને ઝઝૂમીને યુદ્ધ રણાંગણે મથી
-ચહી ચહી શું આપ્યું છે ! ઠરવા ભાવમાં તહીં. ૧૬૦-૧૬૩

મોહમાંથી થવા મુક્ત હરિની ભાવકેડીએ,
મથી મથી ચલાવાતો અભ્યાસ જે થયેલ છે,
તેણે જે શૌર્ય બક્ષ્યું છે સાહસાદિ ગુણો બધા,
જીવને શા ખીલેલા છે ! ભાવ માત્ર પ્રમાણ ત્યાં !
ભાવાગ્નિ પ્રગટેલો છે જ્યારે જીવન અંતરે,
ત્યારે શો મૂઠી વાળીને મોહ ભાગી ગયેલ છે !
મરતાં મરતાંયે શો મોહ નવાં નવાં જુદાં
-જુદાં સૂક્ષ્મ સ્વરૂપોથી ફસાવા શું મથેલ ત્યાં !
કિંતુ તે નિત્યના એવા ઊંડા અભ્યાસના બળે,
ઊગી સભાનતા તેથી હરાયું મોહથી ન છે. ૧૬૪-૧૬૮

ભાગવું મોહથી દૂર 'એવું કદી ન ઈચ્છ્યું છે',
મનન ચિંત્વને ઊર્ધ્વ થયા જેવું થયેલ છે,
દઢાવાતાં ભૂમિકા તે જીવંત તે થતી જતાં,
પછીથી મોહના પાસા નાખ્યા, વ્યર્થ ગયેલ ત્યાં. ૧૬૯-૧૭૦

પાસમાં મોહ હોવાથી મોહની શક્તિ પ્રીછી છે,
ખપમાં મોહ શો લાગ્યો દેવાતાં જોડી તે પદે,

ધીરે ધીમેથી અભ્યાસ સમય આપવા વિશે
-ચેતનવંતું ત્યાં લક્ષ કૃપાથી જ્યાં અપાયું છે,
જિજ્ઞાસા અગ્નિ જેવીથી અભ્યાસે અભિરુચિ જે
-એને અભ્યાસમાં પાછી શી લગાડી દીધેલ છે !
અભ્યાસમાં થતાં ભાવ દીર્ઘકાલીન તે થતાં,
વૈરાગ્ય સ્ફુરતાં, મોહ મેળે અદશ્ય થાય છે. ૧૭૧-૧૭૪

મોહનું જીવને કેવું પ્રાબલ્ય ઉગ્ર જબ્બર !
અનુભવાયું કૈં વેળા શી તે પકડ અક્કડ !
હરિકૃપાથી ડંખ્યું છે શું પારાવાર અંતરે !
ડો'ળાવી દિલ દીધું છે એણે હચમચાવીને,
તે મથામણમાંથી તો હેતુ જીવનનો ખરો,
કૃપાથી દિલ ઊગીને તે પંથ છે પળાવિયો,
લાગતાં દિલ અભ્યાસે પુરુષાર્થે વળાયું છે,
જાગતાં ભાવ તેમાંથી જાગૃતિ પ્રગટેલ છે,
સભાનતાથી વિવેક અણીશુદ્ધ થયેલ જે,
અગ્નિજવાળા ભભૂકી છે જેનાથી કરી અંતરે,
જેમ જેમ બઢેલો છે જ્યાં જીવન પરત્વેનો
-હૃદય ભાવ જીવંતો, ટળવા પાસ મોહનો,
ઝપાટાભેર લાગ્યો છે, ભાવનું પરિણામ તે. ૧૭૫-૧૮૦

કૃપાથી જાણ્યું કે કેવી મોહની જાળ હોય છે !
પછીથી છૂટવાકેરો પુરુષાર્થ થયેલ છે,
છતાંયે મોહથી કેવો ફસાઈ તો ગયેલ જે !
મારી જોયાં બહુ ફાંફાં વ્યર્થ તે નીવડેલ છે,
કિંતુ હામ ન છોડી છે રહ્યો વળગી યત્નને,
ખરો વિકાસનો ભાવ દઢાતાં ત્યાં ફવાયું છે. ૧૮૧-૧૮૩

મોહથી મોહમાં માત્ર જીવતાં, જીવતાં, મને
-કૃપાથી ભાન જાગ્યું કે 'જીવન તે ન યોગ્ય છે',
ઉત્તારોત્તાર તે ભાન જેમ જેમ બઢ્યે જતાં,
જીવનહેતુનું લક્ષ્ય સફાળું જાગ્યું છે તદા. ૧૮૪-૧૮૫

ઊર્ધ્વ પરત્વેની દૃષ્ટિ જ્યાં એકાગ્ર થયેલ છે,
ને ત્યાં સાતત્ય જામ્યું છે, મંડ્યો પ્રગટવા હ્રદે
-શો થનગનતો ઊંડો ત્યારે ભાવ ખરેખરો !
ભાવ પ્રત્યક્ષ તેવાનું જે પરિબળ હોય સૌ,
એમાંથી તરવા વારો જન્મેલ મોહથી બધો,
ભાવ જામ્યા વિના છેડો આવે પ્રકૃતિનો ન તો,
શો નિરંતરનો ભાવ ટકે ! તેમ મથાયું છે.
તેવો થયો પુરુષાર્થ શ્રીહરિની કૃપા શી તે ! ૧૮૬-૧૮૯

ઉગ્ર ખરેખરું જેમ મથાતું જ્યાં જવાયું છે,
તેમ તેમ ખરું જોશ જાગ્યું અંતરમાંનું છે,
એવા જોશતણી શક્તિ અપરંપાર હોય છે,
જીવનને નવા પંથે દોરી તે જતું હોય છે,
એવા વલણમાં વાંધાવચકા શા પડ્યા કરે !
થવાવા મુક્ત તેમાંથી પ્રાર્થનાનો ઉપાય છે,
જેમાં તેમાં બધાંનામાં જે તે બધું નિવેદીને,
સમર્પીને હરિપાદે પ્રાર્થના ત્યાં કરેલ છે,
તેવા તે સાધનાભ્યાસે ઘડાવાનું થયેલ જે,
જીવદશાથી મુક્તિ તો થવાવા તેથી લાગી છે,
તેવાને કારણે મોહ લાગ્યો છે ખસવા પછી
-રસે ભાવનું સામ્રાજ્ય ખીલતું થયું આપથી. ૧૯૦-૧૯૫

અનેક જાતના કેવા જુદા જુદા જ મોહ છે !
જોશ પ્રત્યેકનું જુદું જુદું કેવું જ હોય છે !
મોહના જોશનું ઉગ્ર વ્હેણ પ્રચંડ હોય છે,
તેમાંથી તરવાનું તો ન કૈં શક્ય બનેલ છે,
જતાં તે કરવા કેવાં હાડકાંપાંસળાં બધાં,
-ખોખરાં તો થયેલાં છે, તેથી ડંખેલ તીવ્ર ત્યાં,
મોહમાંથી ફૂટેલો જે આનંદ ભોગવ્યા જતાં,
તે આનંદે શું પસ્તાવો પ્રગટાવેલ દિલમાં!
જીવનહેતુ તેમાંથી કેવો ઊંડો ઊંડો ઊંડે
-પ્રગટી ભાવ જન્માવ્યો તેથી તો જ ફવાયું છે. ૧૯૬-૨૦૦

સ્મરણ, પ્રાર્થના, ભક્તિ, નિવેદન, સમર્પણ,
એવાં જુદાં જુદાં લીધાં हरिकृपाથી સાધન,
અભય, નમ્રતા, મૌન, એકાંત પાળિયાં નર્યાં,
પરિપૂર્ણ થતાં તે સૌ મોહ ટળી ગયો તદા. ૨૦૧-૨૦૨

યોગ કે જ્ઞાન કે ભક્તિ વિશે જ્યારે ડુલાય છે,
મોહ શો એની મેળે ત્યાં ખરી જતો જણાય છે !
બાકી તો ટાળવા મોહ, મોહની ભૂમિકા વિશે
-જીવતાં, કોઈ રીતે ના પૂરેપૂરો ટળી શકે. ૨૦૩-૨૦૪

❑

॥ હરિઃૐ ॥

# ખંડ ૮ મો : 'મોહગાથા'નું પ્રાગટ્ય

## અધ્યાય ૧ : 'મોહગાથા'નું નિમિત્ત

(અનુષ્ટુપ)

શબ્દબદ્ધ કર્યો મોહ મારી ના હોશિયારી છે,
નિમિત્તે જ્ઞાન પ્રેરાવ્યું બલિહારી 'નિમિત્ત' છે. ૧

મોહથી છૂટવા જેનું મન સળવળેલ છે,
જરાક જેટલું જેમ કણ છે ઢગ આગળે,
સમજી શકવા પૂરો મોહને શો બધી રીતે !
મને બનાવીને યોગ્ય નિમિત્ત, આ લખાવ્યું છે. ૨-૩

મોહને વર્ણવેલો છે યથામતિ કંઈક જે,
દોષ હોવાતણો પૂરો તેમાં સંભવ હોય છે,
કનિષ્ઠ જે પૂરેપૂરો જીવપ્રકૃતિની રીતે,
છતાં પાછો હરિનામાં સંનિષ્ઠ જે બધી રીતે,
એવાને મળ્યું છે કેવું નિમિત્ત લખવાતણું !
એણે પાર ઉતાર્યું છે, પરિણામ કૃપાતણું. ૪-૬

જેમણે આ લખાવ્યું છે આભાર તેમનો ઊંડો
-હૈયાના ભાવથી માનું લળી પ્રણામીને સ્તવું,
થોડોક મોહ તો પોતે છોડવાનું કરેલ છે,
પ્રાર્થનાઃ 'તેમનો મોહ વધારે છૂટજો હવે'. ૭-૮

ખરેખરો પૂરો મોહ ભલે જિતાય છે ન તે,
છતાં તેનાથી તો મુક્ત થવા જ્યાં ભાન જાગશે,
ત્યારથી તે દશાકેરું, જેને કૃપાથી જ્ઞાન છે,
તેવી અદાથી તો ‘મોહ’ નિમિત્તે જે લખેલ છે. ૯-૧૦

પ્રાપ્ત જે કૈં થયેલું છે તિરસ્કાર્યું નથી કદી,
આવકાર કરેલો છે સ્વીકારીને ચહી ચહી,
એટલા માટ સ્વીકારી કે ઉન્નયન તો થવા,
તેવા તે જ્ઞાનહેતુથી જે તે ધારેલ છે ત્યહાં. ૧૧-૧૨

❑

## અધ્યાય ૨ : કૃતિવિષયક

(અનુષ્ટુપ)

ટૂંકામાં મોહની ગાથા કૃપાથી વર્ણવેલ છે,
ઓછુંવત્તું ન એમાં મેં કશું ક્યાંય કરેલ છે,
જેમ જે આવડ્યું તેવું દીધે રાખેલ છે બધું,
ઊંધું ત્યાં લાગતાં કૈંક દેજો ક્ષમા તમે, સ્તવું. ૧૩-૧૪

મોહની આહનાં જાળાં છે ફેલાયેલ જીવને,
તોય તો મોહ એવો ને એવો રહ્યા કર્યો જ છે,
આશાનાં મોહનાં સ્વપ્નાં આકાશે ઑર શાં ચગે !
ગાથા મોહની શી ગાવા ગયું છટકી મારું છે ! ૧૫-૧૬

મોહના અવગુણો શા છે બહુવિધ વર્ણવ્યા !
તેમ છતાં ગુણો એના પરે દીધું મહત્ત્વ ના,
ગુણો, અવગુણો બંને પ્રત્યેકમાં શું હોય છે !
છૂટી મોહ શકે માટે તે વર્ણવેલ તેમ છે. ૧૭-૧૮

સૌ સૌના યોગ્ય તે સ્થાને સૌ સૌ યથાર્થ આપ છે,
તેવા સિદ્ધાંતનું મૂળ જીવને આચરેલ છે,
મનન ચિંત્વને ઊંડાં હરિ ધાર્યા કરેલ છે,
તેથી તો ભક્તિ શી સાધ્ય કૃપાથી જે થયેલ છે ! ૧૯-૨૦

અતિશયોક્તિ કૈં એવી મોહ વિશે કરી ન છે,
જે વાસ્તવિક છે જેમ તેવી તે વર્ણવેલ છે,
ઝોક ગુણો પરે ઝાઝો મેં તો ના કૈં દીધેલ છે,
છતાં કશા ગુણો એવા ભારે કૈં મોહના ન છે. ૨૧-૨૨

લખતાં, લખતાં ગાથા મોહની, કેટલાય તે
-જીવનના પ્રસંગો કૈં આવેલા ખ્યાલમાં શું તે !
કિંતુ તે વર્ણવેલા ના, એનું સ્થાન ન તે વિશે,
કિંતુ મોહ થકી મુક્ત, થવું મુશ્કેલ ખૂબ છે. ૨૩-૨૪

કાવ્યનાં છાંટણાંયે તે આમાં કૈં ના જણાય છે,
તો શી સૌંદર્યની વાત કરવાની પછી ન છે !
સાવ ગામડિયો પૂરો જેના વેતા કશા ન છે,
આ છે સર્જન એવાનું ભાવથી વાંચજો તમે. ૨૫-૨૬

ગાથા મોહની તે ગાતાં ગાતાં તે કેટલુંય જે
-ઓચિંતું ફૂટી ઊગ્યું છે, વિચાર્યા ના કરેલ છે,
લખાતું ગયું તે જેમ લખ્યા તેમ કરેલ છે,
કલમ માત્ર હું તો છું મારું કશું ન મૂલ્ય છે. ૨૭-૨૮

વાના જોરથી ઊડે છે પતંગ ગગને શું તે !
તેવું લખાયું મારાથી, મોટી ધાડ ન મારી છે !

મારાં જોડકણાં આ તો એને કાવ્ય ગણું ન હું,
આવડ્યું તેવું બાફ્યું છે સારું, ખોટું ન જાણું હું. ૨૯-૩૦

મારી આ જાતને પૂરી રાખી પાછળ ધારીને,
કૈં જે તે વર્ણવેલું છે, પૂરી કાળજી રાખીને,
કોઈકને મૂકેલો છે, જોકે પોતે હતો જ તે,
છતાં એની કૃપાથી આ ચાલ્યો હાલ્યો હતો પથે,
કિંતુ મહત્ત્વ દીધું છે માંહ્યલાને પૂરેપૂરું,
શૂન્યમાં જાતને ધારી એનું જે તે જ ગાયું શું ! ૩૧-૩૩

મારે તો શી શી લાચારી અનેક જાતની જ છે !
જાણવા તે છતાં મારે બોલવાનું ન હોય છે,
વ્યક્ત હોવા છતાં પાછું ર્‌હેવાનું તો અવ્યક્ત છે,
એમાં ડા'પણ માનીને વંદના કરું સર્વને. ૩૪-૩૫

વિશેષણો લગાડ્યાં છે મોહને કેટકેટલાં !
તપાસ્યો છે બધી બાજુ થકી શો મોહને ભલા !
તપાસ્યો છે બધી બાજુ થકી શો મોહને ભલા,
તોય હજી ઘણું બાકી મોહનું તો રહેલ છે,
સમગ્રતાથી કોઈને જાણવું તો અશક્ય છે. ૩૬-૩૭

માનસશાસ્ત્ર સંપૂર્ણ ગુંજાશ લખવા ન છે,
લખાવું મોહનું તેવું મારાથી શક્ય કૈં ન છે,
માનસશાસ્ત્રનો કક્કો કશો ભણેલ હું ન છું,
એવાના યત્નમાં ક્યાંથી આવે કૈં ભલીવાર શું ! ૩૮-૩૯

સાવ શા અડસટ્ટે મેં આશરે માત્ર કૈં લખ્યું,
નાને મોઢે કશી વાત અઠીક કરી હોય જો,

બાફી માર્યું ઊંધું હોય અવળચંડી રીતથી,
નાદાનતમ જાણીને માફ સૌ કરજો ચહી. ૪૦-૪૧

મોહની મુગ્ધ જંજાળ શો કેટકેટલો બધો
-ક્લેશ અંતરમાં કેવો ઉપજાવ્યા કરે નર્યો !
એનો સંતોષ તો ત્રાસ અંતરે ઉપજાવતો,
ઠરીઠામ કશે નિશ્ચે થવા દે છે ન ક્યાંય તો.
છતાં જીવનમાં મોહ જણાવા દે ન જાત શો !
મોહથી આવતાં ઊર્ધ્વે આકાશે પ્હોંચતાં ઊંચે,
સ્વરૂપ મોહનું ત્યારે સંપૂર્ણ તે જણાયું છે,
તેથી તે 'મોહ'ને કેવું લખવાનું થયેલ છે !
બાકી બોથડને ક્યાંથી આવું તે જ્ઞાન હોય કૈં. ૪૨-૪૫

પૂરેપૂરો જ સંપૂર્ણ મોહ ના વર્ણવેલ છે,
થોડાંક લક્ષણો માત્ર જણાવાયાં કૃપાથી છે,
તે હિમાલયથી મોટો, લાંબો સમુદ્રથીય છે,
પહોંચી વળવું તેને હું જેવાનું ન કામ તે,
છતાં હિંમત ભીડીને કલમ પકડી કરે,
કૃપાથી ભરડી માર્યું જે આવડ્યું છે મને,
અન્યાય જો થયેલો હો મોહ આલેખવા જતાં,
મોહની માફી માગીને પડું હું મોહપાદમાં. ૪૬-૪૯

અડબોથ ભલેને હું હોઉં બધી રીતે છતાં,
હિંમત ના મળે હુંમાં ભારે બડાશ મારવા,
છતાં વ્હાલાતણા જોશે સૌ સમક્ષ ખડો હું છું,
ગામડિયાની લાચારી હોવાથી કૈં ન બોલું હું. ૫૦-૫૧

કાંતવું ઝીણું ઝીણું કૈં સૂક્ષ્મ તે આવી રીતનું,
કેટલું તે ઊભર્યું છે જાતભાતનું તે બધું,
આવવું યાદ તે તે સૌ મારી ગુંજાશ તો નથી,
એ તો एणे સ્મરાવીને ભેજામાં મૂક્યું છે ચહી. ૫૨-૫૩

જે તે જાણવું, સંપૂર્ણ તેમાં મારું ગજું ન છે,
સરસ્વતી કૃપાથી आ સર્જન તો થયેલ છે,
જે તે પ્રતાપ एनो છે एनो પ્રભાવ દિલ છે,
જેથી आ जीव ધૂણીને જે તે ફેંકાવ્યું બ્હાર છે. ૫૪-૫૫

ભણેલો એકડો નો'તો હતો ઠોઠ પૂરેપૂરો,
બે અક્ષર મને કેમે ભણતાં આવડ્યા ન છે,
ઠોઠનો ઠોઠ હું કેવો મૂઢ નિશાળિયો હતો !
કેટલો શ્રમ तें લૈને એને કેવો ભણાવિયો ! ૫૬-૫૭

ઠોઠને શો ભણાવીને કર્યો વિદ્વાન અંતરે,
લાખાવ્યાં શાસ્ત્ર તે પાસે ગજબનો બનાવ તે,
માની કોઈ શકે ના તે, છતાં માની શકાય જે,
દર્શન એવું પ્રત્યક્ષ વિદ્વત્તાનું કરાવ્યું છે. ૫૮-૫૯

લખાવી જેમણે મારી પાસે आ મોહની કથા,
આવડી તેવી ગાઈ છે બાકી રાખી ન છે મણા,
તોયે કૈં દોષ તો તેમાં રહી ગયા હશે ખરા,
દોષ સામું ન જોઈને રૂડું સંઘરજો સદા. ૬૦-૬૧

મોહની કથની લાંબી મેં તો ટૂંકી લખેલ છે,
દોષ શા મોહના મારે વર્ણવવા પડેલ છે,
મોહનીયે હું તો માગી લઉં છું દિલથી ક્ષમા,

હાજર ના ભલે પોતે, સજ્જનનો વિવેક ત્યાં. ૬૨-૬૩

ક્રમાંક ભાવની રીતે સન્મિત્રો ગોઠવેલ છે,
આભાર તેમનો ઊંડો ભાવથી માનું છું હૃદે,
પ્રકાશન થવા સારુ જેણે સ્‌હાય કરેલ છે,
તેમનોય હું આભાર માની લઉં છું અંતરે. ૬૪-૬૫

સજ્જનોએ મળી ભેગા ભાવે આ સાંભળેલ છે,
આભાર પ્રેમથી સૌનો માની વિરમું હું હવે,
મોહને લખવા કાજે જેણે સરળતા દીધી,
ને તેય સર્વનો માનું આભાર મુજ દિલથી. ૬૬-૬૭

મોહને સર્વ પાસાંથી ન્યાળી તોળી બધી રીતે
-મોહને છે તપાસેલો ને પ્રત્યક્ષ અનુભવ્યો,
જેવો તે જેમ લાગ્યો છે તેમનો તેમ મોહને
-કૃપાથી વર્ણવેલો છે, થવા તે યોગ્ય દર્શને,
તેથી અભિરુચિ ભંગ કોઈનો થાય જો કદી,
તો ક્ષમા લઉં માગી હું, દોષને તે જજો ભૂલી. ૬૮-૭૦

મોહમાં હું ભળેલો છું ગળેલો મોહમાં હું શો !
તાદાત્મ્યભાવથી કેવો મોહ અનુભવેલ છે !
મોહથી શો રહી છૂટો પાસાં તો મોહનાં બધાં
-તેવાં તેવાં નિમિત્તે સૌ આવ્યાં પ્રત્યક્ષ જાણમાં,
જે જે હો જાણવું પૂર્ણ, તે અનુભવવા હૃદે,
તેનાથી ઉચ્ચમાં થૈને, છે નિહાળાય યોગ્ય તે,
એવી રીતે તથા એવા શ્રીહરિભાવમાં થઈ
-સાક્ષીથી નિમિત્તે સૌ જે તે અનુભવ્યું સહી.

નોખું જે તેથી સંપૂર્ણ થવાતાં, સ્પષ્ટ તેતણું
-યોગ્ય દર્શન તો ચોખ્ખું જણાય છે પૂરેપૂરું,
તે રીતે મોહને નાણી અનુભવી લઈ ઊંડું
-થવા દર્શન તે સ્પષ્ટ મેં મોહ પર તો લખ્યું,
છતાં સંપૂર્ણ તે ના છે, તેની સમગ્રતાથી તે
-આલેખાયું નથી યોગ્ય, તેની જાગૃતિ દિલ છે. ૭૧-૭૭

❑

॥ હરિઃૐ ॥

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું  રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ

થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

॥ હરિઃૐ ॥



(અનુષ્ટુપ)

ઘર, લક્ષ્મી, ઘરેણાં સૌ બાળ, બચ્ચાં બધાંયને
-સંસારાદિ વગેરેને છોડી જવાનું આપણે,
ખાલી હાથે જ આવેલા જવાનું ખાલી હાથ છે,
મનથી છોડી દેવાનું છતાં ના દિલ થાય છે,
એની મેળે જવાનું ના છોડાવાનું ન દિલથી,
મોહની તે દશામાંથી છૂટવા દિલ થાય જો,
વીંછીના ડંખની પેઠે ડંખે જ્યાં તીવ્ર ઉગ્ર જો,
ને એવી વેદના એના પરત્વેની હૃદે ઊંડી
-ચાલુ રહ્યા કરે ભારે, ડંખ્યા તે કરતી વળી
-તો ત્યારે જ ચસાવાનું મોહથી થાય જીવને,
તે વિના મોહથી આરો આવવાનો કદી ન છે.

- શ્રીમોટા

*'મોહ', ત્રીજી આ., પૃ. ૯૬,૯૭*